लघुशिल्प ज्योतिःसार.

मूल्य रु. १॥

लघुशिल्प ज्योतिःसार.

યોજનાર

વિશ્વકર્મવંશીય.

શિવલાલ ઉગ્રચંદ સુતાર

शिल्पी वीर विनंति छे मम सदाप्रीते करीने तमे ।
वस्मुं सर्व गणित छे तदपि आ प्रख्यात कीधुं अमे ॥
लाक्षादि गृह सर्वनुं विधिथकी विस्तार्युं जे ग्रन्थमां ।
लक्ष्येथी लइ तेहने गृह करो अे म्हारी छे प्रार्थना ॥

વડોદરા

પૂર્ણચંદ્રોદય છાપખાનામાં

તથા

અમદાવાદ યુનાઇટેડ પ્રિન્ટીંગ પ્રેસમાં છાપ્યું

સને ૧૮૯૫; સંવત્ ૧૯૫૧.

મૂલ્ય રૂ. ૧॥

વિશ્વકર્મવંશીય શિરચ્છત્ર

રા. રા. કલ્યાણદાસ ભાણાભાઈ ગજ્જર,

મુ. સુરત.

માન્યવર્ય મહાશય,

શિલ્પશાસ્ત્ર અને તેના ઉદ્ધારપર આપની અત્યંત અભિરૂચીથી આકર્ષાઈ આ લઘુ પુસ્તક આપને અર્પણ કરૂં છું તે સ્વીકારશો.

श्रीमत्सूर्यपुरेऽतिनिश्चलमति र्धीमा नर्मदा शंकरे ।
भक्ति र्यस्य दृढा स्वशास्त्र विषये दक्ष श्च कार्ये शुभे ।
विद्वद्वृन्द विमोदनेऽतिपटव: पुत्रा श्च यस्य क्षितौ ।
ख्यात: शिल्पिगणाग्रणी र्गर्जरगो कल्याणदासाभिध: ॥ १ ॥

साधु: सर्वकलासु सन्मतिधरो विद्याविनोदी महान् ।
विप्राणां परितोषणे विमलधी र्निर्मत्सर: श्रूयते ॥
शिल्पाब्धे र्लघुशिल्पहारिकभवं सारं विरच्यादरात् ।
तस्मै ग्रन्थसमर्पणं प्रकुरुतेऽसौ सूत्रधार: शिव: ॥ २ ॥

અણહિલ્લપુર (પાટણ) સંવત ૧૯૫૧ ભાદરવા સુદી ૧૪ મંગળવાર–સને ૧૮૯૫.

લિ૦ આપનો ગુણાસક્ત
વિશ્વકર્મવંશીય
શિવલાલ ઉમચંદ સુતાર.

અનુક્રમણિકા.

शुद्धिपत्रम्.

पृष्ट	पङ्क्ति	अशुद्धम	शुद्धम्
૧	૧૧	પાડતાના	પંડિતોના
૨	૬	અધિપતિવર્ગ,	અધિપતિ
,,	,,	અધિપતિગ્રહ,	અધિપતિવર્ગ
૪	૨૮	ગૃહે	ગૃહો
,,	૨૯	શકટા	શકટ
૧૪	૨૧	કલિકા	કંભિકા
૧૬	૭	આદિલેઇને	અ. ને આદિલઇને
૨૨	૭	આશ્વર્નાં	અશ્વિનીં
૨૩	૮	દેવગણ	દેવગણના
૩૪	૬	મીનરાશિ જાણવાં	મીનરાશિ જાણવા પણ
,,	,,	,, ,,	નક્ષત્ર ચરણ ઉપરથી હો-
,,	,,	,, ,,	ય તો મેષરાશિ જાણવી.
૩૪	૧૬	द्र्पेशत भिष	द्र्येशतभिष
૩૬	૨૬	સ્વાત	સ્વાતી
,,	,,	અભિચિત	અભિજિત
૩૭	૨૦	धिनायक:	धिनायका:
૩૮	૧૫	અ	અને
૩૯	૨૯	ટ્રેકા	૬ ટ્રેકો
૪૬	૯	रण:	रेण:
૪૭	૧૦	સ્વાતિ	સ્વાતી
૪૮	૧૪	मेत्र	मत्रे

पृष्ठ	पाङ्क्ति	अशुद्धम्	शुद्धम्
૪૯	૩૧	રે'તો	રે'તુ
૫૦	૨૧	અંક્ષે	અક્ષે
૫૧	૨૫	નેઋત્ય	નૈઋત્ય
૫૨	૧૫	જ્યેષ્ટ	જ્યેષ્ઠા
૫૪	૨૪	આવશ્યક તા	આવશ્યકતા
,,	૩૧	ઘુત	ઘૂત
૫૫	૯	નૈઋત્ય	નૈઋત્ય
૫૬	૬	,,	,,
૬૦	૧૧	પૂર્ણુ	પૂર્ણા
૬૧	,,	૪,૮,૯,૧૪	૪,૯,૧૪,
,,	૨૩	ચંદ્રન	ચંદ્રના
૬૨	૨૩	આશ્વની	અશ્વિની
,,	૩૪	વૈશાળ	વેવૈશાળ
૩૬	૧૯	ઘાતયોગ	વ્યાઘાતયોગ
,,	૩૧	વંઝા	વંધ્યા
कोष्टक.			
१३	१२	२१	२७
,,	३७	१८	९
प्रस्तावना			
૬	૧૨	વસિષ્ઠા	વસિષ્ઠ

પ્રસ્તાવના.

શિલ્પશાસ્ત્રના કેટલા ગ્રંથો આપણા દેશમાં થયા છે તેની પૂરેપૂરી માહિતી મળતી નથી. એ માહિતી મેળવવા સારૂ કલાભવનના પ્રિન્સિપાલ તથા શ્રી સયાજી જ્ઞાન મંજૂષાના એડિટર મેહેરબાન રા. સા. ત્રિભુવનદાસ કલ્યાણદાસ ગજ્જર સાહેબના આશ્રય નીચે મેં પ્રયાસ ચાલૂ કર્યો અને હાલ એ શાસ્ત્રના સો ઉપરાંત ગ્રંથોનું લિષ્ટ તૈયાર કર્યું છે. એ ગ્રંથો શિલ્પશાસ્ત્રના વિવિધ વિષયો ઉપર લખેલા છે, જેવા કે સૌત્રધાર્ય, પ્રતિમાવિધાન, ચિત્ર, ધાતુરત્નાદિક કામ, ખગોળગત શિલ્પ, વિમાનકામ, યંત્ર, પક્ષી, મનુષ્ય, દેવમૂર્તિઓ, તેમજ ધાતુ રત્નાદિકના અલંકારો. શિલ્પશાસ્ત્ર એ અથર્વવેદનો સ્થાપત્ય નામનો ઉપવેદ છે; ભૃગુ, અત્રી, વશિષ્ઠ, વિશ્વકર્મા, મય, નારદ, નગ્નજિત, વિશાલાક્ષ, ઇંદ્ર, બ્રહ્મદેવ, કાર્તિકસ્વામી, નંદી, શૌનક, ગર્ગ, શ્રીકૃષ્ણ, અનિરૂદ્ધ, શુક્રાચાર્ય અને બૃહસ્પતિ, એટલા મહર્ષિઓ એ ઉપવેદના આચાર્ય અથવા ઉપદેશક છે. વિશ્વકર્માના પાંચ પુત્રો (મનુ, મય, ત્વષ્ટા, શિલ્પી, અને વિશ્વજ્ઞ) એ પાંચ કામ કર્યાં છે; તિથી મનુએ, વાર મયે, નક્ષત્ર ત્વષ્ટાએ, યોગ શિલ્પીએ, તથા કરણ વિશ્વજ્ઞએ; આ પાંચ જણે કરેલાં કામને પંચાંગ કહે છે.

શિલ્પશાસ્ત્રનું મહત્વ કેટલું છે તે આ ઉપરથી જાણવામાં આવ્યું; પરંતુ તેનો ઉપયોગ લોકો ભાગ્યેજ કરે છે, અને તેથી શિલ્પીઓએ પણ તેનો અભ્યાસ ઘણા વખતથી મૂકી દીધો છે. દિલગીરીની વાત છે કે જોકે આપણને આવાં સરસ સાધનો અને તેની સાફલ્યતા આપણા વડવાઓએ આપ્યાં છે તે છતાં તેને આપણે વિસારી દઇએ છીએ. આમ થવાનું કારણ આપણા દેશપર મુસલમાનોનું રાજ થયેલું તે છે.

શિલ્પશાસ્ત્ર ઉપર બિલકુલ લક્ષ નહીં આપવાથી ઘણાં દુઃખો ઉત્પન્ન થાય છે. કેટલીએક વખત એવાં દુઃખો આવે છે ત્યારે શાસ્ત્ર વિષે કંઇ જાણુતા ન હોવાથી માત્ર ઈશ્વરનો કોપ થયો છે એમ માને છે પણ ગૃહમાં શી શી વિધિઓ કરવાની ભૂલથી એ પીડાઓ આવે છે તેની બિલકુલ ખબર નથી. માટે સર્વે ગૃહસ્થો પ્રતિ એટલી વિનંતી છે કે હમેશ ઘરમાં રહેવું વગેરે સારૂં છે કે નરસું તેની તજવીજ કરવી.

આ પુસ્તકનું નામ લઘુશિલ્પ જ્યોતિઃસાર રાખ્યું છે. અને તેમાં શિલ્પમાં ખપ લાગે એવા ઉપયોગી જ્યોતિષના વિષયનો સમાવેશ કર્યો છે. વિદ્યાર્થી અવસ્થામાં ઘણા કારિગરો પાસે મેં સાંભળેલું કે, શિલ્પકામ શાસ્ત્રોક્ત રીતે કરી શકાય છે પણ તે કોઈ શીખે વાંચે છે કે નહીં તે તે લોકોને જ્ઞાન ન હતું. એ ગ્રંથો જોવા ઘણી ઉત્કંઠા થયેલી પણ અનુકુળ સાધનો ન હોવાને લીધે તેમ બની શક્યું નહીં. કલાભવનના પ્રિન્સિપાલ મહેરબાન રા. સા. ત્રિભુવનદાસ કલ્યાણદાસ ગજ્જર એમના તાબામાં નોકરી મળવાથી એમની હુન્નર કામની અખંડ ઉત્કંઠાએ મારી ધારણાને વિશેષ ઉત્તેજન આપ્યું અને આ ગ્રંથ એમની પ્રેરણાનુંજ ફળ છે. સંસ્કૃત ભાષાનું જ્ઞાન શિલ્પી વગેરેને સાધારણ રીતે હોતું નથી અને તેથી તે ગ્રંથોનો મૂળભાષામાં ઉદ્ધાર ન કરતાં ગુર્જર ભાષાદ્વારા તેમ કરવા પ્રયાસ કર્યો છે અને આશા છે કે, તેમાં અતિશય સર્વ પ્રકારની ખામી છતાં બિલકુલ આપણી ભાષામાં એ સંબંધી ગ્રંથો ન હોવાથી આ ગ્રંથ પ્રથમ સાધન ગણાશે અને એ ઉપરથી ગ્રંથો કરવાની અને તેનો અમલ કરવાની ઉત્કંઠા જનમંડળમાં ઉત્પન્ન થશે. કોઇપણ સંસ્કૃત ગ્રંથનું આ ભાષાંતર છે એમ નથી પરંતુ ઘણા ગ્રંથોમાંથી સૂચનાઓ લઈ તેમાંનું ગણિત કામ સ્હેલું કરી એમાં સમાવ્યું છે.

આ સ્થળે મારે જણાવવું જોઈએ કે, રાજવલ્લભ નામનો ગ્રંથ આપણી ભાષામાં થયેલો છે અને તેમાં ઘણીક અગત્યની બાબતો સમાવેલી છે જેમાંની કેટલીકનો મેં આ ગ્રંથમાં આધાર રાખ્યો છે. સચ્છિલ્પતન્ત્ર, વાસ્તુસાર, વાસ્તુમંડન, આયતત્ત્વ, વિશ્વકર્માપ્રકાશ, પ્રાસાદમંડન, આકાશપત્થ્ય અને મુહૂર્તચિંતામણિ આદિ ગ્રંથો-માંથી ઘણીક બાબતો આ ગ્રંથમાં લીધી છે.

મારા જેવા માણસનો ગ્રંથ ભૂલ વિનાનો હોય એમ ધારવું અશકય છે. ભાષાનો મેં ઘણો અભ્યાસ કર્યો નથી તેથી ગ્રંથ-માં કોઈ એવી પણ બાબતો આવી હશે કે મેં તે સમજાવવાનો પૂર્ણ યત્ન કરેલો છતાં અસ્પષ્ટ હોય. એવી ખામીઓ વિદ્વાન લોકો બતાવશે તો બીજી આવૃત્તિનો પ્રસંગ આવે આભાર સહિત સુધા-રીશ. દૂધ ગ્રહણ કરી પાણી કાઢી નાંખવાની હંસની રીતિ પ્રમાણે વિદ્વાન વર્ગ સાર ગ્રહણ કરી અસાર છોડી દેશે એવી આશા છે. મારો નોકરીના કામમાં ઘણો વખત જતો હોવાથી આ પુસ્તકને તૈયાર થતાં ઘણો વિલંબ થયો છે, પણ આખરે એ તેમની આગળ રજુ કરૂં છું એટલેજ પૂર્ણ સંતોષ થાય છે. આ ગ્રંથને ઉત્તેજન મળે એવાજ બીજા ગ્રંથો તૈયાર કરવાની મારી ઇચ્છા છે અને તે વિશ્વંભર પૂરી પાડશે એમ આશા છે. મારા મિત્ર અને જ્ઞાન મંજૂષાના શાસ્ત્રી રા. યદુનાથ છોટાલાલ પાઠક એમણે શિલ્પ સંબંધી ગ્રંથો જોવામાં મને કરેલી અમૂલ્ય સહાય માટે આ સ્થળે ઉપકાર માનવાની તક લઉં છું. અને અશુદ્ધ ભાષા તથા પ્રૂફો જોવામાં રા. રા. જગન્નાથ મંછારામ પાઠકે કરેલી મદદને માટે તેમનો પણ આ સ્થળે ઉપકાર માનું છું.

અણહિલ્લપુર (પાટણ)ધીવટો
તા.૨૮ મી સપ્ટેંબર ૧૮૯૫,
સંવત ૧૯૫૧.

વિશ્વકર્મવંશીય.
શિવલાલ ઉગ્રચંદ સુતાર.

६४६३

श्रीगणेशाय नमः ।

श्रीसरस्वत्यै नमः । श्रीविश्वकर्मणे नमः

अथ

लघुशिल्प ज्योतिःसार.

नत्वा विघ्नपशारदाच्युतशिवश्रीसूत्रधारानहं
सच्छिल्पागमवेदिवृन्दसुखदं सत्कारुसंजीवनम् ।
शास्त्रांभोनिधिमुद्धरामि शतशो निर्मथ्य सारं ब्रुवे
धूलिकर्मविधिं विनापि सुगमं श्रीशिल्पसारं लघुम् ॥ १ ॥

હું ગણપતિ, સરસ્વતી, વિષ્ણુ, શંકર, અને વિશ્વકર્માને નમસ્કાર કરીને શ્રેષ્ટ શિલ્પશાસ્ત્રોના જાણનાર પંડિતોના સમૂહને સુખનો આપનાર અને શિલ્પીઓનો સંજીવન રૂપ એવા સેંકડો શિલ્પશાસ્ત્રોના ગ્રન્થોરૂપી સમુદ્રનું મંથન કરીને સારનો ઉદ્ધાર કરૂં છું અને ગણિત વગર (જેની અંદર ગણિત કરવું પડે નહીં એવો) સ્હેલો અને ન્હાનો શિલ્પસાર નામનો ગ્રંથ લખું છું.

विश्वकर्मास्वरूपम्.

विश्वकर्माचतुर्बाहुरक्षमालां च पुस्तकम् ।
कंबां कमंडलुं धत्ते त्रिनेत्रो हंसवाहनः ॥ २ ॥

વિશ્વકર્માને ચાર હાથ છે; એક હાથમાં સ્ફટિકની માળા, બીજા હાથમાં પુસ્તક, ત્રીજા હાથમાં ગજ, અને ચોથા હાથમાં કમંડળ ધારણ કરેલાં છે; ત્રણ નેત્ર છે; અને હંસનું વાહન છે.

आयो राशिश्च नक्षत्रं व्ययस्तारांशकास्तथा ।
ग्रहमैत्री राशिमैत्री नाडीवेधगणेन्दवः ॥ ३ ॥
आधिपत्यं वारलग्ने तिथ्युत्पत्तिस्तथैव च ।

आधिपत्यं वर्गवैरं तथैव योनिवैरकम् ॥ ४ ॥
ऋक्षवैरं स्थितिर्नाशो लक्षणान्येकविंशतिः ।
कथितानि मुनिश्रेष्टैः शिल्पविद्भिर्गृहादिषु ॥ ५ ॥

આય, રાશિ, નક્ષત્ર, વ્યય, તારા, અંશક, ગ્રહમૈત્રી, રાશિમૈત્રી, નાડીવેધ, ગણ, ચંદ્ર, અધિપતિવર્ગ, વાર, લગ્ન, તિથિ તેમજ ઉત્પત્તિ, અધિપતિગ્રહ, યોનિવૈર, નક્ષત્રવૈર, સ્થિતિ (આયુષ્ય), અને નાશ; એ પ્રમાણે એકવિંશ લક્ષણો ગૃહાદિકમાં શિલ્પના જાણનારા મુનિઓએ કહ્યાં છે.

ગૃહાદિકને વિષે નીચે બતાવેલાં લક્ષણો અવશ્ય કરીને મેળવવાં:—

त्रिभिश्चैव भवेच्छ्रेष्ठं पंचभिश्चोत्तमोत्तमम् ।
सप्तभिः सर्वकल्याणं नवभिः सर्वसंपदः ॥ ६ ॥

*ત્રણ અંગ મળે તો શ્રેષ્ટ ફળ થાય, §પાંચ મળે તો ઉત્તમોત્તમ, ‖ સાત મળે તો સઘળું કલ્યાણ, ‡ અને નવ મળે તો સઘળી સંપત્તિઓનું ફળ થાય.

अथ गजप्रकरणम्.

मात्रा प्रोक्ताष्टभिर्ज्येष्टा निस्तुषैश्च यवोदरैः ।
मात्राभिस्तिसृभिः पर्व प्रोक्तः पर्वाष्टभिः करः ॥७॥

છોડાં વગરના આઠ આડા જવની એક ઉત્તમ માત્રા કહી છે, ત્રણ માત્રાનું એક પર્વ કહ્યું છે અને આઠ પર્વનો એક હાથ એટલે એક ગજ કહ્યો છે. એજ પ્રમાણે સાત આડા જવની મધ્ય માત્રા અને છ આડા જવની કનિષ્ટ માત્રા જાણવી; તથા મધ્ય માત્રાથી કરેલો મધ્યમ ગજ અને કનિષ્ટ માત્રાથી કરેલો કનિષ્ટ ગજ સમજવો.

---

* આય, નક્ષત્ર અને વ્યય.

§ આય, નક્ષત્ર, વ્યય, તારા અને અંશક.

‖ આય, નક્ષત્ર, વ્યય, તારા, અંશક, ચંદ્ર અને રાશિ.

‡ આય, નક્ષત્ર, વ્યય, તારા, અંશક, ચંદ્ર, રાશિ, અધિપતિવર્ગ અને નાડીવેધ.

શિલ્પ શાસ્ત્રમાં પ્રથમ ગજનું કામ પડે છે તેથી ગજની ઉત્પત્તિ અને તેના અંગુલોનાં નામ ઇત્યાદિ જાણવું આવશ્યક છે અને તે માટે પ્રથમ ગજની ઉત્પત્તિ બતાવવામાં આવે છે:—

૧. છાયા, ૨. અણુ, ૩. રેણુ, ૪. કેશાગ્ર, ૫. લિક્ષા, ૬. યૂકા, ૭. યવ, ૮. અંગુલ.

છાયાદિકના અનુક્રમે આઠ આઠગણા કરવાથી ગજની લંબાઈનો ભાગ થાય છે; જેમકે, છાયાને આઠે ગુણીએ તો એક અણુ થાય છે; એવા આઠ અણુનો એક રેણુ; આઠ રેણુનું એક કેશાગ્ર; અને એ પ્રમાણે અંગુલ સુધી ઉપર પ્રમાણે ગણિત કરવાથી ગજની લંબાઈ થઇ શકે છે.

अंगुलनामाभिधानम् (ज्ञानरत्नकोषे).

૧	અંગુલનું	નામ	માત્રા.	૧૨	અંગુલનું	નામ	વિતસ્તિ (બ્હેંત).
૨	,,	,,	કલા.	૧૪	,,	,,	અનાહુપદ.
૩	,,	,,	પર્વ.	૨૧	,,	,,	રત્નિ.
૪	,,	,,	મુષ્ટિ.	૨૪	,,	,,	અરત્નિ*(પૂરો ગજ).
૫	,,	,,	તલ.	૪૨	,,	,,	કિષ્કુ (એક ગજ અરાઢ આંગળ; પોણા બે ગજ).
૬	,,	,,	કરપાદ(પા ગજ).	૮૪	,,	,,	પુરુષ (સાડાત્રણગજ).
૭	,,	,,	દૃષ્ટિ.	૯૬	,,	,,	ધનુષ્ય (ચાર ગજ).
૮	,,	,,	તૂણી.	૧૦૬	,,	,,	દંડ, (ચારગજ દશ આંગળ)
૯	,,	,,	પ્રાદેશ.				૧૦૦૦ ધનુષ્ય (ચાર હજાર ગજ) નો એક કોશ.
૧૦	,,	,,	ક્ષયતાલ, પોંચાથી મધ્યમાના અંતર સુધીનો ભાગ.				૨ કોષ (આઠ હજાર ગજ) નો એક ગવ્યૂતિ
૧૧	,,	,,	ગોકર્ણ.				૨ ગવ્યૂતિ (સોળ હજાર ગજ) નો એક યોજન

* ૨૪ અંગુલ એક ગજ કહેવાય છે. ગજની ઉત્પત્તિ રાજવલ્લભ નામના ગ્રંથમાં મંડન સૂત્રધારે નીચે પ્રમાણે આપી છે:—

छायाचाणू रेणुकेशाग्रलिक्षा यूका प्रोक्ता स्याद्यवस्त्वंगुलश्च ।

૧. **છાયા**:—ઘરના છાપરાના છિદ્રમાંથી સૂર્યના (તડકાના) કિરણોની ભોંય સુધી ગોળ લાકડી જેવી લીટીઓ પડેલી દેખાય છે અને તેની અંદર બારીક રજકણો ઉડતાં આપણે જોઇએ છીએ, તે રજકણો (અણુ)ની છાયા તે **છાયા** જાણવી. એ છાયા રજકણ (અણુ) ના આઠમા ભાગની હોય છે.

૨. **અણુ**:—છાપરાના છિદ્રમાંથી સૂર્યનાં કિરણ આવે છે તેમાં જે બારીક રજકણો ઉડતાં દેખાય છે તેને **અણુ** અથવા ત્ર્યસરેણુ કહે છે.

૩. **રેણુ**:—સૌથી બારીક અને હાથ નહિ આવી શકે એવા પદાર્થને **રેણુ** અથવા રથરેણુ કહે છે.

૪. **કેશાગ્ર**:—વાળની અણી તે **કેશાગ્ર**.

૫. **લિક્ષા**:—પુરૂષ તથા સ્ત્રીઓના માથામાં તથા કપડાં વિગેરેમાં જે લીખ પડે છે તે **લિક્ષા** કહેવાય છે.

૬. **યૂકા**:—પુરૂષ તથા સ્ત્રીઓના માથામાં તથા કપડાંમાં તેમજ પશુઓનાં શરીરમાં જે જૂ પડે છે તે.

छायादिभ्योऽष्टघ्नमानस्य वृद्धिः प्रोक्तो हस्तो जैनसंख्यांगुलैश्च ॥

અર્થ:—છાયાદિકના અનુક્રમે આઠ આઠ ગણા કરવાથી ગજની લંબાઈનો ભાગ થાય છે. વળી એજ ગ્રંથમાં ત્રણ પ્રકારના ગજ નીચે પ્રમાણે બતાવ્યા છે:—

ज्येष्टोष्टाभिरथोदरैस्तु मुनिभिर्मध्यस्तुषड्भिर्लघुः
माप्यंचोत्तमकेन खेटकपुरं क्रोशादिकं योजनम् ।
प्रासादप्रतिमे नृपस्य भवनं मध्येन हर्म्यादिकं
यानंषट्यवसंभवेन शयनं छत्रासनास्त्रादिकम् ॥३४॥अ० १॥

આઠ આડા જવનો એક તસુ થાય છે અને એવા ચોવિશ તસુનો એક ગજ થાય તેને જ્યેષ્ટ ગજ કહે છે. તેમજ સાત આડા જવનો એક તસુ થાય, અને એવા ચોવિશ તસુનો જે ગજ થાય તેને મધ્ય ગજ કહે છે. તેવીજ રીતે છ આડા જવનો એક તસુ થાય અને એવા ચોવિશ તસુનો એક ગજ થાય તેને લઘુ (કનિષ્ટ) ગજ કહે છે. જ્યારે ગ્રામ, નગર, કોશ અને યોજનાદિ માપવાં હોય ત્યારે પ્રથમ કહેલા જ્યેષ્ઠ ગજ વડે માપવાં; પ્રાસાદ, પ્રતિમા, રાજગૃહો તથા સાધારણ ગૃહો, માપવાં હોય ત્યારે બીજા પ્રકારના (મધ્ય) ગજ વડે માપવાં; પાલખી, શકટા (ગાડી), ખટ્વ, પર્યંક, સિંહાસન, શસ્ત્ર, છત્ર, ઈત્યાદિ કનિષ્ઠ ગજ વડે માપવાં.


૭. **યવઃ**—યજ્ઞયાગાદિકમાં આહુતિ આપવામાં જે જવ વપરાય છે તે.

૮. **અંગુલઃ**—એનો અર્થ આંગળ. આંગળ આઠ યવનો, સાત યવનો, તથા છ યવનો થાય છે અને તે ગજનો ચોવિશમો ભાગ છે.

ગજપ્રમાણ.


ઉત્તમ, મધ્યમ અને કનિષ્ટ ત્રણે પ્રકારના ગજનાં પ્રમાણ તથા માપ નીચે બતાવ્યાં છે. તેમજ *યવનું પણ માપ લઈ મૂકયું છે.

ઉત્તમ પ્રકારનો ગજ.




નિશાની अ થી તે इ સુધી માપતાં ઉત્તમ ગજનો ૧ પર્વ થાય છે. એવા આઠ પર્વ માપતાં ઉત્તમ પ્રકારનો આખો ગજ આવશે.

મધ્યમ પ્રકારનો ગજ.



નિશાની क થી તે ख સુધી માપતાં મધ્યમ ગજનો ૧ પર્વ થાય છે. એવા આઠ પર્વ માપતાં મધ્યમ પ્રકારનો આખો ગજ આવશે.

કનિષ્ટ પ્રકારનો ગજ.



* આઠ યવનો આંગળ તે ઉત્તમ ગજનો, ૭ યવનો તે મધ્યમ ગજનો, અને ૬ યવનો તે કનિષ્ટ ગજનો આંગળ જાણવો.

નિશાની ग થી તે घ સુધી માપતાં કનિષ્ટ ગજનો એક પર્વ થાય છે. એવા આઠ પર્વ માપતાં કનિષ્ટ પ્રકારનો આખો ગજ આવશે.

દરેક ગજના આઠ પર્વ હોય છે માટે ઉપર બતાવેલા દરેક પર્વની લંબાઇને આઠે ગુણવાથી દરેક પ્રકારનો ગજ આખો આવશે.

अथ मास प्रकरणम्.

નીચેના કોષ્ટકમાં માસ આપેલા છે અને તે માસમાં ગૃહનો આરંભ અથવા પ્રવેશ કરવામાં આવે તો કેવું ફળ નિપજે તે બતાવવા સારૂ માસની સામે ફળ તથા પરિણામ લખ્યાં છે.

માસ.		ફળ.	પરિણામ.
૬	ચૈત્ર.	શોક.	અશુભ.
૭	વૈશાખ.	ધનવૃદ્ધિ.	શુભ.
૮	જ્યેષ્ટ.	મૃત્યુ.	અશુભ.
૯	આષાઢ.	પશુનાશ.	,,
૧૦	શ્રાવણ.	પશુવૃદ્ધિ.	શુભ.
૧૧	ભાદ્રપદ.	ગૃહશૂન્યતા.	અશુભ.
૧૨	અશ્વિન.	કલેશ.	,,
૧	કાર્તિક.	સેવકનાશ.	,,
૨	માર્ગશીર્ષ.	ધાન્યપ્રાપ્તિ	શુભ
૩	પૌષ.	,,	,,
૪	માઘ.	અગ્નિદહન.	અશુભ.
૫	ફાલ્ગુન.	લક્ષ્મીવૃદ્ધિ.	શુભ.

अथ राशि प्रकरणम्.

ગૃહારંભ કઈ રાશિના સૂર્યમાં કરવાથી સારૂં ફળ થશે અને કઈ રાશિમાં કરવાથી ખોટું ફળ થશે તે સમજવાને નીચે કોષ્ટક આપ્યું છે.

રાશિ				ફળ.
સિંહ	કર્ક	મકર	કુંભ	પૂર્વ તથા પશ્ચિમ દિશામાં જે ગૃહનાં દ્વાર હોય તે ગૃહનો આરંભ આ રાશિઓના સૂર્યમાં કરવો સારો છે.
તુલા	મેષ	વૃશ્ચિક	વૃષભ	ઉત્તર તથા દક્ષિણ દિશામાં જે ગૃહનાં દ્વાર હોય તે ગૃહનો આરંભ આ રાશિઓના સૂર્યમાં કરવો સારો છે.
કન્યા	મીન	ધન	મિથુન	ચારે દિશામાંથી કોઇ પણ એક દિશામાં દ્વાર હોય તેવા ગૃહનો આરંભ આ રાશિઓના સૂર્યમાં કરવો નહીં. જે ગૃહનાં ચારે બાજૂએ ચાર દ્વાર હોય તેવા ગૃહનો આરંભ આ રાશિના સૂર્યમાં કરવાથી દોષ નથી.

* अथ खात प्रकरणम्.

आग्नेय्यां खननं कुर्यात्सिंहादित्रितये रवौ ।
मिथुनादित्रये भानौ नैर्ऋत्यां खननं शुभम् ॥ ८ ॥
कन्यकादित्रये चैवं वायव्यां संखनेद् बुधः ।
चापादित्रितये भानावैशान्यां खननं स्मृतम् ॥ ९ ॥

* ઘર તથા પ્રાસાદના ખૂણામાં એક ગજ સમચોરસ તથા ગોળ અને એક ગજ ઉંડો ખોદીને ખાડો કરે તેને ખાત કહે છે. એ ખાડામાં મૂહૂર્ત પ્રમાણે ઇંટો તથા પત્થર ઈત્યાદિથી ચણે છે તેને ખાતમૂહૂર્ત કહે છે.

મીનથી ત્રણ રાશિમાં એટલે મીન, મેષ, અને વૃષભમાં સૂર્ય હોય તો અગ્નિ ખૂણામાં ખાત કરવું (કેમ કે એમાં નાગનું મુખ પશ્ચિમમાં હોય છે); મિથુનાદિ ત્રણ રાશિમાં એટલે મિથુન, કર્ક, અને સિંહમાં સૂર્ય હોય તો નૈઋત્ય ખૂણામાં ખાત શુભ છે (કારણ કે નાગનું મુખ ઉત્તરમાં હોય છે); એમજ કન્યાદિ ત્રણ રાશિમાં એટલે કન્યા, તુલા અને વૃશ્ચિકમાં સૂર્ય હોય તો વાયવ્ય ખૂણામાં ખાત કરવું (કેમકે નાગનું મુખ પૂર્વમાં હોય છે). એ પ્રમાણે ધનથી ત્રણ રાશિમાં એટલે ધન, મકર અને કુંભમાં સૂર્ય હોય તો ઈશાન્ય ખૂણામાં ખાત કર્યું છે (કેમકે નાગનું મુખ દક્ષિણ દિશામાં છે). નાગના શરીરમાં ખાત કરવાથી અનેક પ્રકારની હાનિ છે માટે ખાલી જગ્યાએ ખાત કરવું તેજ ફકત અહીંઆ દેખાડેલું છે.

ખાત કોષ્ટક.

પૂર્વદિશા.

ઈશાન્ય કોણ.	ખાત. ई ધન, મકર, કુંભ, માર્ગશીર્ષ, પોષ, માઘ.	ખાત. उ મીન, મેષ, વૃષભ. ફાલ્ગુન, ચૈત્ર, વૈશાખ.	અગ્નિ કોણ.
ઉત્તર દિશા.			દક્ષિણ દિશા.
વાયવ્ય કોણ.	કન્યા, તુલા, વૃશ્ચિક. ભાદ્રપદ, અશ્વિન, કાર્તિક. अ ખાત.	મિથુન, કર્ક, સિંહ. જયેષ્ટ, આષાઢ, શ્રાવણ. क ખાત.	નૈઋત્ય કોણ.

પશ્ચિમદિશા.

ઉપરનું કોષ્ટક સમજવાની રીતઃ—

નિશાની अ, इ, उ, क વાળા દરેક કોઠામાં સંક્રાન્તિઓ તથા માસ આપેલા છે અને બાજૂ ઉપર કોણુ આપેલા છે માટે એ સંક્રાન્તિઓ તથા માસમાં જે તે કોઠામાં તે આપેલા હોય તેની બાજૂએ દર્શાવેલા કોણે ખાત કરવું. પણ બારણું મૂકવાને માટે એક વાત બીજી ધ્યાનમાં રાખવી કે જે દિશામાં નાગનું મુખ હોય તે દિશામાં બારણું મૂકવું દોષભરેલું છે. ઉપરના કોષ્ટકમાં अ કોઠામાં નાગનું મુખ પૂર્વ દિશામાં છે, इ માં દક્ષિણ દિશામાં છે, उ માં પશ્ચિમ દિશામાં છે અને क માં ઉત્તર દિશામાં છે, માટે તે દિશાઓમાં નાગનું મુખ છે એટલે બારણુ મૂકવું નહીં.

अथ ध्रुवप्रकरणम्.

આકૃતિ પે'લીમાં બતાવેલી ધ્રુવમર્કટીમાં ધ્રુવને આદિ લેઇને એકંદર ૮ તારાઓનો મત્સ્ય થએલો છે; તેમાં નિશાની घ છે તે ધ્રુવનો તારો છે અને अ તથા इ એ બે તારાઓ ધ્રુવરક્ષક છે, અને નિશાની इ વાળા તારાથી ધ્રુવમત્સ્ય પૂરો થાય છે.

એ ધ્રુવ તથા મર્કટી ઓળખવાને સપ્તર્ષિની જરૂર પડે છે માટે તે આકૃતિ પે'લીમાં બતાવ્યા છે; તેનાં નામ નીચે પ્રમાણેઃ—

નિશાની	क.	વાળા તારાનું નામ	क्रतु.
,,	ख	,,	पुलह.
,,	ग	,,	[illegible]लस्त्य.
,,	घ	,,	अत्री.
,,	ङ	,,	अंगिरा.
,,	च	,,	वशिष्ठ.
,,	छ	,,	मरिची.

એવી રીતે અનુક્રમે સાત તારાઓ છે, તેમાં નિશાની **क** તથા **ख** વાળા **क्रतु** અને **पुलह** એ બે તારાની સીધી લીટીમાં ધ્રુવ રહેલો છે. આ પ્રમાણે આકૃતિ પે'લીમાં સમજીને આકાશમાં જોવાથી ધ્રુવ તથા ધ્રુવમર્કટી સરળથી ઓળખાશે.

ધ્રુવમર્કટીમાંનો નિશાની **ड** વાળો તારો ધ્રુવની ઉપર તથા નીચે એક સૂત્રમાં આવે તે વખતે ધ્રુવ શુદ્ધ ઉત્તરમાં સ્થિર માનવો. અને તે વખતે તે સાધવો;* અથવા સપ્તર્ષિમાં નિશાની **क** તથા **घ**, **क्रतु** અને **अत्री** એ બે તારાઓ એક નીચેના ભાગમાં તથા બીજો ઉપરના ભાગમાં એવી રીતે ઓળંબેથી જોતાં એક સૂત્રમાં આવે તે વખતે શુદ્ધ ઉત્તરમાં ધ્રુવ સાધવો. ધ્રુવના તારા ઉપરથી ઉત્તર દિશા સિદ્ધ કરવા સારૂ બે દીવા બે ગજને અંતરે ઉત્તર દક્ષિણ મૂકવા અને દક્ષિણ દિશાના દીવાથી આસરે પાંચ ગજને છેટે ઉભા રહીને ઓળંબાથી જોવું અને બે દીવા અને ધ્રુવનો તારો એ ત્રણે એક સૂત્રમાં આવે એવી રીતે દીવાને ખસેડવો. પછી બંને દીવાની નીચે પૃથ્વી ઉપર ચિન્હ કરવાં અને તે બંને ચિન્હ જોડી દેવાં; એ લીટી શુદ્ધ ઉત્તર દક્ષિણ થશે.

બીજો પ્રકાર.


(પૂર્વ દિશા સિદ્ધ કરવાને આકૃતિ ૨૭માં જૂઓ.)

નિશાની **प** વાળો તારો લાલ દેખાતો સ્વાતી છે અને નિશાની **फ** વાળો તારો લીલો દેખાતો ચિત્રા છે; એ બંને તારાઓ પૂર્વમાં ઉગે છે; જે વખતે એ તારાઓ ઉગે તે વખતે એક ધાતુની સીધી નળી લેઇને પૃથ્વી ઉપર આસરે દોઢેક ગજ ઉંચી ગોઠવવી, અને તે નળીમાં જોવું. જ્યારે તેમાં સ્વાતીનો તારો બરોબર દેખાય તે વખતે તેના બંને છેડાઓના મ્હોંની મધ્યમાં ઓળંબેથી પૃથ્વી ઉપર ચિન્હ કરવાં; અને તે પ્રમાણે ચિત્રાના તારાને પૃથ્વી ઉપર જોઇ ચિન્હ કરવાં. દરેક ચિન્હ ઉપર પૂર્વ અને પશ્ચિમ દિશામાં લીટીઓ કરવી. તે બંને લીટીઓ પશ્ચિમ દિશામાં નિશાની **ज** આગળ ભેગી થશે. તે **ज** બિંદુથી એક


---

* ધ્રુવને ઓળંબેથી જોઈને પૃથ્વી ઉપર ચિન્હ કરવાં તેને હાલના કારિગરો ધ્રુવ સાધ્યો એવું કહે છે.

आकृति १ पेली



आकृति २ बिंडि



કંપાસ ફેરવો. તે કંપાસથી નિશાની ट તથા झ બંને તારાની લીટીઓ કપાશે તે ट અને झ બિંદુથી બે ગોળ દોરવા. તે બે ગોળ એક એકને નિશાની म અને ड આગળ છેદશે, અને મત્સ્ય જેવી આકૃતિ થશે. તે મત્સ્યની અણીઓ म અને ड ઉપર એક લીટી દોરો, તે લીટી શુદ્ધ પૂર્વ અને પશ્ચિમ દિશા થઇ, અને ट--झ બિંદુ ઉપર લીટી દોરશો તો ઉત્તર અને દક્ષિણ થશે.

अङ्क १ लुं.

आय.

दैर्घ्यं हन्यात्पृथुत्वेन हरेद्भागं ततोऽष्टभिः ।
यच्छेषमायस्तज्ज्ञेयः शास्त्रदृष्ट्या ध्वजादिकः ॥१०॥

ઘરની અથવા પ્રાસાદની લંબાઈને પ્હોળાઇએ ગુણવી અને આઠે ભાગ દેવો, જે શેષ રહે તે શાસ્ત્રદૃષ્ટિથી ધ્વજાદિક આઠ આય જાણવા.

કોષ્ટક પે'લામાંથી આય ગણવાની રીત એવી છે કે પ્હોળાઇ તથા લંબાઇમાં એક ગજ ઉપરાંત અસંખ્ય ગજ હોય તો પણ બધા ગજ નહીં ગણતાં * ફક્ત એક ગજના ચોવિશ આંગળના અંક કોષ્ટકમાં બંને તરફથી શોધી કાંઢીને બંને તરફની સીધી લીટીઓ ભેગી કરતાં જે અંક આવે તેટલામો આય આવ્યો એમ સમજવું; તથા ગજ ઉપર આંગળ હોય તો ગજને બિલકૂલ નહિ ગણતાં ઉપર જેટલા આંગળ હોય તે આંગળનો અંક પે'લા કોષ્ટકમાંથી બંને બાજૂએ શોધી કાંઢી તેની સીધી લીટીઓ ભેગી કરતાં જે અંક આવે તેટલામો આય જાણવો. બીજા કોષ્ટકમાં આઠ આયોનાં નામ બતાવ્યાં છે અને તેની દિશા પણ સાથે બતાવી છે. પે'લું કોષ્ટક સ્પષ્ટ સમજવાને નીચે ઉદાહરણ આપ્યું છે.

---

* બધા ગજ નહીં ગણવાનું કારણ એ કે દરેક ગજના ચોવિશ આંગળ છે; એ આંગળોને આઠે (આય આઠ છે તેથી) ભાગીએ તો કાંઈ શેષ રહેશે નહીં, જો બધારે ઓછે ભાગવાનું હોત તો ગજની સંખ્યા મૂકી દેવાત નહીં; માટે માત્ર આંગળ જ આય ગણવામાં લેવા અને ગજ બિલકૂલ લેવા નહીં.

ઉદાહરણ.

કોઇ ક્ષેત્ર (ઘરની જમીન) ની લંબાઇ સાત ગજ અને ઓગણીસ આંગળ છે, અને પ્હોળાઇ આઠ ગજ અને ચાર આંગળ છે; હવે ઉપર ગજને બિલકુલ ગણવાની ના કહી છે, માટે લંબાઇના આંગળ ઓગણીસ છે તે એ કોષ્ટક માંથી નિશાની અ વાળા કોઠામાંથી શોધી કાઢવા, પછી પ્હોળાઇના ગજ ઉપર ચાર આંગળ છે, તે નિશાની ક વાળા કોઠામાંથી શોધી કાઢવા, અને ચાર આંગળના કોઠાની નીચે ઉતરવું, તથા ઓગણીસ આંગળના કોઠાની જમણી તરફ જવું; તે બંનેની લીટીઓ નિશાની ૩ વાળા કોઠામાં ભેગી કરતાં ચારનો અંક આવ્યો; એ ચોથો અંક શ્વાન આયનો છે અને એની દિશા નૈઋત્ય કોણ છે. આવી રીતે ગમે તેટલા ગજ અને આંગળ હશે તો પણ ઉપર પ્રમાણે ગણ્યાથી તેનો આય આવશે.

સાધારણ ઘરો, રાજાના મ્હેલો તથા દેવમંદીર વગેરેનો આય ગણવાના નિયમ.

દેવમંદીર તથા મંડપોની ચારે ભીંતોને અંદર લેઇને આય ગણવો; સાધારણ ઘરો તથા રાજાઓના મ્હેલોની ચારે ભીંતો નહીં ગણતાં ફકત વચલા ભાગમાંથી આય ગણવો; તેમજ કૂઆ, તળાવ, કુંડ અને વાવ વગેરે જલાશયની વચ્ચે જલપાટમાંથી * આય ગણવો. તેવીજ રીતે પલંગની પણ ઇસો તથા ઉપળાંનો ભાગ નહીં ગણતાં ફકત વચલા ભાગમાંથી આય ગણવો.

मूर्त्तौ लिङ्गे ध्वजे छत्रे दैर्घ्येणायादिकल्पना ।
विस्तारायामगणना तामन्यत्र प्रकल्पयेत् ॥ ११ ॥

---

* જલપાટ એટલે પૃથ્વીમાં પાણી આવે એટલે ઉંડા ગયા પછી ઈંટ, ચૂનો તથા પત્થર વગેરેથી ચોંડ કામ કરી પ્રથમ ચોરસ અગર ગોળ કામ કરીને ગણત્રીથી કામ ચાલુ કરી પગથિયાં ઇ. કરેલાં હોય છે તે.

अ-दृ- पे'लु

आठ आय गणवानु कोष्टक

कोष्टक १ पे'लु

			२१	२२	२३	२४	१७	१८	१९	२०
			१३	१४	१५	१६	९	१०	११	१२
			५	६	७	८	१	२	३	४
२१	१३	५	१	६	३	८	५	२	७	४
२२	१४	६	६	४	२	८	६	४	२	८
२३	१५	७	३	२	१	८	७	६	५	४
२४	१६	८	८	८	८	८	८	८	८	८
१७	९	१	५	६	७	८	१	२	३	४
१८	१०	२	२	४	६	८	२	४	६	८
१९	११	३	७	२	५	८	३	६	१	४
२०	१२	४	४	८	४	८	४	८	४	८

इ

अ उ

आयनां नाम तथा दिशाओ का'डवानु
कोष्टक २ बीजु

आय	१	२	३	४	५	६	७	८
नां नाम	ध्वज	धुम्र	सिंह	श्वान	वृष	खर	गज	ध्वांक्ष
आय नि दिशाओ	पूर्व दिशा	अग्नि कोण	दक्षिण दिशा	नैर्ऋती कोण	पश्चिम दिशा	वायव्य कोण	उत्तर दिशा	ईशान कोण

મૂર્તિ, લિઙ્ગ, ધ્વજા, અને છત્રની આયાદિકલ્પના લંબાઇ વડે કરવી, અને અન્યસ્થળે તો વિસ્તાર અને દૈર્ધ્ય ઉપરથી ગણના કરવી.

વર્ણ પ્રમાણે આયના નિયમ તથા ફળ.

૧. નીચે બતાવેલાં સ્થળોમાં ધ્વજ આય સારો છેઃ—

(૧) પ્રાસાદ, (૨) *છત્ર, (૩) બ્રહ્મગૃહ, (૪)+ વેદી (૫) કૂઓ, (૬) તળાવ, (૭) કુંડ, (૮) વાવ, (૯) ટાંકું (૧૦) યજ્ઞશાળા, (૧૧) વસ્ત્ર, (૧૨) આભૂષણ, (૧૩) ઉભી તથા બેઠી પ્રતિમા, (૧૪) મહાદેવનું બાણ, (૧૫) દેવતાને બેસવાનું આસન અથવા ગાદી, (૧૬) હોમ કરવાનો કુંડ, (૧૭) ધ્વજા (૧૮) પતાકા, (૧૯) ચામર, (૨૦) મંડપ, (૨૧) ચૉરી, (૨૨) પ્રાસાદનો ચોતરો, (૨૩) ધર્મશાળા, અને (૨૪) દેવમંદીર.

૨. નીચે બતાવેલાં સ્થળોમાં ધુમ્ર આય સારો છેઃ—

(૧) લુહારનું ઘર, (૨) સોનીનું ઘર, (૩) કંસારાનું ઘર, (૪) ઘરમાંનો રાંધવાનો ચૂલો, (૫) ધૂમાડો નિકળવાનું સ્થળ, (૬) અગ્નિથી કામ કરનારનું ઘર, અને (૭) રસોડું.

૩. નીચે બતાવેલાં સ્થળોમાં સિંહ આય સારો છેઃ—

(૧) રાજાઓના મ્હેલ, (૨) નગરનો કિલ્લો, (૩) દરવાજો, (૪) આયુધાલય (સર્વ જાતિનાં હથિયારો રાખવાની જગ્યા), (૫) રાજાને બેસવાનુ સિંહાસન, (૬) અન્નગૃહ, (૭) યંત્ર (તોપ વગેરે), (૮) શસ્ત્ર, (૯) કવચ, અને (૧૦) બંધનાલય (કેદખાનું).

---

*છત્ર એટલે દેવ તથા રાજાના સિંહાસનપર સુવર્ણ કે રૂપાનું આવરણ હોય છે તે.

+વેદી એટલે યજ્ઞશાળામાં તથા વિવાહમંડપમાં તેમજ રાજદરબાર, દેવપ્રાસાદ વગેરમાં સિંહાસન માટે ચોતરો કરવામાં આવે છે તે.

૪. નીચે બતાવેલાં સ્થળોમાં શ્વાન આય સારો છેઃ—

(૧) ચાંડાલગૃહ, (૨) અત્યંજગૃહ, (૩) નાટ્યકારગૃહ, (૪) વેશ્યા (ગુણિકા) ગૃહ, (૫) શ્વાનની આજીવિકાવાળાનું ગૃહ, (૬) તાજખાનું, અને (૭) વેશ્યા.

૫. નીચે બતાવેલાં સ્થળોમાં વૃષ આય સારો છેઃ—

(૧) ભોજનશાળા, (૨) બળદ બાંધવાનું સ્થળ, (૩) અશ્વશાળા, (૪) વૈશ્ય (વણિક્) ગૃહ, (૫) વ્યાપારીની દૂકાન, (૬) લાકડાં ભરવાનું સ્થળ, (૭) ગૌશાળા, (૮) મંડપ, (૯) ગાયપાલકગૃહ. (૧૦) ધાન્યમંદીર, અને (૧૧) ભોજનપાત્ર.

૬. નીચે બતાવેલાં સ્થળોમાં ખર આય સારો છેઃ—

(૧) સર્વ પ્રકારનાં વાજીંત્ર વગાડનારનું ગૃહ, (૨) ખરપાલકગૃહ, (૩) કુલાલગૃહ, (૪) ધોબીનું ગૃહ, (૫) કુંભકારગૃહ, (૬) વણકર (લૂગડાં વણનાર) નું ગૃહ, (૭) યાચકગૃહ, અને (૮) વેશ્યા.

૭. નીચે બતાવેલાં સ્થળોમાં ગજ આય સારો છેઃ—

(૧) શૂદ્રગૃહ, (૨) પાલખી, (૩) મેનો, (૪) તાવદાન, (૫) રથ, (૬) ગાડી, (૭) ગાડાં, (૮) નાવ તથા વ્હાણ, (૯) કોચ, (૧૦) પર્યંક (પલંગ), (૧૧) ગજશાળા, (૧૨) રાજક્રીડાસ્થાન, (૧૩) વાટિકા, (૧૪) રાણીગૃહ, (૧૫) આસન, (૧૬) શયન, અને (૧૭) સામાન્યસ્ત્રીગૃહ.

૮. નીચે બતાવેલાં સ્થળોમાં ધ્વાંક્ષ આય સારો છેઃ—

(૧) શિલ્પીગૃહ, (૨) તપસ્વીગૃહ, (૩) કલિકા, (૪) મઠ, (૫) અપાસરો, અને (૬) પક્ષીનો માળો.

એક આય ઉપર બીજો આય રાખવા વિષે નિયમ.

આય ગણનાર શિલ્પીએ બરોબર ધ્યાનમાં રાખવું કે જે જાતિને ઘેર આય આણવાનું કહ્યું હોય તે આય પે'લા માળમાં રાખવો. પે'લા માળમાં

ગજ આય હોય તો તેના ઉપરના માળમાં સિંહ કે ધ્વજ આય રાખીએ તો સારૂં ફળ મળે; અને સિંહ આય ઉપર ધ્વજ આય રાખીએ તો સારૂં ફળ આપે; ધ્વજ, સિંહ, વૃષ અને ગજ એ ચારમાંથી કોઈપણ આય પ્રાસાદની બાબતમાં સારો ગણાય છે; પણ કોઇ પણ વખતે સિંહ આય ઉપર ગજ કે વૃષ આય રાખવો નહીં; જો એ પ્રમાણે કદી રાખવામાં આવે તો ઘર બંધાવનાર માણસનું મૃત્યુ થાય. તેવીજ રીતે કોઈપણ આય ઉપર વૃષ આય લાવવો નહીં, કારણ કે એથી હાનિ છે. આયનું મુખ જે દિશામાં હોય તે દિશામાં ઘરનું તથા દેવમંદીરનું દ્વાર રાખવું ઇષ્ટ છે; ડાબી તથા જમણી બાજૂએ ઘરનું બારણું રાખવું ઇષ્ટ છે; પણ ઘરના આયના મુખ આગળ ઘરની પછીત હોય તો તે ઇષ્ટ નથી. એ આયોનાં નામ તથા તેની દિશાઓ અગાઉ બીજા કોષ્ટકમાં બતાવી છે તેપરથી આયનું મુખ કઈ દિશામાં છે તે જણાશે.

ધ્વજ આયનું મુખ માણસના જેવું છે; ધુમ્રનું માંજારના જેવું, સિંહનું વ્યાઘ્રના જેવું, શ્વાનનું કૂતરાના જેવું, વૃષનું આખલાના જેવું, ખરનું ગર્દભના જેવું, ગજનું હસ્તિના જેવું અને ધ્વાંક્ષ આયનું કાકના જેવું મુખ છે. સર્વે આયોના પગ પક્ષીના જેવા છે, હસ્ત મનુષ્યના જેવા તથા ગળાં સિંહના જેવાં છે એ અષ્ટ આયો અષ્ટદિકૂના સ્વામી છે.

अथ मनुष्यायप्रकरणम्.

रुद्रभागायते क्षेत्रे कृते पञ्चांशविस्तरे ।
ऊर्ध्वपङ्क्तौ क्रमात्कोष्ठेष्विन्द्रधिष्ण्यद्विभास्करान् ॥ १२ ॥
तिथ्यष्टवेदरामेषु रागनन्दान्समालिखन् ।
तदधो मातृकान्वर्णानाद्यान्क्षन्तान्क्रमाल्लिखेत् ॥ १३ ॥
ऋॠऌॡविसर्गान्तसंयोगाक्षरवर्जितान् ।
नामाक्षरांकसंघातं वसुभिर्विभजेत्सुधीः ॥ १४ ॥
शेषमायोमनुष्यस्य ध्वजाद्योदेहगोभवेत् ।
नक्षत्रं तारकांशश्च व्ययाद्यं चापि देहगम् ॥ १५ ॥

ध्वजादीनां चतुर्णान्तु चत्वारोवृषभादयः।
भक्षके भवने वर्ज्या गृहस्वाम्याय भक्षकाः ॥ १६ ॥

અગિયાર અંશ લંબાઈ અને પાંચ અંશ વિસ્તાર કરેલા ક્ષેત્રમાં ઉપરની પે'લી પંક્તિમાં પ્રથમના કોઠાઓમાં અનુક્રમે ૧૪, ૨૭, ૨, ૧૨, ૧૫, ૮, ૪, ૩, ૫, ૬, અને ૯, એ અંકો લખવા. પછી તેની નીચેના કોઠાઓમાં અકારાદિ વર્ણો આદિ લેઇને વર્ણાનુક્રમે ક્ષના અંત સુધી લખવા. તેમાં ઋ, ૠ, ઌ, ૡ, ળ, અનુસ્વાર, વિસર્ગ, અને સંયોગાક્ષરો લેવા નહીં.

મનુષ્યના નામાક્ષર જેટલા હોય તેટલી સંખ્યાને, નામનો આદ્ય અક્ષર કોષ્ટકમાં જોઇ ઉપર જે અંક હોય તે સાથે ગુણી તે ગુણાકારને આઠે ભાગવો. ભાગતાં જે શેષ રહે તે મનુષ્યના દેહના ધ્વજાદિ આય જાણવા; એજ પ્રકારે બુદ્ધિમાન મનુષ્યે નક્ષત્ર, તારા, અંશક, અને વ્યયાદિ પણ દેહનાં આણવાં. ધ્વજાદિ (ध्वज, धुम्र, सिंह અને श्वान) ચાર આયોના અનુક્રમે વૃષભાદિ (वृष, खर, गज અને ध्वांक्ष) ચાર આયો ભક્ષ્ય છે. હવે જો ગૃહનો આય ભક્ષક હોય અને સ્વામીનો આય ભક્ષ્ય હોય તો સ્વામીના આયનું ગૃહનો આય ભક્ષણ કરે છે; એટલે સ્વામીનું મૃત્યુ થાય. [જુઓ નીચેનું કોષ્ટક.]

इ

૧૪	૨૭	૨	૧૨	૧૫	૮	૪	૩	૫	૬	૯
અ	આ	ઇ	ઈ	ઉ	ઊ	એ	ઐ	ઓ	ઔ	ક
ખ	ગ	ઘ	ઙ	ચ	છ	જ	ઝ	ઞ	ટ	ઠ
ડ	ઢ	ણ	ત	થ	દ	ધ	ન	પ	ફ	બ
ભ	મ	ય	ર	લ	વ	શ	ષ	સ	હ	ક્ષ

अ

મનુષ્યનો આય લાવવાનું ઉદાહરણ.

ધારો કે ઘરધણીનું નામ લલ્લુ છે, તો તેના અક્ષર બે થયા તેમાં પે'લો અક્ષર 'લ' છે તે નિશાની अवाळा કોઠામાંથી શોધી કાઢો, તે કોઠાની

ઉપરની ઓળમાં નિશાની ङ વાળા કોઠામાંથી ૧૫ નો અંક શોધી કાંડો અને લક્ષ્મુના બે અક્ષરથી પંદરને ગુણતાં ૩૦ થયા; તેને આઠે ભાગતાં શેષ ૬ રહ્યા માટે ઘરધણીને છઠ્ઠો ખર આય આવ્યો, અને જો ઘરનો ધ્રુવ આય હોય તો તે માણસનું મૃત્યુ થાય માટે ઘરનો આય બદલવો જોઇએ.

આય અંગ સંપૂર્ણ.

अङ्क २ जुं.

राशि.

गृहक्षेत्रे च यदृक्षं षष्टिभिर्गुणितं तथा।
पंचत्रिंशच्छतैर्भक्ता च्छेषं भुक्ति रजादयः ॥१७॥
अश्विन्यादित्रयं मेषः सिंहः प्रोक्तो मघात्रयं
मूलादित्रितयं चापः शेषेषु नवराशयः ॥ १८ ॥

ઘરના ક્ષેત્રનું જે નક્ષત્ર હોય તેને સાઠે ગુણવું અને એકસોપાંત્રીશનો ભાગ દેતાં જે શેષ રહે તે મેષાદિ ભુકતરાશિ જાણવી.

અશ્વિનીથી આરંભીને ત્રણ નક્ષત્રોની મેષ રાશિ જાણવી; મઘાથી ત્રણ નક્ષત્રની સિંહ રાશિ જાણવી; અને મૂળથી ત્રણ નક્ષત્રની ધન રાશિ જાણવી. બાકીનાં નક્ષત્રોની નવ રાશિ એટલે બબ્બે નક્ષત્રોની એક એક રાશિ જાણવી.

ઘરની રાશિ તથા જાતિ કાંડવાનું કોષ્ટક સમજવાની રીતઃ— (જૂઓ કોષ્ટક ૩જું.) નિશાની क વાળા કોઠામાં સત્તાવિશ નક્ષત્ર બતાવ્યાં છે; નિશાની ख વાળા કોઠામાં બાર રાશિઓનાં નામ બતાવ્યાં છે; અને નિશાની ग વાળા કોઠામાં એ બાર રાશિની જાતિ બતાવી છે.

ત્રિજું કોષ્ટક સમજવાનું ઉદાહરણ.

ધારો કે ઘરનું નક્ષત્ર ૨૫ મું પૂર્વાભાદ્રપદા છે તો તે નિશાની अ વાળા કોઠામાંથી શોધી કાંડવું. એ નક્ષત્રના કોઠાની નીચે નિશાની ङ વાળા કોઠામાં ૧૧મી કુંભ રાશિ જોવામાં આવશે. માટે એ નક્ષત્રની કુંભ રાશિ છે એમ જાણવું. એ રાશિની નીચેનો કોઠો એની જાતિનો છે, અને આપણે જોઈએ છીએ કે એમાં શૂદ્ર જાતિ છે તો એની શૂદ્ર જાતિ સમજવી. એજ પ્રમાણે ગમે તે નક્ષત્ર લીધાથી તેની રાશિ તથા જાતિ આવશે.

ઘરધણીનાનામ ઉપરથીરાશિકા'ડવાનું કોષ્ટક સમજવાનીરીતઃ- (જુઓ કોષ્ટક ૪થું.) નિશાની ઘ વાળા કોઠામાં બંધાવનાર ધણીના નામના પે'લા અક્ષર દરેક ખાનામાં બતાવ્યા છે; નિશાની ક વાળા કોઠામાં નામાક્ષરપરથી તેની આવતી રાશિઓ આપેલી છે; અને એની નીચે નિશાની ચવાળા કોઠામાં એ રાશિની જાતિ બતાવી છે. એ કોષ્ટક સમજવાને ઉદાહરણઃ—

ધારો કે ઘરધણીનું નામ સોમચંદ્ર છે, તો એનો પે'લો અક્ષર સ છે તે એ કોષ્ટકમાં નિશાની ઘવાળા કોઠામાંથી શોધી કા'ડવો, અને તેની નીચે નિશાની ક વાળા રાશિના કોઠામાં જોતાં કુંભ રાશિ જણાશે અને એની નીચે જાતિના કોઠામાં જોતાં શૂદ્ર જાતિ માલમ પડશે. આ પ્રમાણે દરેક નામ ઉપરથી તેની રાશિ તથા જાતિ જણાશે.

ઘર તથા ઘરધણી એ બંનેની રાશિનું ઇષ્ટ કે અનિષ્ટ ફળ.

ઘરધણીની રાશિની જાતિથી ઘરની રાશિની જાતિ ઉતરતી હોય તો સારૂં; તેમજ ઘર તથા ઘરધણી એ બંનેની રાશિની જાતિ એક હોય તો પણ સારૂં; પણ ઘરધણીની રાશિની જાતિથી ઘરની રાશિની ઉત્તમ જાતિ આવે એવું ઘર કદીપણ બાંધવું નહીં.

ફળકોષ્ટક.

ઘરધણીની રાશિની જાતિ.	બ્રાહ્મણ.	ક્ષત્રિય.	વૈશ્ય.	શૂદ્ર.
ઘરની રાશિની જાતિ.	બ્રાહ્મણ.	ક્ષત્રિય.	શૂદ્ર.	શૂદ્ર.
	ક્ષત્રિય.	વૈશ્ય.	વૈશ્ય.	

આ પ્રમાણે ઘર તથા ઘરધણી એ બંનેની રાશિની જાતિ રાખવાથી સારૂં ફળ છે.

રાશિ અંક સંપૂર્ણ.

घरना नक्षत्र उपरथी तथा घरधणिना नाम उपरथी राशि काढवानां कोष्टको.

कोष्टक ३ त्रिजु

क	घरनां नक्षत्र ना नाम	०	०	०	कृत्ति ३	उ-फा १२	उ-षा २१	०	०	०	०	०	०	
		अश्ले ९	रेवती २७	ज्येष्ठा १८	भ० २	पू-फा ११	पू-षा २०	मृग ५	चित्रा १४	धनि २३	पुन ७	विशा १६	पू-भा २५	अ
		पुष्य ८	उ-भा २६	अनु १७	अश्वि १	मघा १०	मूळ १९	रोहि ४	हस्त १३	श्रव २२	आर्द्रा ६	स्वा १५	शत २४	
ख	बार राशी नां नाम	कर्क ४	मीन १२	वृश्चि ८	मेष १	सिंह ५	धन ९	वृष २	कन्या ६	मक १०	मिथु ३	तुल ७	कुंभ ११	इ
ग	जाति	ब्राह्मण जाति			क्षत्रीय जाति			वैश्य जाति			शूद्र जाति			

कोष्टक ४ चोथु

घ	घरधणिना नामाक्षर	ड	द	न	अ	म	भ	ब	प	ख	क	र	ग	
		ह	च	य	ल	ट	ध	व	ठ	ज	छ	त	स	उ
			झ		इ		ढ	उ	ण		घ			
			थ				फ							
ङ.	बार राशि नां नाम	कर्क ४	मीन १२	वृश्चि ८	मेष १	सिंह ५	धन ९	वृष २	कन्या ६	मक १०	मिथु ३	तुल ७	कुंभ ११	इ
च	जाति	ब्राह्मण जाति			क्षत्रीय जाति			वैश्य जाति			शूद्र जाति			

અઙ્ક ૨ જું.

નક્ષત્ર.

फलं चाष्टगुणे तस्मिन्सप्तार्विंशतिभाजिते ।
यच्छेषं लभ्यते तत्र नक्षत्रं तद्गृहस्य च ॥ १९ ॥

ક્ષેત્રફળને આઠે ગુણી સત્તાવિશે ભાગતાં જે શેષ રહે તે ઘરનું નક્ષત્ર જાણવું. આવી રીતે ગણતાં ઘણીજ અડચણ પડે છે, કેમકે, દરેક વખતે ગજના અંગુળ કરી તેનું ક્ષેત્રફળ કાઢવું પડે છે; અને તેને ૨૭નો ભાગ દેવો પડે છે અને તેથી ઘણા માણસને કંટાળો આવે છે. તે કંટાળો દૂર કરવાને માટે આગળ બે રીત કોષ્ટક સાથે બતાવી છે.

નક્ષત્ર ગણવાની પ્રથમ રીતિ.

ગૃહ કે પ્રાસાદ ઇત્યાદિના પ્હોળાઈ અને લંબાઈના ગજ આપેલા કોષ્ટકમાંથી શોધી કાઢવા અને તે બંનેની લીટીઓ ભેગી કરતાં જે અંક આવે તેજ નક્ષત્ર. આ રીતે સ્હેલથી નક્ષત્ર ગણી શકાય છે. એ બાબત કોષ્ટક તથા રીતો નીચે દર્શાવેલાં છે.

નક્ષત્ર ગણવાની દ્વિતીય રીતિ.

હાલ આપણા દેશી કારીગરો જલદીથી નક્ષત્ર ગણે છે તેનું કારણ એ કે, તેઓ હરકોઇ ઘર કે પ્રાસાદના પ્હોળાઈ તથા લંબાઈ બંને તરફના ગજની લાંબી રકમ હોય તો તેને થોડી રકમ કરીને સરળતાથી ગણે છે; અને તેના નિયમ પણ ઘણા સારા છે; તેથી કરીને ઉપર બતાવેલી નક્ષત્ર ગણવાની બે રીતો આ ગ્રંથમાં ઘણા ખુલાસા સાથે આપવામાં આવશે અને તે વાંચેથી સમજાશે તોપણ તે ગણવામાં ઘણી મુશીબત નડે છે; કારણ કે ગણેલું નક્ષત્ર એક વખત ઉપયોગમાં ન આવ્યું તો બીજી વાર એટલીજ મ્હેનતે ગણવું પડે છે, અને એ પ્રમાણે ઘણી વાર બને છે. માટે આ અડચણ દૂર થાય અને મ્હેનત બચે એ હેતુથી નક્ષત્ર ગણવાની પ્રથમ રીતિ કોષ્ટક સાથે શોધી કાઢવામાં આવી છે અને તે વાંચી સ્પષ્ટ સમજવું.

કોષ્ટક સાથે નક્ષત્ર ગણવાની પે'લી રીત નીચે પ્રમાણેઃ—
અંગુલાત્મક નક્ષત્ર ગણવાનું કોષ્ટક.

(જૂઓ કોષ્ટક ૫ મું.)

બંને તરફ ૧થી તે ૨૩ એમ આંગળના અંકો (બાજૂએ તથા ઉપર) મૂકેલા છે, તેમાંથી આપણે જેટલા આંગળ રાખવા હોય તેટલા બંને બાજૂએથી શોધી કા'ડવા; પછી બંને લીટીઓ ભેગી કરવી અને તેમ કરવાથી જે અંક આવે તેટલાનું નક્ષત્ર છે એમ સમજવું.

ઉદાહરણ.

ધારોકે પ્હોળાઈ ૧૫ આંગળ છે, તો તે નિશાની ‡વાળા કોઠામાંથી શોધી કા'ડવા; લંબાઈમાં ૧૯ આંગળ છે તો તે નિશાની †વાળા કોઠામાંથી શોધી કા'ડવા; પછી બંને તરફની લીટીઓ ભેગી કરતાં નિશાની *વાળી સંખ્યા ૧૨ આવી માટે ૧૨મું નક્ષત્ર જે ઉત્તરા ફાલ્ગુની તે આવ્યું એમ સમજવું.

નક્ષત્ર ઉપરથી બંને બાજૂના આંગળ કા'ડવાનાં કોષ્ટકો.

(જૂઓ કોષ્ટકો ૬,૭ અને ૮.)

આ ત્રણે કોષ્ટકોમાં ઉપરની બાજૂએ નક્ષત્રોના દેવ, મનુષ્ય તથા રાક્ષસ ગણ બતાવ્યા છે, અને તેની નીચે નિશાની ‡થી જમણી તરફ નક્ષત્રોની દિશા બતાવી છે, અને તેની નીચે નિશાની +થી જમણી તરફ નક્ષત્રો બતાવ્યાં છે; નક્ષત્રોની નીચે નિશાની ૦થી જમણી તરફ નક્ષત્રોના અંક બતાવ્યા છે, અને એ અંકની નીચે એક આંગળથી તે ત્રેવિશ આંગળ સુધી છૂટા છૂટા અંક બતાવ્યા છે તે પ્હોળાઈના અગર લંબાઈના સમજવા; નિશાની *ની નીચે સીધી લીટીમાં એકથી તે ત્રેવિશ સુધી અનુક્રમે અંક મૂકયા છે તે પ્હોળાઈ અગર લંબાઈના આંગળ બતાવે છે. નીચે ઉદાહરણ આપ્યું છે તેથી કોષ્ટક વધુ સ્પષ્ટ થશે.

ઉદાહરણ.

ધારો કે ઉત્તર દિશાનું નક્ષત્ર દેવગણનું ૨૭મું રેવતી આણવું છે તો ૬ ઠ્ઠા કોષ્ટક માંથી રેવતી નક્ષત્ર શોધી કા'ડવું અને તેની નીચે સીધી

अङ्क त्रिजु

अंगुलात्मक नक्षत्र गणनानु

कोष्टक ५ पांचमु

उ

	१	२	३	४	५	६	७	८	९	१०	११	१२	१३	१४	१५	१६	१७	१८	१९	२०	२१	२२	२३
१	८	१६	२४	५	१३	२१	२	१०	१८	२६	७	१५	२३	४	१२	२०	१	९	१७	२५	६	१४	२२
२	१६	५	२१	१०	२६	१५	४	२०	९	२५	१४	३	१९	८	२४	१३	२	१८	७	२३	१२	१	१७
३	२४	२१	१८	१५	१२	९	६	३	२७	२४	२१	१८	१५	१२	९	६	३	२७	२४	२१	१८	१५	१२
४	५	१०	१५	२०	२५	३	८	१३	१८	२३	१	६	११	१६	२१	२६	४	९	१४	१९	२४	२	७
५	१३	२६	१२	२५	११	२४	१०	२३	९	२२	८	२१	७	२०	६	१९	५	१८	४	१७	३	१६	२
६	२१	१५	९	३	२४	१८	१२	६	२७	२१	१५	९	३	२४	१८	१२	६	२७	२१	१५	९	३	२४
७	२	४	६	८	१०	१२	१४	१६	१८	२०	२२	२४	२६	१	३	५	७	९	११	१३	१५	१७	१९
८	१०	२०	३	१३	२३	६	१६	२६	९	१९	२	१२	२२	५	१५	२५	८	१८	१	११	२१	४	१४
९	१८	९	२७	१८	९	२७	१८	९	२७	१८	९	२७	१८	९	२७	१८	९	२७	१८	९	२७	१८	९
१०	२६	२५	२४	२३	२२	२१	२०	१९	१८	१७	१६	१५	१४	१३	१२	११	१०	९	८	७	६	५	४
११	७	१४	२१	१	८	१५	२२	२	९	१६	२३	३	१०	१७	२४	४	११	१८	२५	५	१२	१९	२६
१२	१५	३	१८	६	२१	९	२४	१२	२७	१५	३	१८	६	२१	९	२४	१२	२७	१५	३	१८	६	२१
१३	२३	१९	१५	११	७	३	२६	२२	१८	१४	१०	६	२	२५	२१	१७	१३	९	५	१	२४	२०	१६
१४	४	८	१२	१६	२०	२४	१	५	९	१३	१७	२१	२५	२	६	१०	१४	१८	२२	२६	३	७	११
१५	१२	२४	९	२१	६	१८	३	१५	२७	१२	२४	९	२१	६	१८	३	१५	२७	१२	२४	९	२१	६
१६	२०	१३	६	२६	१९	१२	५	२५	१८	११	४	२४	१७	१०	३	२३	१६	९	२	२२	१५	८	१
१७	१	२	३	४	५	६	७	८	९	१०	११	१२	१३	१४	१५	१६	१७	१८	१९	२०	२१	२२	२३
१८	९	१८	२७	९	१८	२७	९	१८	२७	९	१८	२७	९	१८	२७	९	१८	२७	९	१८	२७	९	१८
अ १९	१७	७	२४	१४	४	२१	११	१	१८	८	२५	१५	५	२२	१२	२	१९	९	२६	१६	६	२३	१३
२०	२५	२३	२१	१९	१७	१५	१३	११	९	७	५	३	१	२६	२४	२२	२०	१८	१६	१४	१२	१०	८
२१	६	१२	१८	२४	३	९	१५	२१	२७	६	१२	१८	२४	३	९	१५	२१	२७	६	१२	१८	२४	३
२२	१४	१	१५	२	१६	३	१७	४	१८	५	१९	६	२०	७	२१	८	२२	९	२३	१०	२४	११	२५
२३	२२	१७	१२	७	२	२४	१९	१४	९	४	२६	२१	१६	११	६	१	२३	१८	१३	८	३	२५	२०

नक्षत्र उपरथी बन्ने बाजूना आगळ काढवाना कोष्टको.

कोष्टक ६ छठ्ठु — कोष्टक ७ सातमु — कोष्टक ८ आठमु

	देव गण									मनुष्य गण									राक्षस गण								
	पूर्व			दक्षि		पाश्चि		उत्त.		पूर्व		दक्षि		पाश्चि		उत्तर			पूर्व		दक्षि			पाश्चि			उ
	मृग	पुष्य	पुन	हस्त	स्वाति	अनु	श्रव	अश्वि	रेव	रोहि	आर्द्रा	पूफा	उफा	पूषा	उषा	भर	पूभा	उभा	कृत्ति	आश्ले	विशा	मघा	ज्येष्ठा	मूल	धनि	शत	
०	५	८	७	१३	१५	१७	२२	१	२७	४	६	११	१२	२०	२१	२	२५	२६	३	९	१६	१०	१८	१९	२३	१८	२
*									उ																		
१	·	१	११	५	१२	१९	२३	१७		१४	२१	०	१५	१६	६	७	२०	१०		१८	२	८	२२	·	१३	९	
२	२	१४	१९	१६	६	२३	·	२३		७	·	·	२१	८	३	१७	१०	५	१२	९	·	४	११	१३	२०	१८	
३	·	·	·	·	४	·	·	·	९/१८	·	१६	·	·	·	११	·	·	·	·	६	·	·	·	·	·	३/१८	
४	१	७	२३	८	·	·	·	·	·	१७	१२	१३	·	४	·	·	५	१६	·	१९	१४	·	१९	२०	१०	९	
५	१५	११	१३	९	·	२०	१०	·	·	१९	२५	५	३	१४	१२	·	·	·	२१	९	२२	७	·	१६	८	·	
६	·	·	·	·	११	·	·	२३	९/१८	·	·	·	७	·	·	·	·	·	४	१२	·	·	·	·	·	६	
७	१६	·	१७	२०	२१	२२	११	१४	·	·	३	१९	·	१०	·	·	·	१३	१५	१८	८	·	७	२३	·	·	
८	१४	१७	·	·	१५	·	१३	१९	·	२२	६	२०	१२	·	२०	·	१६	८	३	९	·	·	२३	१०	·	१८	
९	·	·	·	·	·	·	·	·	१२/९	·	·	·	·	·	·	·	·	·	·	११	·	·	·	·	·	७	
१०	२२	१७	२०	१४	१२	१०	·	·	·	२३	२१	१६	१५	·	६	·	·	·	·	१८	११	१७	१३	·		९	
११	२०	·	·	·	·	१४	·	४	·	१६	·	१७	२१	·	·	८	१९	२३	१२	·	१६	१३	१४	२२	११	१८	
१२	·	·	·	·	·	·	·	·	९/१८	·	२२	·	१७	·	१४	··	·	·	·	१५	·	·	·	·	·	१२/३	
१३	१९	·	·	१७	३	१६	·	२०	·	·	१२	·	·	२२	१५	१३	१४	·	६	१८	२३	·	·	·	·	९	
१४	·		२२	·	·	·	१९	·	·	·	·	२३	३	·	·	१४	·	२०	·	९	·	१६	१७	·	·	१	
अ १५	·	·	·	·	१७	·	·	३	९/१८	·	१४	·	·	·	४	·	·	·	१६	३/२१	·	·	·	·	·	१५/६	
१६	·	२२	·	·	·	·	·	२३	·	·	·	·	६	·	·	·	·	·	·	१८	·	·	·	·	१६	९	
१७	·	·	·	·	·	१७	·	·	·	·	६	·	·	·	२१	·	·	·	३	९	१६	·	·	१९	२३	१	
१८	·	·	·	·	·	·	·	·	९/१८	·	·	·	·	·	·	·	·	·	·	१०	·	·	·	·	·	·	
१९	·	·	·	२३	१२	·	·	·	·	·	२१	·	१५	·	६	१६	·	१९	·	१८	·	·	·	·	२२	८	
२०	०	२३	·	·	६	·	१६	·	·	·	·	·	·	१७	३	·	·	·	१२	९	१९	२२	२०	·	·	१	
२१	·	·	·	·	१६	·	·	·	९/१८	·	·	·	२०	·	·	·	·	·	१४	६	·	·	·	·	·	१	
२२	·	·	·	·	३	·	१७	·	·	·	·	२२	·	·	१५	४	·	·	६	१८	·	·	·	·	·	८	
२३	·	·	·	·	·	·	·	·	·	·	१५	·	३	२३	१२	५	२२	·	२१	९	·	·	·	·	·	१	

લીટીમાં નિશાની ઢવાળા કોઠામાંથી પ્હોળાઈ અગર લંબાઈનો ૧૬મો અંક શોધી કાડવો; અને એ ૧૬મા અંકની ડાબી બાજૂએ નિશાની અવાળા કોઠામાં ૧૫નો અંક આવે છે માટે પ્હોળાઈ ૧૫ આંગળ અને લંબાઈ ૧૬ આંગળનું ૨૭મું નક્ષત્ર રેવતી ઉત્તર દિશાનું આવ્યું. આવી રીતે ઉપરના કોષ્ટકોમાંથી ગમે તે નક્ષત્રપરથી પ્હોળાઈ અગર લંબાઈના આંગળ શોધી કાડવામાં આવે છે.

अथ गजांगुलात्मकनक्षत्रमक णम्.

(જૂઓ કોષ્ટક ૯ મું.)

આ કોષ્ટકમાં નિશાની *થી જમણી તરફ ૧થી તે ૯ ગજ સુધી અને તેના ઉપર જોઈતા આંગળ મૂકયા છે. નિશાની +ની નીચે ૧થી તે ૨૪ આંગળના અંક મૂકયા છે, અને તે અંકની નીચે ૨૭ નક્ષત્રના અંક મૂકયા છે. હવે એમાંથી ગજ અને આંગળનો અંક શોધી કાડો અને બંને લીટીઓ ભેગી કરતાં જે અંક આવે તેટલામું નક્ષત્ર આવ્યું એમ સમજવું. આવી રીતે દરેક ગજ અને આંગળ ઉપરથી નક્ષત્ર ગણી શકાય છે. સ્પષ્ટીકરણ માટે નીચેનું ઉદાહરણ જોવું.

ઉદાહરણ.

કોઈપણ ઘરનો ભાગ લંબાઈમાં ૪ ગજ ને ૮ આંગળ છે તો તે નિશાની ઢવાળા કોઠામાંથી શોધી કાડવા અને પ્હોળાઈ ૨૨ આંગળ હોય તો તે નિશાની અવાળા કોઠામાંથી શોધી કાડવા. એ બંને કોઠાની લીટીઓ નિશાની કના કોઠામાં ભેગી કરતાં ૨૫નો અંક આવે છે; માટે તે ઘરનું ૨૫મું નક્ષત્ર જાણવું. આ પ્રમાણે નક્ષત્રો કોષ્ટકમાંથી નિકળી આવશે.

નક્ષત્ર ઉપરથી ગજ તથા આંગળ કાડવાનાં કોષ્ટકો સમજવાની રીત.

(જૂઓ કોષ્ટકો ૧૦, ૧૧, અને ૧૨.)

નક્ષત્ર ઉપરથી ગજ તથા આંગળ કાડવાનાં કોષ્ટકો દેવ, મનુષ્ય, અને રાક્ષસ એમ ત્રણ ગણનાં છે, એ ત્રણેમાં ઉપરની બાજૂએ નિશાની + ની નીચે નક્ષત્રની દિશાઓ આપી છે, અને દિશાની સાથે નિશાની *ની

નીચે નક્ષત્રનાં નામ આપ્યાં છે; નક્ષત્રની સાથે નિશાની ૦ની નીચે નક્ષત્રના અંક મૂકયા છે; તથા અંકની બાજૂએ ૧ થી ૨૪ સુધી આંગળના અંક મૂકયા છે; એ અંકની ઉપર પ્હોળાઈના ગજ તથા આંગળના ૮ કોઠા છે. આ રીતનું સ્પષ્ટીકરણ નીચેના ઉદાહરણથી થશે.

ઉદાહરણ.

ધારો કે ઉત્તર દિશાનું નક્ષત્ર **૧ આશ્વિની** દેવગણનું આણવું છે, તો પ્હોળાઇનો અંક લાવવાને માટે ૧૦મા કોષ્ટકમાંથી નિશાની અવાળા કોઠામાંનું અશ્વિની નક્ષત્ર શોધી કા'ડવું, અને તેની જમણી તરપ સીધી લીટીમાં નિશાની ઙવાળા કોઠામાંથી પ્હોળાઈના આંગળ ૧૬નો અંક જોવો. એ અંકની ઉપરની બાજૂએ નિશાની ઊવાળા કોઠામાં ૪ ગજ અને ૮ આંગળનો અંક આવ્યો છે, માટે પ્હોળાઈમાં ૧૬ આંગળ અને લંબાઈમાં ૪ ગજ ને ૮ આંગળ હોય તેનું અશ્વિની નક્ષત્ર ઉત્તર દિશાનું આવ્યું. આવી રીતે ૧લું દેવગણનું, ૨જું મનુષ્ય ગણનું અને ૩જું રાક્ષસ ગણનું એમ ત્રણ કોષ્ટકો આપેલાં છે, તેમાં ગમે તે નક્ષત્રપરથી પ્હોળાઈ અગર લંબાઈના આંગળ નિકળે છે.

ગજાત્મક આય તથા નક્ષત્ર કા'ડવાનું કોષ્ટક સમજવાની રીત.

(જૂઓ કોષ્ટક ૧૩ મું.)

નંબર ૧ તથા ૩ના કોઠાઓમાં પ્હોળાઈના તથા લંબાઈના ગજ અને આંગળ આપેલા છે. વળી નંબર ૨ના કોઠામાં આઠ આયોના અંક મૂકેલા છે તથા નંબર ૪ના કોઠામાં ૨૭ નક્ષત્રના અંક મૂકેલા છે. આ કોષ્ટકના સ્પષ્ટીકરણ માટે નીચે ઉદાહરણ આપ્યું છે.

ઉદાહરણ.

ધારો કે કોઈ ઘરનો એક ભાગ ૪ ગજ અને ૮ આંગળ સમચોરસ છે, તો તે નિશાની **ह** અને **क**ના કોઠામાંથી શોધી કા'ડવા. નિશાની **ह**થી નીચેની સીધી લીટી નિશાની **क**થી જમણી તરપ સીધી લીટી સાથે ભેગી કરતાં ૨૦નો અંક આવે છે. માટે ૨૦મું **પૂર્વાષાઢા** મનુષ્ય ગણનું નક્ષત્ર આવ્યું એમ જાણવું.

હવે નિશાની **ह**થી ડાબી બાજૂએ સીધી લીટીને નિશાની **क**થી ઉપર સીધી લીટી સાથે ભેગી કરતાં આઠનો અંક આવે છે માટે આઠમો

ધ્વાંક્ષ આય આવ્યો એમ જાણવું. આવી રીતે ગજનાં બંને તરફનાં આઠ આઠ ખાનાંમાંથી ગજ અને તેના આંગળ ઉપરથી આય વગેરે નિકળે છે. ૧૦ ગજ હોય તો ૧ ગજથી ગણીએ તો ચાલે. એ બાબત ખુલાસો નક્ષત્ર ગણવાની બીજી રીતમાં આપ્યો છે.

નક્ષત્રાત્મક ગજ અને ગજાત્મક આય કાંડવાનું કોષ્ટક સમજવાની રીત.

નક્ષત્ર સત્તાવિશ છે અને તેનાં કોષ્ટક પણ સત્તાવિશ છે; તેમાં ૯ દેવગણ નક્ષત્રનાં, ૯ મનુષ્ય ગણનાં, અને ૯ રાક્ષસ ગણ નક્ષત્રનાં છે; નક્ષત્રના અંકની ઉપર તથા ડાબી બાજૂએ સીધી લીટીમાં ગજ અને આંગળનાં આઠ આઠ ખાનાં છે; તેમાં પ્હોળાઇના તથા લંબાઇના ગજ અને આંગળના અંક મૂકયા છે. અને તે ગજ તથા આંગળોની ઉપર અને ડાબી બાજૂએ ૮ આયનાં કોષ્ટક છે. આ સર્વે બરાબર સમજવા સારૂ નીચે ઉદાહરણ આપ્યું છે.

ઉદાહરણ.

ધારો કે પૂર્વ દિશાનું ૫મું મૃગશીર્ષ નક્ષત્ર આણવું છે તો નિશાની અવાળા કોઠામાંથી તે શોધી કાંડવું અને તે નક્ષત્રની ઉપર સીધી લીટીમાં નિશાની ક્ષવાળા કોઠામાંથી ૨ ગજ અને ૧૬ આંગળનો પ્હોળાઇનો અંક શોધી કાંડવો. જે નક્ષત્ર રાખ્યું છે તે નક્ષત્રની ડાબી બાજૂએ સીધી લીટીમાં નિશાની ઉવાળા કોઠામાંથી ૭ ગજ અને ૧૬ આંગળનો લંબાઈનો અંક શોધી કાંડવો.

હવે પ્હોળાઇ ૨ ગજ અને ૧૬ આંગળ તથા લંબાઇ ૭ ગજ અને ૧૬ આંગળ છે, અને તેનું નક્ષત્ર મૃગશીર્ષ દેવગણનું આવ્યું છે. ગજ ઉપરથી આય ગણવો હોય તો નિશાની ઉવાળા કોઠાની ઉપર સીધી લીટીમાં તથા નિશાની ક્ષવાળા કોઠાની ડાબી બાજૂએ સીધી લીટીમાં બંને નિશાનીઓની લીટીઓ ભેગી કરતાં નિશાની કવાળા કોઠામાં ૮નો અંક આવ્યો માટે ૮મો ધ્વાંક્ષ આય આવ્યો. આવી રીતે ૧૪ થી તે ૪૧ સુધીના દરેક કોષ્ટકમાં ગણવાથી આય તથા નક્ષત્ર આવશે.

નક્ષત્ર ગણવાની બીજી રીતના નિયમ.

૧. ફક્ત એક સમચોરસ ગજ હોય તો તેના અંગુળ કરીને નક્ષત્ર ગણવાં.

૨. એક ગજ ઉપર ત્રણ આંગળ કરતાં વધારે આંગળ હોય તો એક ગજ ત્રણ આંગળ કાપી નાખી બાકીનાના આંગળ ગણી નક્ષત્ર લાવવાં.

૩. દરેક ગજ ઉપર ત્રણ ત્રણ આંગળ પૂરેપૂરા હોય (એટલે ૧ ગજ ૩ આંગળ, ૨ ગજ ૬ આંગળ, ૩ ગજ ૯ આંગળ, ૪ ગજ ૧૨ આંગળ, ૫ ગજ ૧૫ આંગળ, ૬ ગજ ૧૮ આંગળ, ૭ ગજ ૨૧ આંગળ, ૮ ગજ ૨૪ આંગળ, ઇ.) તો તેનું ૨૭મું નક્ષત્ર આવશે.

૪. દરેક ગજે ત્રણ આંગળ કાપવાનો નિયમ છતાં, દરેક ગજના પૂરા આંગળ કપાતા ન હોય તો અમુક આપેલા ગજમાંથી એક ગજ લેઇ તેના ૨૪ આંગળ ગજ ઉપરના આંગળમાં ઉમેરવા અને તે આંગળો-માંથી બાકી રહેલા દરેક ગજે ત્રણ આંગળ કાપીને શેષ રહેલા આંગ-ળનું નક્ષત્ર ગણવું.

૫. પ્હોળાઈ તથા લંબાઈના આંગળોનો ગુણાકાર કરતાં જો અંક ૧૦૮થી વધારે આવે તો તેમાંથી દર ૧૦૦ આંગળે ઉપરના ૮ આંગળો કાપવા અને બાકી જેટલા આંગળો રહે તે આંગળને સત્તાવિશનો ભાગ દેતાં જે અંક આવે તેટલામી મૂળરાશિ આવી એમ સમજવું.

૬. આવેલી મૂળરાશિના અંકને સવાગણો કરતાં જે અંક આવે તેટલામું નક્ષત્ર જાણવું; પણ મૂળરાશિના અંકને સવાગણો કરતાં *પાણો આવે તો દરેક પાણના સાત આંગળ લેઈ આખા આંગળો ભેગા કરી નક્ષત્ર લાવવાં.

૭. લંબાઈ તથા પ્હોળાઈના આંગળમાં પાણો આવી હોય તો દરેક પાણના ૭ આંગળ લેઇ આખા આંગળમાં ઉમેરીને પછી બંને અંકને ગુણતાં જે અંક આવે તેને ૨૭ નો ભાગ આપવો અને જે શેષ રહે તેટલામી મૂળરાશિ આવી એમ જાણવું.

૮. દશ ગજ થાય ત્યારે એક ગજનું નક્ષત્ર ગણવાથી ચાલશે.

૯. દરેક દશ ગજે એક ગજનું નક્ષત્ર ગણતાં ૯૦ ગજે ૯ ગજનું નક્ષત્ર ગણીએ તો ચાલે.

૧૦. સો ગજ થાય ત્યારે એક ગજનું નક્ષત્ર ગણવાથી ચાલશે.

---

* એક પાણ એટલે એક ચતુર્થાંશ, બે પાણ એટલે દ્વિતીયાંશ, ત્રણ પાણ એટલે ત્રણ ચતુર્થાંશ.

अङ्क ३ जु.

कोष्टक १ मु.

एक बाजू गज होय अने बीजी बाजू अंगुल होय तो तेनु नक्षत्र गणवानुं कोष्टक.

अ

० + १ + ० + १ + ० + ० + ० + ० + ०	१	२	३	४	५	६	७	८	९	१०	११	१२	१३	१४	१५	१६	१७	१८	१९	२०	२१	२२	२३	२४
४ १ ६ ३ ९ ५ २ ८ ११ ७ २२ १३ ४ १९ १० १	५	१०	१५	२०	२५	३	८	१३	१८	२३	१	६	११	१६	२१	२६	४	९	१४	१९	२४	२	७	१२
५ १ ७ ३ ९ ६ २ ८ ० १५ ६ २१ १२ ३ १८ ९	१४	३	१८	६	२१	९	२४	१२	२७	१५	३	१८	६	२१	९	२४	१२	२७	१५	३	१८	६	२१	९
५ १ ७ ४ ९ ६ ३ ८ ८ २३ १४ ५ २० ११ २ १७	२५	२३	२१	१९	१७	१५	१३	११	९	७	५	३	१	२६	२४	२२	२०	१८	१६	१४	१२	१०	८	६
५ २ ७ ४ १ ६ ३ ९ १६ ७ २२ १३ ४ १९ १० १	८	१६	२४	५	१३	२१	२	१०	१८	२६	७	१५	२३	४	१२	२०	१	९	१७	२५	६	१४	२२	३
६ २ ८ ४ १ ७ ३ ९ ० १५ ६ २१ १२ ३ १८ ९	१८	९	२७	१८	९	२७	१८	९	२७	१८	९	२७	१८	९	२७	१८	९	२७	१८	९	२७	१८	९	२७
६ २ ८ ५ १ ७ ४ ९ ८ २३ १४ ५ २० ११ २ १७	१	२	३	४	५	६	७	८	९	१०	११	१२	१३	१४	१५	१६	१७	१८	१९	२०	२१	२२	२३	२४
६ ३ ८ ५ २ ७ ४ १ १६ ७ २२ १३ ४ १९ १० १	११	२२	६	१७	१	१२	२३	७	१८	२	१३	२४	८	१९	३	१४	२५	९	२०	४	१५	२६	१०	२१
७ ३ ९ ५ २ ८ ४ १ ० १५ ६ २१ १२ ३ १८ ९	२१	१५	९	३	२४	१८	१२	६	२७	२१	१५	९	३	२४	१८	१२	६	२७	२१	१५	९	३	२४	१८
७ ३ ९ ६ २ ८ ५ १ ८ २३ १४ ५ २० ११ २ १७	४	८	१२	१६	२०	२४	१	५	९	१३	१७	२१	२५	२	६	१०	१४	१८	२२	२६	३	७	११	१५
७ ४ ९ ६ ३ ८ ५ २ १६ ७ २२ १३ ४ १९ १० १	१४	१	१५	२	१६	३	१७	४	१८	५	१९	६	२०	७	२१	८	२२	९	२३	१०	२४	११	२५	१२
८ ४ १ ६ ३ ९ ५ २ ० १५ ६ २२ १२ ३ १८ ९	२४	२१	१८	१५	१२	९	६	३	२७	२४	२१	१८	१५	१२	९	६	३	२७	२४	२१	१८	१५	१२	९
८ ४ १ ७ ३ ९ ६ २ ८ २३ १४ ५ २० ११ २ १७	७	१४	२१	१	८	१५	२२	२	९	१६	२३	३	१०	१७	२४	४	११	१८	२५	५	१२	१९	२६	६
८ ५ १ ७ ४ ९ ६ ३ १६ ७ २२ १३ ४ १९ १० १	१७	७	२४	१४	४	२१	११	१	१८	८	२५	१५	५	२२	१२	२	१९	९	२६	१६	६	२३	१३	३
९ ५ २ ७ ४ १ ६ ३ ० १५ ६ २१ १२ ३ १८ ९	२७	२७	२७	२७	२७	२७	२७	२७	२७	२७	२७	२७	२७	२७	२७	२७	२७	२७	२७	२७	२७	२७	२७	२७
९ ५ २ ८ ४ १ ७ ३ ८ २३ १४ ५ २० ११ २ १७	१०	२०	३	१३	२३	६	१६	२६	९	१९	२	१२	२२	५	१५	२५	८	१८	१	११	२१	४	१४	२४
९ ६ २ ८ ५ १ ७ ४ १६ ७ २२ १३ ४ १९ १० १	२०	१३	६	२६	१९	१२	५	२५	१८	११	४	२४	१७	१०	३	२३	१६	९	२	२२	१५	८	१	२१
१ ६ ३ ८ ५ २ ७ ४ ० १५ ६ २१ १२ ३ १८ ९	३	६	९	१२	१५	१८	२१	२४	२७	३	६	९	१२	१५	१८	२१	२४	२७	३	६	९	१२	१५	१८
१ ६ ३ ९ ५ २ ८ ४ ८ २३ १४ ५ २० ११ २ १७	१३	२६	१२	२५	११	२४	१०	२३	९	२२	८	२१	७	२०	६	१९	५	१८	४	१७	३	१६	२	१५
१ ७ ३ ९ ६ २ ८ ५ १६ ७ २२ १३ ४ १९ १० १	२३	१९	१५	११	७	३	२६	२२	१८	१४	१०	६	२	२५	२१	१७	१३	९	५	१	२४	२०	१६	१२
२ ७ ४ ९ ६ ३ ८ ५ ० १५ ६ २१ १२ ३ १८ ९	६	१२	१८	२४	३	९	१५	२१	२७	६	१२	१८	२४	३	९	१५	२१	२७	६	१२	१८	२४	३	९
२ ७ ४ १ ६ ३ ९ ५ ८ २३ १४ ५ २० ११ २ १७	१६	५	२१	१०	२६	१५	४	२०	९	२५	१४	३	१९	८	२४	१३	२	१८	७	२३	१२	१	१७	६
२ ८ ४ १ ७ ३ ९ ६ १६ ७ २२ १३ ४ १९ १० १	२६	२५	२४	२३	२२	२१	२०	१९	१८	१७	१६	१५	१४	१३	१२	११	१०	९	८	७	६	५	४	३
३ ८ ५ १ ७ ४ ९ ६ ० १५ ६ २१ १२ ३ १८ ९	९	१८	२७	९	१८	२७	९	१८	२७	९	१८	२७	९	१८	२७	९	१८	२७	९	१८	२७	९	१८	२७
३ ८ ५ २ ७ ४ १ ६ ८ २३ १४ ५ २० ११ २ १७	१९	११	३	२२	१४	६	२५	१७	९	१	२०	१२	४	२३	१५	७	२६	१८	१०	२	२१	१३	५	२४
३ ९ ५ २ ८ ४ १ ७ १६ ७ २२ १३ ४ १९ १० १	२	४	६	८	१०	१२	१४	१६	१८	२०	२२	२४	२६	१	३	५	७	९	११	१३	१५	१७	१९	२१
३ ९ ६ २ ८ ५ १ ७ ० १५ ६ २१ १२ ३ १८ ९	१२	२४	९	२१	६	१८	३	१५	२७	१२	२४	९	२१	६	१८	३	१५	२७	१२	२४	९	२१	६	१८
४ ९ ६ ३ ८ ५ २ ७ ८ २३ १४ ५ २० ११ २ १७	२२	१७	१२	७	२	२४	१९	१४	९	४	२६	२१	१६	११	६	१	२३	१८	१३	८	३	२५	२०	१५

नक्षत्र उपरथी गज तथा आंगुल काढवानां

कोष्टको - १० ११ अने १२.

		+	४	५	५	५	६	६	६	६	६	७	७	७	८	८	८	९	९	९	९	९	१	१	१	२	२	२	३	३	३	३	३	४	४
		०	१६	०	८	१६	०	०	०	८	१६	०	८	१६	०	८	१६	०	०	०	८	१६	०	८	१६	०	८	१६	०	०	०	८	१६	०	८
		+	१	१	१	२	२	२	२	२	३	३	३	४	४	४	५	५	५	५	५	६	६	६	७	७	७	८	८	८	८	८	९	९	९
		०	७	१५	२३	७	१५	१५	१५	२३	७	१५	२३	७	१५	२३	७	१५	१५	१५	२३	७	१५	२३	७	१५	२३	७	१५	१५	१५	२३	७	१५	२३
		+	६	७	७	७	८	८	८	८	८	९	९	९	९	१	१	२	२	२	२	२	३	३	३	४	४	४	५	५	५	५	५	६	६
		०	२२	६	१४	२२	६	६	६	१४	२२	६	१४	२२	६	१४	२२	६	६	६	१४	२२	६	१४	२२	६	१४	२२	६	६	६	१४	२२	६	१४
		+	३	३	४	४	४	४	४	५	५	५	६	६	६	७	७	७	७	७	८	८	८	९	९	९	१	१	१	१	१	२	२	२	३
		०	१३	२१	५	१३	२१	२१	२१	५	१३	२१	५	१३	२१	५	१३	२१	२१	२१	५	१३	२१	५	१३	२१	५	१३	२१	२१	२१	५	१३	२१	५
		+	१	१	१	१	१	१	१	१	२	२	२	३	३	३	४	४	४	४	४	५	५	५	६	६	६	७	७	७	७	७	८	८	८
		०	४	१२	२०	४	१२	१२	१२	२०	४	१२	२०	४	१२	२०	४	१२	१२	१२	२०	४	१२	२०	४	१२	२०	४	१२	१२	१२	२०	४	१२	२०
		+	५	६	६	६	७	७	७	७	७	८	८	८	९	९	९	१	१	१	१	१	२	२	२	३	३	३	४	४	४	४	४	५	५
		०	१९	३	११	१९	३	३	३	११	१९	३	११	१९	३	११	१९	३	३	३	११	१९	३	११	१९	३	११	१९	३	३	३	११	१९	३	११
		+	२	२	३	३	३	३	३	४	४	४	५	५	५	६	६	६	६	६	७	७	७	८	८	८	९	९	९	९	९	१	१	१	२
		०	१०	१८	२	१०	१८	१८	१८	२	१०	१८	२	१०	१८	२	१०	१८	१८	१८	२	१०	१८	२	१०	१८	२	१०	१८	१८	१८	२	१०	१८	२
		+	८	८	८	९	९	९	९	९	१	१	१	२	२	२	३	३	३	३	३	४	४	४	५	५	५	६	६	६	६	६	७	७	७
		०	१	९	१७	१	९	९	९	१७	१	९	१७	१	९	१७	१	९	९	९	१७	१	९	१७	१	९	१७	१	९	९	९	१७	१	९	१७
×	*	०																																	
देवगण नक्षत्र कोष्टक अने तेनी दिशाओ																																			
पूर्व	मृग.	५	१	·	११	४	·	·	·	५	·	·	८	१०	·	२०	१३	·	·	·	१४	७	·	१७	१९	·	२	२२	·	·	·	२३	१६	·	·
	पुन.	७	२३	·	१०	११	·	·	·	७	८	·	२२	१४	·	५	२	·	·	·	·	·	·	१३	५	·	१९	२०	·	·	·	१६	१७	·	४
	पुष्य	८	७	·	२३	१	·	·	·	८	१३	·	१२	१६	·	५	१०	·	·	·	१७	२२	·	१९	·	·	१४	१९	·	·	·	·	४	·	२०
दक्षिण	स्वाती	१५	३	१	६	१२	·	·	·	१४	२१	२	२४	३	४	६	१२	·	·	·	१४	२१	५	२४	३	७	६	१२	·	·	·	१४	२१	८	२४
	”		१	१०	·	·	·	·	·	·	·	११	·	·	१३	·	·	·	·	·	·	·	१४	·	·	१६	·	·	·	·	·	·	·	१७	·
	”		१६	१९	·	·	·	·	·	·	·	२०	·	·	२२	·	·	·	·	·	·	·	२३	·	·	·	·	·	·	·	·	·	·	·	·
	हस्त	१३	८	·	७	५	·	·	·	१३	११	·	१०	·	·	·	२३	·	·	·	४	२	·	१	१७	·	१६	१४	·	·	·	२२	२०	·	१६
पश्चिम	श्रव.	२२	·	·	१६	२३	·	·	·	२२	२	·	१९	१७	·	७	१४	·	·	·	१३	२०	·	१०	८	·	·	५	·	·	·	४	११	·	१
	अनु.	१७	·	·	५	१६	·	·	·	१७	४	·	११	७	·	१४	१	·	·	·	·	१३	·	२०	१६	·	२३	१०	·	·	·	८	२२	·	२
उत्तर	आश्वि.	१	११	·	१३	१७	·	·	·	१	५	·	७	२	·	३	८	·	·	·	१६	२३	·	·	२०	·	२२	·	·	·	·	१०	२४	·	१६
	रेव.	२७	·	१८	·	·	३	६	९	·	·	१८	·	·	१८	·	·	१	२	३	·	·	१८	·	·	१८	·	·	३	६	९	·	·	१८	·
	”		·	९	·	·	१२	१५	१८	·	·	९	·	·	९	·	·	४	५	६	·	·	९	·	·	९	·	·	१२	१५	१८	·	·	९	·
	”		·	·	·	·	२१	२४	०	·	·	·	·	·	·	·	·	७	८	९	·	·	·	·	·	·	·	·	२१	२४	·	·	·	·	·
	”		·	·	·	·	·	·	·	·	·	·	·	·	·	·	·	१०	११	१२	·	·	·	·	·	·	·	·	·	·	·	·	·	·	·
	”		·	·	·	·	·	·	·	·	·	·	·	·	·	·	·	१३	१४	१५	·	·	·	·	·	·	·	·	·	·	·	·	·	·	·
	”		·	·	·	·	·	·	·	·	·	·	·	·	·	·	·	१६	१७	१८	·	·	·	·	·	·	·	·	·	·	·	·	·	·	·
	”		·	·	·	·	·	·	·	·	·	·	·	·	·	·	·	१९ २२	२० २३	२१ २४	·	·	·	·	·	·	·	·	·	·	·	·	·	·	·
	”																																		
मनुष्यगण नक्षत्र कोष्टक अने तेनी दिशाओ																																			
पूर्व	रोहि.	४	१७	·	·	१४	·	·	·	४	२०	·	१	८	·	१६	५	·	·	·	२२	११	-	१९	·	·	७	२३	·	·	·	१३	२	·	१०
	आर्द्रा	६	१२	४	२४	२१	·	·	·	६	३	८	१४	१२	७	२४	२१	·	·	·	६	३	२	१४	१२	१	१४	२१	·	·	·	६	३	५	१४
	”		·	१३	·	·	·	·	·	·	·	१७	·	·	१६	·	·	·	·	·	·	·	१९	·	·	१०	·	·	·	·	·	·	·	१४	·
	”		·	२२	·	·	·	·	·	·	·	·	·	·	·	·	·	·	·	·	·	·	२०	·	·	१९	·	·	·	·	·	·	·	२३	·
दक्षिण	पू.फा.	११	१३	·	८	·	·	·	·	११	१	·	२३	२२	·	१७	७	·	·	·	२०	१०	·	५	४	·	·	१६	·	·	·	२	१९	·	१४
	उ.फा.	१२	२४	८	२१	१५	·	·	·	१२	६	७	३	२४	५	२१	१५	·	·	·	१२	६	४	३	२४	२	२१	१५	·	·	·	१२	६	१	७
	”		·	१७	·	·	·	·	·	·	·	१६	·	·	१४	·	·	·	·	·	·	·	१३	·	·	११	·	·	·	·	·	·	·	१०	·
	”		·	·	·	·	·	·	·	·	·	·	·	·	२३	·	·	·	·	·	·	·	२२	·	·	२०	·	·	·	·	·	·	·	१६	·
पश्चिम	पू.षा.	२०	४	·	१७	१६	·	·	·	२०	१६	·	५	१३	·	·	·	·	·	·	२	१	·	१४	२२	·	८	१७	·	·	·	११	१०	·	२३
	उ.षा	२१	१५	५	३	६	·	·	·	२१	२४	१	१२	१४	२	३	६	·	·	·	२१	२४	७	१२	१५	८	३	६	·	·	·	२१	२४	४	२२
	”		·	१४	·	·	·	·	·	·	·	१०	·	·	११	·	·	·	·	·	·	·	१६	·	·	१७	·	·	·	·	·	·	·	१३	·
	”		·	२३	·	·	·	·	·	·	·	१९	·	·	२०	·	·	·	·	·	·	·	·	·	·	·	·	·	·	·	·	·	·	२२	·
उत्तर	भर.	२	२२	·	·	७	·	·	·	२	१०	·	१४	४	·	८	१६	·	·	·	११	१६	·	२३	१३	·	१७	·	·	·	·	२०	१	·	५
	पू.भा.	२५	५	·	१	२०	·	·	·	·	१७	·	१३	२३	·	१६	११	·	·	·	१६	८	·	४	१४	·	१०	२	·	·	·	७	·	·	२२
	उ.भा.	२६	१६	·	१४	१०	·	·	·	·	२२	·	२०	·	·	२३	१६	·	·	·	८	४	·	२	७	·	५	१	·	·	·	१४	१३	·	११
राक्षसगण नक्षत्र कोष्टक अने तेनी दिशाओ																																			
पूर्व	कृत्ति.	३	६	२ ११	१२	२४	·	·	·	३	१५	४ १३	२१	६	८	१२	२४	·	·	·	३	१५	१	२१	६	५	१३	२४	·	·	·	३	१४	७	२१
	”		·	२०	·	·	·	·	·	·	·	२२	·	·	१७	·	·	·	·	·	·	·	१० १९	·	·	१४ २३	·	·	·	·	·	·	·	१६	·
	अश्ले	९	१८	६	९	१८	२	११	२०	९	१८	३	९	१८	६	९	१८	·	·	·	९	१८	३	९	१८	६	९	१८	१	१०	१९	६	१८	३	६
	”		·	·	·	·	५	१४	२३	·	७	१२	·	·	१५	·	·	·	·	·	·	·	१२	·	·	१५	·	·	४	१३	२२	·	·	१२	·
	”		·	·	·	·	८	१७	·	·	·	२१	·	·	२४	·	·	·	·	·	·	·	२१	·	·	२४	·	·	७	१६	·	·	·	२१	·
दक्षिण	विशा.	१६	१४	·	१६	२	·	·	·	१६	·	·	४	५	·	१०	२०	·	·	·	७	१७	·	२	२३	·	१	११	·	·	·	·	८	·	१३
	मघा	१०	२	·	२२	८	·	·	·	१०	२३	·	१६	२०	·	१०	·	·	·	·	१	१४	·	७	११	·	४	१७	·	·	·	१९	५	·	·
	चित्रा	१४	१९	·	२०	२२	·	·	·	१४	१६	·	१७	१	·	२	४	·	·	·	२३	·	·	·	१०	·	११	१३	·	·	·	५	७	·	८
पश्चिम	मूल	१९	२०	·	४	·	·	·	·	१९	१४	·	·	११	·	२२	१७	·	·	·	१०	५	·	१६	२	·	१३	८	·	·	·	१	२३	·	७
	धनि.	२३	१०	·	२	१३	·	·	·	२३	७	·	·	१९	·	१०	२२	·	·	·	५	१६	·	८	१	·	२०	४	·	·	·	१३	०	·	१७
	ज्येष्ठा	१८	९	१२	१८	६	१	१०	१९	१८	९	६	१८	६	३	१८	९	·	·	·	१८	९	६	१८	९	३	१८	९	२	११	२०	१८	९	६	१८
	”		·	३	·	·	४	१३	२२	·	·	१५	·	·	१२	·	·	·	·	·	·	·	१५	·	·	१२	·	·	५	१४	२३	·	·	१५	·
	”		·	२१	·	·	७	१६	·	·	·	२४	·	·	२१	·	·	·	·	·	·	·	२४	·	·	२१	·	·	८	१७	·	·	·	[illegible]	·
उत्तर	शत.	२४	२१	७	१५	३	·	·	·	२४	१२	५ १४	६	२१	१ १०	१५	३	·	·	·	२४	१२	८	६	२१	४ १३	१५	३	·	·	·	२४	१२	२१	·
	”		·	१६	·	·	·	·	·	·	·	२३	·	·	१९	·	·	·	·	·	·	·	१७	·	·	२२	·	·	·	·	·	·	·	२०	·

उ

देवगण कोष्टक १०मु

इ

मनुष्य गण कोष्टक ११मु

राक्षस गण कोष्टक १२मु

अंक ३ जुं

गजात्मक आय तथा नक्षत्र गणवानुं कोष्टक १३ मुं.

२ ३

इ

८	८	८	८	८	८	८	८	+ / ०	४/१५	५/०	५/८	५/१५	६/०	६/८	६/१५	७/०	७/८	७/१५	८/०	८/८	८/१५	९/०	९/८	९/१५	१/०	१/८	१/१५	२/०	२/८	२/१५	३/०	३/८	३/१५	४/०	४/८
८	१	२	३	४	५	६	७	+ / ०	१/७	१/१४	१/२३	२/७	२/१४	२/२३	३/७	३/१४	३/२३	४/७	४/१४	४/२३	५/७	५/१४	५/२३	६/७	६/१४	६/२३	७/७	७/१४	७/२३	८/७	८/१४	८/२३	९/७	९/१४	९/२३
८	२	४	६	८	२	४	६	+ / ०	६/२२	७/६	७/१४	७/२२	८/६	८/१४	८/२२	९/६	९/१४	९/२२	१/६	१/१४	१/२२	२/६	२/१४	२/२२	३/६	३/१४	३/२२	४/६	४/१४	४/२२	५/६	५/१४	५/२२	६/६	६/१४
८	३	६	१	४	७	२	५	+ / ०	३/१३	३/२१	४/५	४/१३	४/२१	५/५	५/१३	५/२१	६/५	६/१३	६/२१	७/५	७/१३	७/२१	८/५	८/१३	८/२१	९/५	९/१३	९/२१	१/५	१/१३	१/२१	२/५	२/१३	२/२१	३/५
८	४	८	४	८	४	८	४	+ / ०	९/४	९/१२	९/२०	१/४	१/१२	१/२०	२/४	२/१२	२/२०	३/४	३/१२	३/२०	४/४	४/१२	४/२०	५/४	५/१२	५/२०	६/४	६/१२	६/२०	७/४	७/१२	७/२०	८/४	८/१२	८/२०
८	५	२	७	४	१	६	३	+ / ०	५/१९	६/३	६/११	६/१९	७/३	७/११	७/१९	८/३	८/११	८/१९	९/३	९/११	९/१९	१/३	१/११	१/१९	२/३	२/११	२/१९	३/३	३/११	३/१९	४/३	४/११	४/१९	५/३	५/११
८	६	४	२	८	६	४	२	+ / ०	२/१०	२/१८	३/२	३/१०	३/१८	४/२	४/१०	४/१८	५/२	५/१०	५/१८	६/२	६/१०	६/१८	७/२	७/१०	७/१८	८/२	८/१०	८/१८	९/२	९/१०	९/१८	१/२	१/१०	१/१८	२/२
८	७	६	५	४	३	२	१	+ / ०	८/१	८/९	८/१७	९/१	९/९	९/१७	१/१	१/९	१/१७	२/१	२/९	२/१७	३/१	३/९	३/१७	४/१	४/९	४/१७	५/१	५/९	५/१७	६/१	६/९	६/१७	७/१	७/९	७/१७
+ ०	+ ०	+ ०	+ ०	+ ०	+ ०	+ ०	+ ०																												
મૃગશીર્ષ,	ઉત્તરાફાલ્ગુની,	મૂળ,	પૂર્વાભાદ્રપદા,
આર્દ્રા,	હસ્ત,	પૂર્વાષાઢા,	ઉત્તરાભાદ્રપદા,
પુનર્વસુ,	ચિત્રા,	ઉત્તરાષાઢા,	રેવતી,
પુષ્ય,	સ્વાતિ,	અભિજિત્ત,	અશ્વિની,
અશ્લેષા.	વિશાખા.	શ્રવણ.	ભરણી.

નિશાની अवाળા કોઠામાં સાત નક્ષત્રો કૃત્તિકાથી અશ્લેષા સુધી પૂર્વ દિશામાં આપેલાં છે; નિશાની बवाળા કોઠામાં સાત નક્ષત્રો મઘાથી વિશાખા સુધી દક્ષિણ દિશામાં છે; નિશાની कवाળા કોઠામાં સાત નક્ષત્રો અનુરાધાથી શ્રવણ સુધી પશ્ચિમ દિશામાં છે; તેમજ નિશાની डवाળા કોઠામાં સાત નક્ષત્રો ધનિષ્ઠાથી ભરણી સુધી ઉત્તર દિશામાં છે. આ પ્રમાણે ચારે દિશાએ સાત સાત નક્ષત્રો છે. ઘરનું ઉત્પન્ન થયાનું નક્ષત્ર જે દિશામાં આવે તે દિશામાં ચંદ્ર છે એમ સમજવું.

ચંદ્રનું ફળ.

ઉપર પ્રમાણે ચંદ્ર જો ઘરની પાછળ આવે તો તે નુકશાનકારક છે, તેમજ જો ઘરની સામે આવે તો ઘરધણીના આયુષ્યનો ક્ષય થાય. પણ જો ચંદ્ર ઘરની જમણી તરફ અથવા ડાબી તરફ આવે તો તે સારો છે; તેમજ દેવમંદીર કે રાજાના ઘરની સામે ચંદ્ર આવે તો તે સારો છે.

ચંદ્ર અંક સંપૂર્ણ.

अङ्क १२ मुं.

आधिपति.

गेहस्योदयकं क्षेत्रफलेन गुणयेद्बुधः।
अष्टभिस्तु हरेच्छेषं शुभः सोऽधिपतिः समः ॥३२॥
विकृतः कर्णकश्चैव धुम्रदो वितथस्वरः।
बिडालो दुन्दुभिश्चैव दान्तः कान्तोऽधिनायकः ॥३३॥

બુદ્ધિમાન પુરૂષોએ ગૃહના ઉદયને ક્ષેત્રફળે ગુણતાં જે અંક આવે તેને આઠે ભાગ દેતાં જે શેષ આવે તે અધિપતિ* જાણવો. એ અધિપતિ સમ (એટલે, બેકી) આવે તો શુભ છે.

અધિપતિનાં નામ.

(૧) વિકૃત, (૨) કર્ણક, (૩) ધુમ્રદ, (૪) વિતથસ્વર, (૫) બિડાલ, (૬) દુન્દુભિ, (૭) દાન્ત, અને (૮) કાન્ત.

---

* यद्वायव्ययसंयोगे यदैक्यं वसुभिर्भजेत्।
शेपस्त्वधिपतिः केचिन्विषमः स भयावहः॥

કેટલાકનું એમ કહેવું છે કે આય, અને વ્યયનો સરવાળો કરી તેને આઠે ભાગતાં જે શેષ રહે તે અધિપતિ જાણવો. એ અધિપતિ વિષમ (એટલે, એકી) હોય ત્યારે ભય ઉત્પન્ન કરે છે.

અધિપતિ ગણવામાં પ્રથમ ક્ષેત્રફળની જરૂર પડે છે માટે તે ક્ષેત્રની[1] પ્હોળાઈ તથા લંબાઈના ગજ અને આંગળ અથવા આંગળ ન હોય તો એક ગજ લેઇ તેના ચોવિશ આંગળ કરી તે અંક કોષ્ટક પરમાંથી બંને બાજુએથી શોધી કાઢવો; એ શોધેલા અંકની બંને લીટીઓ ભેગી કરતાં જે અંક આવે તે કોષ્ટક ‡ પ૩માં નિશાની कવાળા કોઠામાં લેઇ જવો. એ જે અંક આવ્યો તેને ક્ષેત્રફળનો અંક કહે છે. એ અંક કાઢવાને સારૂ નીચે ઉદાહરણ આપ્યું છે:—

ધારો કે એક ક્ષેત્રની લંબાઈ ૩ ગજ અને ૩૩ આંગળ છે, અને પ્હોળાઈમાં પુરા ૧૫ ગજ છે તો તેનું ક્ષેત્રફળ કાઢવું. હવે ગજ ગણવાની ઉપર ના કહી છે માટે લંબાઈના ૧૩ આંગળનો અંક નિશાની अવાળા કોઠામાંથી શોધી કાઢો અને પ્હોળાઈમાં આંગળ બિલકુલ નથી માટે ૧૫ ગજમાંથી ૧ ગજના ૨૪ આંગળ લેઈ તે અંક નિશાની इના કોઠામાંથી શોધી કાઢો. अ તથા इ બંને કોઠાની લીટીઓ कવાળા કોઠામાં ભેગી કરતાં ૨૪ નો અંક આવ્યો તે અંક ક્ષેત્રફળનો જાણવો, અને અધિપતિ કાઢવાના પ૩મા કોષ્ટકમાં कવાળા કોઠામાં તે અંક લેઈ જવો.

ટીપ. લંબાઈ તથા પ્હોળાઈ એ બેમાંથી એકમાં પુરા ગજ હોય તો માત્ર આંગળીનો અંક અધિપતિ કાઢવાના કોષ્ટકમાંથી શોધી કાઢવો.

ઘર તથા પ્રાસાદના અધિપતિ ગણવાનું કોષ્ટક સમજવાની રીત.

ઘર કે પ્રાસાદની ઉંચાઈમાં ગજ અને આંગળ હોય તેમાં ગજને બિલકુલ ગણવા નહીં, અને આંગળનો અથવા આંગળ નહીં હોય અને પુરા ગજ હોય તો તેમાંથી એક ગજ લેઈ તેના ૨૪ આંગળ કરી તે અંક કોષ્ટકમાંથી શોધી કાઢવો અને ક્ષેત્રફળનો અંક પણ તેમાંથી શોધી કાઢવો, અને તે બંને અંકની લીટીઓ ભેગી કરતાં જે અંક આવે તે અધિપતિ જાણવો. એ બાબત ઉદાહરણ નીચે પ્રમાણે:—

ધારો કે એક ઘરની ઉંચાઈ ૧૭ ગજ ને ૨૧ આંગળ છે તો નિશાની ख વાળા કોઠામાંથી ૨૧ નો અંક શોધી કાઢો અને ક્ષેત્રફળનો અંક ૨૪ છે તો તે નિશાની कવાળા કોઠામાંથી શોધી કાઢો. क તથા खવાળા બંને અંકોની લીટીઓ ભેગી કરતાં તે ૮ ના અંકમાં મળે છે માટે આઠમો कान्त અધિપતિ એ ઘરનો જાણવો. આ પ્રમાણે દરેક ઘરના તથા પ્રાસાદોના અધિપતિ ગણાય છે.

---

[1] ગૃહ કે પ્રાસાદ કરવાની જમીન.

‡ આય પ્રકરણમાં જે પ્રમાણે ક્ષેત્રફળ ગણવામાં આવે છે તે પ્રમાણે આમાં પણ ગણાય છે, અર્થાત્ ગજ નહીં ગણતાં ફક્ત અંગુલોજ ગણવા.

अङ्क १२ मुं.

अधिपति सारु जोइये तेवा क्षेत्रफलना अंक लाववानुं कोष्टक ५२ मुं.

	१२	१३	१४	१५	१६	१७	१८	१९	२०	२१	२२	२३	२४	१	२	३	४	५	६	७	८	९	१०	११
१२	२४	१२	२४	१२	२४	१२	२४	१२	२४	१२	२४	१२	२४	१२	२४	१२	२४	१२	२४	१२	२४	१२	२४	१२
१३	१२	१	१४	३	१६	५	१८	७	२०	९	२२	११	२४	१३	२	१५	४	१७	६	१९	८	२१	१०	२३
१४	२४	१४	४	१८	८	२२	१२	२	१६	६	२०	१०	२४	१४	४	१८	८	२२	१२	२	१६	६	२०	१०
१५	१२	३	१८	९	२४	१५	६	२१	१२	३	१८	९	२४	१५	६	२१	१२	३	१८	९	२४	१५	६	२१
१६	२४	१६	८	२४	१६	८	२४	१६	८	२४	१६	८	२४	१६	८	२४	१६	८	२४	१६	८	२४	१६	८
१७	१२	५	२२	१५	८	१	१८	११	४	२१	१४	७	२४	१७	१०	३	२०	१३	६	२३	१६	९	२	१९
१८	२४	१८	१२	६	२४	१८	१२	६	२४	१८	१२	६	२४	१८	१२	६	२४	१८	१२	६	२४	१८	१२	६
१९	१२	७	२	२१	१६	११	६	१	२०	१५	१०	५	२४	९	१४	९	४	२३	१८	१३	८	३	२२	१७
२०	२४	२०	१६	१२	८	४	२४	२०	१६	१२	८	४	२४	२०	१६	१२	८	४	२४	२०	१६	१२	८	४
२१	१२	९	६	३	२४	२१	१८	१५	१२	९	६	३	२४	२१	१८	१५	१२	९	६	३	२४	२१	१८	१५
२२	२४	२२	२०	१८	१६	१४	१२	१०	८	६	४	२	२४	२२	२०	१८	१६	१४	१२	१०	८	६	४	२
२३	१२	११	१०	९	८	७	६	५	४	३	२	१	२४	२३	२२	२१	२०	१९	१८	१७	१६	१५	१४	१३
२४	२४	२४	२४	२४	२४	२४	२४	२४	२४	२४	२४	२४	२४	२४	२४	२४	२४	२४	२४	२४	२४	२४	२४	२४
१	१२	१३	१४	१५	१६	१७	१८	१९	२०	२१	२२	२३	२४	१	२	३	४	५	६	७	८	९	१०	११
२	२४	२	४	६	८	१०	१२	१४	१६	१८	२०	२२	२४	२	४	६	८	१०	१२	१४	१६	१८	२०	२२
३	१२	१५	१८	२१	२४	३	६	९	१२	१५	१८	२१	२४	३	६	९	१२	१५	१८	२१	२४	३	६	९
४	२४	४	८	१२	१६	२०	२४	४	८	१२	१६	२०	२४	४	८	१२	१६	२०	२४	४	८	१२	१६	२०
५	१२	१७	२२	३	८	१३	१८	२३	४	९	१४	१९	२४	५	१०	१५	२०	१	६	११	१६	२१	२	७
६	२४	६	१२	१८	२४	६	१२	१८	२४	६	१२	१८	२४	६	१२	१८	२४	६	१२	१८	२४	६	१२	१८
७	१२	१९	२	९	१६	२३	६	१३	२०	३	१०	१७	२४	७	१४	२१	४	११	१८	१	८	१५	२२	५
८	२४	८	१६	२४	८	१६	२४	८	१६	२४	८	१६	२४	८	१६	२४	८	१६	२४	८	१६	२४	८	१६
९	१२	२१	६	१५	२४	९	१८	३	१२	२१	६	१५	२४	९	१८	३	१२	२१	६	१५	२४	९	१८	३
१०	२४	१०	२०	६	१६	२	१२	२२	८	१८	४	१४	२४	१०	२०	६	१६	२	१२	२२	८	१८	४	१४
११	१२	२३	१०	२१	८	१९	६	१७	४	१५	२	१३	२४	११	२२	९	२०	७	१८	५	१६	३	१४	१

घर तथा प्रासादना अधिपति गणवानुं कोष्टक ५३ मुं.

ख

			१७	१८	१९	२०	२१	२२	२३	२४
			९	१०	११	१२	१३	१४	१५	१६
			१	२	३	४	५	६	७	८
१७	९	१	१	२	३	४	५	६	७	८
१८	१०	२	२	४	६	८	२	४	६	८
१९	११	३	३	६	१	४	७	२	५	८
२०	१२	४	४	८	४	८	४	८	४	८
२१	१३	५	५	२	७	४	१	६	३	८
२२	१४	६	६	४	२	८	६	४	२	८
२३	१५	७	७	६	५	४	३	२	१	८
क २४	१६	८	८	८	८	८	८	८	८	८

અધિપતિનું ફળ.

(૨) કર્ણક, (૪) વિતથસ્વર, (૬) દુન્દુભિ, અને (૮) કાન્ત. આ ચારઅધિપતિ ઘર કે પ્રાસાદને વિષે આવે તો સારા છે.

(૧) વિકૃત, (૩) ધુમ્રદ, (૫) બિડાલ, અને (૭) દાન્ત. આ બાકીના ચાર અધિપતિ સારા નથી માટે એ હમેશાં તજવા.

ઘરની ઉંચાઈનો નિયમ.

શાળાની પીઠ અથવા ઘરના ભૂમિતળથી મેડીના પાટડા અથવા લગના મથાળા સુધી ઘરની ઉંચાઈ ગણવાના નિયમ નીચે પ્રમાણેઃ—

૧. ઘરની પ્હોળાઈનો સોળમો ભાગ લેઇને તે ભાગમાં ચાર હાથ (ગજ) ઉમેરી ઘરની ઉંચાઇ કરવામાં આવે તો તે શ્રેષ્ટ પ્રકારની ઉંચાઈ જાણવી.

૨. ઘરની પ્હોળાઈના સોળમા ભાગમાં સાડા ત્રણ હાથ (અથવા ગજ) ઉમેરીને ઉંચાઈ કરવામાં આવે તો તે મધ્યમ પ્રકારની ઉંચાઈ જાણવી.

૩. ઘરની પ્હોળાઈના સોળમા ભાગમાં ત્રણ હાથ (ગજ) ઉમેરીને ઉંચાઈ કરવામાં આવે તો તે કનિષ્ટ પ્રકારની ઉંચાઈ જાણવી.

વળી ઉદય (ઉંચાઈ) ના ૯ પેટાભેદ થાય છે—

ઉત્તમભેદ.

(૧) ૪ ગજ ને ૨૦ આંગળનો ઉત્તમ પ્રકારનો ઉદય જાણવો.
(૨) ૪ ગજ ને ૧૮ આંગળનો મધ્યમ પ્રકારનો ઉદય જાણવો.
(૩) ૪ ગજ ને ૧૬ આંગળનો કનિષ્ટ પ્રકારનો ઉદય જાણવો.

મધ્યમ ભેદ.

(૪) ૪ ગજ ને ૧૫ આંગળનો ઉત્તમ પ્રકારનો ઉદય જાણવો.
(૫) ૪ ગજ ને ૯ આંગળનો મધ્યમ પ્રકારનો ઉદય જાણવો.
(૬) ૪ ગજ ને ૩ આંગળનો કનિષ્ટ પ્રકારનો ઉદય જાણવો.

કનિષ્ટભેદ.

(૭) ૪ ગજ ને ૩ આંગળનો ઉત્તમ પ્રકારનો ઉદય જાણવો.
(૮) ૩ ગજ ને ૨૩ આંગળનો મધ્યમ પ્રકારનો ઉદય જાણવો.
(૯) ૩ ગજ ને ૧૫ આંગળનો કનિષ્ટ પ્રકારનો ઉદય જાણવો.

ઉપર પ્રમાણે ઘરના ઉદયના ૧૨ ભેદ છે, તેમાં ૬ ટ્ઠો અને ૭મો એ બંને ભેદ એકજ છે, માટે ખરા ભેદ ૧૧ છે. તેમાં નીચલા ઉદયના ભાગથી મેડીના ઉદયનો ભાગ ઓછો રાખવો જોઇયે.

પ્રાસાદનો ઉદય નીચે પ્રમાણે.

૧. એક ગજનો પ્રાસાદ હોય	તો તેનો	૧ ગજ ને	૧૦	આંગળનો	ઉદય જાણવો.
૨. બે	,,	તો તેનો	૨ ગજ ને	૭	આંગળનો	,,
૩. ત્રણ	,,	તો તેનો	૩ ગજ ને	૪	આંગળનો	,,
૪. ચાર	,,	તો તેનો	૪ ગજ ને	૧	આંગળનો	,,
૫. પાંચ	,,	તો તેનો	૫ ગજ ને	૦	આંગળનો	,,
૬. છ	,,	તો તેનો	૫ ગજ ને	૧૪	આંગળનો	,,
૭. સાત	,,	તો તેનો	૬ ગજ ને	૪	આંગળનો	,,
૮. આઠ	,,	તો તેનો	૬ ગજ ને	૧૮	આંગળનો	,,
૯. નવ	,,	તો તેનો	૭ ગજ ને	૮	આંગળનો	,,
૧૦. દશ	,,	તો તેનો	૭ ગજ ને	૨૨	આંગળનો	,,
૧૧. અગિયાર	,,	તો તેનો	૮ ગજ ને	૧૦	આંગળનો	,,
૧૨. બાર	,,	તો તેનો	૮ ગજ ને	૨૨	આંગળનો	,,
૧૩. તેર	,,	તો તેનો	૯ ગજ ને	૧૦	આંગળનો	,,
૧૪. ચૌદ	,,	તો તેનો	૯ ગજ ને	૨૨	આંગળનો	,,
૧૫. પંદર	,,	તો તેનો	૧૦ ગજ ને	૧૦	આંગળનો	,,
૧૬. સોળ	,,	તો તેનો	૧૦ ગજ ને	૨૨	આંગળનો	,,
૧૭. સત્તર	,,	તો તેનો	૧૧ ગજ ને	૧૦	આંગળનો	,,
૧૮. અઢાર	,,	તો તેનો	૧૧ ગજ ને	૨૨	આંગળનો	,,
૧૯. ઓગણીસ	,,	તો તેનો	૧૨ ગજ ને	૧૦	આંગળનો	,,
૨૦. વિશ	,,	તો તેનો	૧૨ ગજ ને	૨૨	આંગળનો	,,
૨૧. એકવિશ	,,	તો તેનો	૧૨ ગજ ને	૧૦	આંગળનો	,,
૨૨. બાવિશ	,,	તો તેનો	૧૩ ગજ ને	૨૨	આંગળનો	,,
૨૩. ત્રેવિશ	,,	તો તેનો	૧૪ ગજ ને	૧૦	આંગળનો	,,
૨૪. ચોવિશ	,,	તો તેનો	૧૪ ગજ ને	૨૨	આંગળનો	,,
૨૫. પચીશ	,,	તો તેનો	૧૫ ગજ ને	૧૦	આંગળનો	,,
૨૬. છવિશ	,,	તો તેનો	૧૫ ગજ ને	૨૨	આંગળનો	,,
૨૭. સત્તાવિશ	,,	તો તેનો	૧૬ ગજ ને	૧૦	આંગળનો	,,
૨૮. અટ્ઠાવિશ	,,	તો તેનો	૧૬ ગજ ને	૨૨	આંગળનો	,,
૨૯. ઓગણત્રિશ	,,	તો તેનો	૧૭ ગજ ને	૧૦	આંગળનો	,,
૩૦. ત્રિશ	,,	તો તેનો	૧૭ ગજ ને	૨૨	આંગળનો	,,
૩૧. એકત્રિશ	,,	તો તેનો	૧૮ ગજ ને	૭	આંગળનો	,,
૩૨. બત્રિશ	,,	તો તેનો	૧૮ ગજ ને	૧૬	આંગળનો	,,
૩૩. તેત્રિશ	,,	તો તેનો	૧૯ ગજ ને	૧	આંગળનો	,,
૩૪. ચોત્રિશ	,,	તો તેનો	૧૯ ગજ ને	૧૦	આંગળનો	,,
૩૫. પાંત્રિશ	,,	તો તેનો	૧૯ ગજ ને	૧૯	આંગળનો	,,

૩૬. છત્રિશ ગજનો પ્રસાદ હોય		તો તેનો ૨૦ ગજ ને ૪ આંગળનો	ઉદય જાણવો.
૩૭. સાડત્રિશ	,,	તો તેનો ૨૦ ગજ ને ૧૩ આંગળનો	,,
૩૮. આડત્રિશ	,,	તો તેનો ૨૦ ગજ ને ૨૨ આંગળનો	,,
૩૯. ઓગણચાળીશ	,,	તો તેનો ૨૧ ગજ ને ૭ આંગળનો	,,
૪૦. ચાળીશ	,,	તો તેનો ૨૧ ગજ ને ૧૬ આંગળનો	,,
૪૧. એકતાળીશ	,,	તો તેનો ૨૨ ગજ ને ૧ આંગળનો	,,
૪૨. બેંતાળીશ	,,	તો તેનો ૨૨ ગજ ને ૧૦ આંગળનો	,,
૪૩. ત્રેંતાળીશ	,,	તો તેનો ૨૨ ગજ ને ૧૯ આંગળનો	,,
૪૪. ચુંમાળીશ	,,	તો તેનો ૨૩ ગજ ને ૪ આંગળનો	,,
૪૫. પીસ્તાળીશ	,,	તો તેનો ૨૩ ગજ ને ૧૩ આંગળનો	,,
૪૬. છેંતાળીશ	,,	તો તેનો ૨૩ ગજ ને ૨૨ આંગળનો	,,
૪૭. સુડતાળીશ	,,	તો તેનો ૨૪ ગજ ને ૭ આંગળનો	,,
૪૮. અડતાળીશ	,,	તો તેનો ૨૪ ગજ ને ૧૬ આંગળનો	,,
૪૯. ઓગણપચાશ	,,	તો તેનો ૨૫ ગજ ને ૧ આંગળનો	,,
૫૦. પચાશ	,,	તો તેનો ૨૫ ગજ ને ૧૦ આંગળનો	,,

ઉપર પ્રમાણે ૫૦ ગજ સુધીના પ્રાસાદનો ઉદય પ્રાસાદમંડનમાં બતાવેલો છે, તે પ્રાસાદના અધિપતિવર્ગ ગણવામાં કામ આવે છે, માટે આ ઠેકાણે લખવાની જરૂર ધારી છે.

આધિપતિ અઙ્ગ સંપૂર્ણ.

अङ्ग १३मुं, १४मुं, तथा १५मुं.

वार, लग्न, अने तिथी.

आयर्क्षव्ययतारांशाधिपाः क्षेत्रफले क्षिपेत् ।
अर्के भक्ते भवेल्लग्नमथ लग्नेष्टसंगुणे ॥ २४ ॥
हृते शरैकैः शेषन्तु तिथिर्नामसमं फलम् ।
तिथौ नवघ्ने वारः स्यादर्काद्यो मुनिभिर्हृते ॥ २५ ॥

આય, નક્ષત્ર, વ્યય, તારા, અંશક, અધિપતિ, અને ક્ષેત્રફળ, એ બધાના સરવાળાને બારે ભાગતાં જે શેષ રહે તે લગ્ન જાણવું. લગ્નને આઠે ગુણી પંદરે ભાગતાં જે શેષ રહે તે તિથી જાણવી; તેનું ફળ નામ પ્રમાણે છે. તિથીને નવે ગુણીને સાતે ભાગતાં જે શેષ રહે તે વાર જાણવો.

ઉપરની રીતે સરવાળા ગણવામાં ઘણી મ્હેનત પડે છે, માટે એ મ્હેનત બચાવવા સારૂ કોષ્ટક ૫૪ મું આપ્યું છે તેમાં બરોબર ધ્યાન રાખી જોવાથી સેહેલથી ગણાય એવું થાય છે. આ કોષ્ટકમાં નિશાની क વાળા કોઠામાં ત્રણ અંશકો મૂકેલા છે, ख વાળા કોઠામાં ચોવિશ ક્ષેત્રફળના અંક મૂકયા છે, ग વાળા કોઠામાં સત્તાવિશ નક્ષત્રો આપેલાં છે, घ વાળા કોઠામાં આઠ વ્યય મૂકેલા છે, ङ વાળા કોઠામાં આઠ આયો આપેલા છે, च વાળા કોઠામાં નવ તારાઓ મૂકલી છે, छ વાળા કોઠામાં આઠ અધિપતિ મૂકેલા છે, અને ज વાળા કોઠામાં બાર લગ્નો આપેલાં છે; આ કોષ્ટક સારી રીતે સમજવા સારૂ નીચે ઉદાહરણ આપ્યું છેઃ—

ઉદાહરણઃ—ધારો કે કોઈ ઘર કે પ્રાસાદનો અંશક ઇંદ્રાંશ છે, ક્ષેત્રફળનો અંક ઓગણીસમો છે, તારા (૧) શાન્તા નામની છે, વ્યય (૧) શાન્ત છે, આય (૬) ખર નામનો છે, નક્ષત્ર (૧૩) હસ્ત છે, અને અધિપતિ (૧) વિકૃત નામનો છે; એ ઘર કે પ્રાસાદનું લગ્ન આણવું છે તો કોષ્ટકમાં નિશાની क વાળા કોઠામાં પેહેલો અંક અંશકનો જૂઓ, અને ख વાળા કોઠામાંથી ક્ષેત્રફળનો અંક ૧૯ મો શોધી કાઢો; તેમજ च વાળા કોઠામાંથી પેહેલી તારાનો અંક જૂઓ, અને घ વાળા કોઠામાં પેહેલા વ્યયનો અંક શોધો; એજ પ્રમાણે ङ વાળા કોઠામાં ૬ ઠ્ઠો આયનો અંક જૂઓ, અને ग વાળા કોઠામાંથી ૧૩મા નક્ષત્રનો અંક શોધી કાઢો, વળી छ વાળા કોઠામાં ૧ લો અધિપતિનો અંક જૂઓ. હવે घ તથા छ બંને કોઠાની લીટીઓ નિશાની ज વાળા કોઠામાં ભેગી કરતાં ૬ નો અંક આવે છે માટે એ ઘર કે પ્રાસાદનું ૬ ઠ્ઠું **કન્યા** લગ્ન આવ્યું.

લગ્ન ઉપરથી તિથી અને વાર કાઢવા સારૂ કોષ્ટક ૫૫મું જૂઓ. નિશાની अ વાળા કોઠામાં બાર લગ્નો મૂક્યાં છે અને તેની જોડે નિશાની ब વાળા કોઠામાં તિથીઓ આપી છે; તિથીની જોડે ड વાળા કોઠામાં વાર મૂકેલા છે. એ કોષ્ટક સમજવા સારૂ નીચે ઉદાહરણ આપ્યું છેઃ—

ધારો કે ઘરનું લગ્ન મિથુન છે તો તેની જોડે રિક્તા તિથી છે અને તેની જોડે બુધ વાર છે તે તેના સમજવા. આ પ્રમાણે જોવાથી કોષ્ટક સ્પષ્ટ સમજાશે.

ટીપ.—જે પ્રમાણે અધિપતિ ગણવામાં ક્ષેત્રફળનો અંક ૫૨ મા કોષ્ટક પ્રમાણે ગણાય છે તે પ્રમાણે તે કોષ્ટકપરથી લગ્ન ગણવામાં પણ ક્ષેત્રફળનો અંક ગણવો.

લગ્ન, તિથી અને વારનાં ફળ.

લગ્નફળ.

(૨) વૃષભ, (૫) સિંહ, (૮) વૃશ્ચિક, (૧૧) કુંભ; આ ચાર લગ્નનું ઉત્તમ ફળ છે.

घर तथा प्रासादनुं लग्न उत्पन्न करवानुं कोष्टक ५४ मुं. अङ्क १३-१४ अने १५ मुं.

अंशक. क्षेत्रफल ख.

क.

क.			क्षेत्रफल १३	१४	१५	१६	१७	१८	१९	२०	२१	२२	२३	२४	नक्षत्र	व्यय
१	२	३	१	२	३	४	५	६	७	८	९	१०	११	१२		
१	०		१												१ २ ३ ४ ५ ६ ७ ८ ९ १० ११ १२	१ २ ३ ४ ५ ६ ७ ८
			२	१											१३ १४ १५ १६ १७ १८ १९ २० २१ २२ २३ २४ २५ २६ २७	१ २ ३ ४ ५ ६ ७ ८
२	१		३	२	१										१ २ ३ ४ ५ ६ ७ ८ ९ १० ११ १२	१ २ ३ ४ ५ ६ ७ ८
			४	३	२	१				तारा					१३ १४ १५ १६ १७ १८ १९ २० २१ २२ २३ २४ २५ २६ २७	१ २ ३ ४ ५ ६ ७ ८
३	२	१	५	४	३	२	१								१ २ ३ ४ ५ ६ ७ ८ ९ १० ११ १२	१ २ ३ ४ ५ ६ ७ ८
			६	५	४	३	२	१							१३ १४ १५ १६ १७ १८ १९ २० २१ २२ २३ २४ २५ २६ २७	१ २ ३ ४ ५ ६ ७ ८
४	३	२	७	६	५	४	३	२	१	ध्रु					१ २ ३ ४ ५ ६ ७ ८ ९ १० ११ १२	१ २ ३ ४ ५ ६ ७ ८
			८	७	६	५	४	३	२	१					१३ १४ १५ १६ १७ १८ १९ २० २१ २२ २३ २४ २५ २६ २७	घ १ २ ३ ४ ५ ६ ७ ८
५	४	३	९	८	७	६	५	४	३	२	१				१ २ ३ ४ ५ ६ ७ ८ ९ १० ११ १२	१ २ ३ ४ ५ ६ ७ ८
				९	८	७	६	५	४	३	२	१			१३ १४ १५ १६ १७ १८ १९ २० २१ २२ २३ २४ २५ २६ २७	१ २ ३ ४ ५ ६ ७ ८
६	५	४			९	८	७	६	५	४	३	२	१		१ २ ३ ४ ५ ६ ७ ८ ९ १० ११ १२	१ २ ३ ४ ५ ६ ७ ८
उ०						९	८	७	६	५	४	३	२	१	१३ १४ १५ १६ १७ १८ १९ २० २१ २२ २३ २४ २५ २६ २७	१ २ ३ ४ ५ ६ ७ ८
आय ७	६	५					९	८	७	६	५	४	३	२	ग १ २ ३ ४ ५ ६ ७ ८ ९ १० ११ १२	१ २ ३ ४ ५ ६ ७ ८
								९	८	७	६	५	४	३	१३ १४ १५ १६ १७ १८ १९ २० २१ २२ २३ २४ २५ २६ २७	१ २ ३ ४ ५ ६ ७ ८
८	७	६							९	८	७	६	५	४	१ २ ३ ४ ५ ६ ७ ८ ९ १० ११ १२	१ २ ३ ४ ५ ६ ७ ८
										९	८	७	६	५	१३ १४ १५ १६ १७ १८ १९ २० २१ २२ २३ २४ २५ २६ २७	१ २ ३ ४ ५ ६ ७ ८
०	८	७									९	८	७	६	१ २ ३ ४ ५ ६ ७ ८ ९ १० ११ १२	१ २ ३ ४ ५ ६ ७ ८
												९	८	७	१३ १४ १५ १६ १७ १८ १९ २० २१ २२ २३ २४ २५ २६ २७	१ २ ३ ४ ५ ६ ७ ८
०	०	८											९	८	१ २ ३ ४ ५ ६ ७ ८ ९ १० ११ १२	१ २ ३ ४ ५ ६ ७ ८
														९	१३ १४ १५ १६ १७ १८ १९ २० २१ २२ २३ २४ २५ २६ २७	१ २ ३ ४ ५ ६ ७ ८

अधीपति	लग्न
१	७ ८ ९ १० ११ १२ १ २ ३ ४ ५ ६ ७ ८ ९ १० ११ १२ १ २ ३ ४ ५ ६ ७ ८ ९
२ १	८ ९ १० ११ १२ १ २ ३ ४ ५ ६ ७ ८ ९ १० ११ १२ १ २ ३ ४ ५ ६ ७ ८ ९ १०
३ २ १	९ १० ११ १२ १ २ ३ ४ ५ ६ ७ ८ ९ १० ११ १२ १ २ ३ ४ ५ ६ ७ ८ ९ १० ११
४ ३ २ १	१० ११ १२ १ २ ३ ४ ५ ६ ७ ८ ९ १० ११ १२ १ २ ३ ४ ५ ६ ७ ८ ९ १० ११ १२
५ ४ ३ २ १	११ १२ १ २ ३ ४ ५ ६ ७ ८ ९ १० ११ १२ १ २ ३ ४ ५ ६ ७ ८ ९ १० ११ १२ १
६ ५ ४ ३ २ १	१२ १ २ ३ ४ ५ ६ ७ ८ ९ १० ११ १२ १ २ ३ ४ ५ ६ ७ ८ ९ १० ११ १२ १ २
७ ६ ५ ४ ३ २ १	१ २ ३ ४ ५ ६ ७ ८ ९ १० ११ १२ १ २ ३ ४ ५ ६ ७ ८ ९ १० ११ १२ १ २ ३
८ ७ ६ ५ ४ ३ २ १	२ ३ ४ ५ ६ ७ ८ ९ १० ११ १२ १ २ ३ ४ ५ ६ ७ ८ ९ १० ११ १२ १ २ ३ ४
८ ७ ६ ५ ४ ३ २ १	३ ४ ५ ६ ७ ८ ९ १० ११ १२ १ २ ३ ४ ५ ६ ७ ८ ९ १० ११ १२ १ २ ३ ४ ५
८ ७ ६ ५ ४ ३ २ १	४ ५ ६ ७ ८ ९ १० ११ १२ १ २ ३ ४ ५ ६ ७ ८ ९ १० ११ १२ १ २ ३ ४ ५ ६
८ ७ ६ ५ ४ ३ २ १	५ ६ ७ ८ ९ १० ११ १२ १ २ ३ ४ ५ ६ ७ ८ ९ १० ११ १२ १ २ ३ ४ ५ ६ ७
८ ७ ६ ५ ४ ३ २ १	६ ७ ८ ९ १० ११ १२ १ २ ३ ४ ५ ६ ७ ८ ९ १० ११ १२ १ २ ३ ४ ५ ६ ७ ८
८ ७ ६ ५ ४ ३ २ १	७ ८ ९ १० ११ १२ १ २ ३ ४ ५ ६ ७ ८ ९ १० ११ १२ १ २ ३ ४ ५ ६ ७ ८ ९
८ ७ ६ ५ ४ ३ २ १	८ ९ १० ११ १२ १ २ ३ ४ ५ ६ ७ ८ ९ १० ११ १२ १ २ ३ ४ ५ ६ ७ ८ ९ १०
८ ७ ६ ५ ४ ३ २ १	९ १० ११ १२ १ २ ३ ४ ५ ६ ७ ८ ९ १० ११ १२ १ २ ३ ४ ५ ६ ७ ८ ९ १० ११
८ ७ ६ ५ ४ ३ २ १	१० ११ १२ १ २ ३ ४ ५ ६ ७ ८ ९ १० ११ १२ १ २ ३ ४ ५ ६ ७ ८ ९ १० ११ १२
८ ७ ६ ५ ४ ३ २ १	११ १२ १ २ ३ ४ ५ ६ ७ ८ ९ १० ११ १२ १ २ ३ ४ ५ ६ ७ ८ ९ १० ११ १२ १
८ ७ ६ ५ ४ ३ २ १	१२ १ २ ३ ४ ५ ६ ७ ८ ९ १० ११ १२ १ २ ३ ४ ५ ६ ७ ८ ९ १० ११ १२ १ २
८ ७ ६ ५ ४ ३ २ १	१ २ ३ ४ ५ ६ ७ ८ ९ १० ११ १२ १ २ ३ ४ ५ ६ ७ ८ ९ १० ११ १२ १ २ ३
८ ७ ६ ५ ४ ३ २ १	२ ३ ४ ५ ६ ७ ८ ९ १० ११ १२ १ २ ३ ४ ५ ६ ७ ८ ९ १० ११ १२ १ २ ३ ४
८ ७ ६ ५ ४ ३ २ १	३ ४ ५ ६ ७ ८ ९ १० ११ १२ १ २ ३ ४ ५ ६ ७ ८ ९ १० ११ १२ १ २ ३ ४ ५
८ ७ ६ ५ ४ ३ २ १	४ ५ ६ ७ ८ ९ १० ११ १२ १ २ ३ ४ ५ ६ ७ ८ ९ १० ११ १२ १ २ ३ ४ ५ ६
८ ७ ६ ५ ४ ३ २ १	५ ६ ७ ८ ९ १० ११ १२ १ २ ३ ४ ५ ६ ७ ८ ९ १० ११ १२ १ २ ३ ४ ५ ६ ७
८ ७ ६ ५ ४ ३ २ १	६ ७ ८ ९ १० ११ १२ १ २ ३ ४ ५ ६ ७ ८ ९ १० ११ १२ १ २ ३ ४ ५ ६ ७ ८
८ ७ ६ ५ ४ ३ २	७ ८ ९ १० ११ १२ १ २ ३ ४ ५ ६ ७ ८ ९ १० ११ १२ १ २ ३ ४ ५ ६ ७ ८ ९
८ ७ ६ ५ ४ ३	८ ९ १० ११ १२ १ २ ३ ४ ५ ६ ७ ८ ९ १० ११ १२ १ २ ३ ४ ५ ६ ७ ८ ९ १०
८ ७ ६ ५ ४	९ १० ११ १२ १ २ ३ ४ ५ ६ ७ ८ ९ १० ११ १२ १ २ ३ ४ ५ ६ ७ ८ ९ १० ११
८ ७ ६ ५	१० ११ १२ १ २ ३ ४ ५ ६ ७ ८ ९ १० ११ १२ १ २ ३ ४ ५ ६ ७ ८ ९ १० ११ १२
८ ७ ६	११ १२ १ २ ३ ४ ५ ६ ७ ८ ९ १० ११ १२ १ २ ३ ४ ५ ६ ७ ८ ९ १० ११ १२ १
८ ७	१२ १ २ ३ ४ ५ ६ ७ ८ ९ १० ११ १२ १ २ ३ ४ ५ ६ ७ ८ ९ १० ११ १२ १ २
८	१ २ ३ ४ ५ ६ ७ ८ ९ १० ११ १२ १ २ ३ ४ ५ ६ ७ ८ ९ १० ११ १२ १ २ ३

लग्न. ग.

घरना लग्न उपरथी तिथि अने वार जोवानुं कोष्टक ५५ मुं

अ इ उ

घरनां लग्न	लग्नना गुण.	तिथि.	वार.
मेष १	चर.	जया ८	चंद्र
वृषभ २	स्थिर	नंदा १	चंद्र
मिथुन ३	मीश्र	रिक्ता ९	बुध.
कर्क ४	चर.	भद्रा २	बुध.
सिंह ५	स्थिर.	पूर्णा १०	शुक्र
कन्या ६	मिश्र	जया ३	शुक्र
तुला ७	चर	नंदा ११	सूर्य.
वृश्चिक ८	स्थिर.	रिक्ता ४	सूर्य.
धन ९	मिश्र	भद्रा १२	मंगल
मकर १०	चर	पूर्णा ५	मंगल
कुंभ ११	स्थिर	जया १३	गुरु.
मीन १२	मिश्र	नंदा ६	गुरु.

(૩) મિથુન, (૬) કન્યા, (૯) ધન, (૧૨) મીન; આ ચાર લગ્નનું મધ્યમ ફળ છે.

(૧) મેષ, (૪) કર્ક, (૭) તુલા, (૧૦) મકર; આ ચાર લગ્નનું કનિષ્ટ ફળ છે.

ઊપર પ્રમાણે ઉત્તમ ફળનાં લગ્ન આવે તો ઘણું સારૂં; એથી ઊતરતાં મધ્યમ ફળનાં છે; કનિષ્ટ ફળનાં અવશ્ય કરીને તજવાં.

તિથીફળ.

૧, ૬, અને ૧૧, એ નંદા	તિથી	કેવાય	છે	અને	બ્રાહ્મણને	ઘેર	સારી છે.
૨, ૭, અને ૧૨, એ ભદ્રા	,,	,,	,,	,,	ક્ષત્રિયને	,,	,, ,,
૩, ૮, અને ૧૩, એ જયા	,,	,,	,,	,,	વૈશ્યને	,,	,, ,,
૪, ૯, અને ૧૪, એ રિક્તા	,,	,,	,,	,,	શુદ્રને	,,	,, ,,
૫, ૧૦, અને ૧૫, એ પૂર્ણા	,,	,,	,,	,,	દેવમંદીરમાં		,, ,,

ઉપર બતાવ્યા પ્રમાણે એ તિથીઓ સારી છે; તેથી ઉલટી સારી નથી.

વારફળ.

ધ્વજ	આય	હોય	તો	રવિવાર	સારો	છે.
ધૂમ્ર	,,	,,	,,	સોમવાર	,,	,,
ધુમ્ર	,,	,,	,,	મંગળવાર	,,	,,
શ્વાન અને ખર	,,	,,	,,	બુધવાર	,,	,,
ગજ	,,	,,	,,	ગુરૂવાર	,,	,,
ધ્વાંક્ષ	,,	,,	,,	શુક્રવાર	,,	,,
સિંહ	,,	,,	,,	શનિવાર	,,	,,

આથી ઉલટા સારા નથી, માટે તે તજવા.

વાર, લગ્ન, અને તિથી અંગ સંપૂર્ણ.

अङ्ग १८ मुं.

गृहनी उत्पत्ति.

नवघ्नं गृहनक्षत्रं रुद्रसंख्यासमन्वितम् ।
पंचभिस्तु हरेद्भागं शेषमुत्पत्ति पंचधा ॥ ३८ ॥

ઘરના નક્ષત્રને નવગણું કરવાથી જે અંક આવે તેમાં ૧૧ ઉમેરીને

સરવાળો કરતાં જે સંખ્યા આવે તેને પાંચે ભાગતાં જે શેષ રહે તે પાંચ પ્રકારની નક્ષત્રની ઉત્પત્તિ જાણવી; તેનું ફળ નીચેના ૫૬ મા કોષ્ટકમાં જણાવ્યું છે.

સરળતાથી ઘરની ઉત્પત્તિ ગણવાનું કોષ્ટક (૫૬ મું.)

	નક્ષત્રોના અંક.					ઉત્પત્તિ અંક.	ફળ.
	૧	૬	૧૧	૧૬	૨૧	૨૬	૫	પુત્રપ્રાપ્તિ.
	૨	૭	૧૨	૧૭	૨૨	૨૭	૪	ધનપ્રાપ્તિ.
	૩	૮	૧૩	૧૮	૨૩		૩	સ્ત્રીપ્રાપ્તિ.
	૪	૯	૧૪	૧૯	૨૪		૨	સુખપ્રાપ્તિ.
अ	૫	૧૦	૧૫	૨૦	૨૫		૧	ઘણું હાન કરાવે.
							उ	

ઘરનું નક્ષત્ર ૫ મું મૃગશીર્ષ હોય તો તેનો અંક નિશાની अ વાળા કોઠા- માંથી શોધી કાઢવો. એ કોઠાની જમણી બાજૂએ નિશાની उ વાળા કોઠામાં ૧ નો અંક આવ્યો માટે એ એની ઉત્પત્તિ જાણવી; તેનું ફળ ઉપરના કોઠામાં આપેલું છે. આ પ્રમાણે જોવાથી સરવાળો વગેરે કરવું પડતું નથી.

ઉત્પત્તિ અઙ્ગ સંપૂર્ણ.

अङ्ग १७ मुं.

अधिपतिवर्ग.

सुपर्ण ओतुः सिंहः श्वा सुसर्पाखु मृगमीढकाः ।
वर्णाधिपाः क्रमादष्टौ भक्ष्यो यः पंचमो मतः ॥ ३७ ॥

ગરૂડ, બિડાલ, સિંહ, શ્વાન, સર્પ, ઉંદર, મૃગ, અને મેષ એ આઠ અનુક્રમે તે તે વર્ણના અધિપ છે; એ અધિપના વર્ગમાં દરેકનો તેથી પાંચમો ભક્ષક છે માટે તે તજવો.

अ,	इ,	उ,	ए,		નો	(૧)	ગરૂડ વર્ગ.
क,	ख,	ग,	घ,	ङ,	,,	(૨)	બિડાલ ,,
च,	छ,	ज,	झ,	ञ,	,,	(૩)	સિંહ ,,
ट,	ठ,	ड,	ढ,	ण,	,,	(૪)	શ્વાન ,,
त,	थ,	द,	ध,	न,	,,	(૫)	સર્પ ,,
प,	फ,	ब,	भ,	म,	,,	(૬)	મૂષક ,,
*य,	र,	ल,	व,		,,	(૭)	મૃગ ,,
श,	ष,	स,	ह,		,,	(૮)	મેષ ,,

ઉપર બતાવેલા નામાક્ષરપરથી ઘર અથવા ઘરના ધણીનો વર્ગ કા'ડવો હોય તો તે ઘર કે તેના ધણીનો પે'લો અક્ષર એમાંથી શોધી કા'ડવો અને તે અક્ષરની સામે જે વર્ગ આપ્યો હોય તે તે ઘર અથવા તેના ધણીનો વર્ગ જાણવો.

ઉદાહરણ:—ધારોકે ઘરનું નામ **वर्द्धमान** છે તો એનો પે'લો **અક્ષર व** છે તે નામાક્ષરમાંથી નિશાની *વાળી હારમાંથી શોધી કા'ડવો. એ અક્ષરની સામા ૭ મો મૃગવર્ગ આપેલો છે, માટે એ ઘરનો મૃગવર્ગ સમજવો. આ પ્રમાણે ઘરધણીના નામાક્ષરપરથી પણ તેનો વર્ગ નિકળે છે.

वर्गवैर.

(૧) ગરૂડ	અને	(૫) સર્પને	વેર છે.
(૨) બિડાલ	,,	(૬) મૂષકને	,, ,,
(૩) સિંહ	,,	(૭) મૃગને	,, ,,
(૪) શ્વાન	,,	(૮) મેષને	,, ,,

ઘર તથા ઘરધણીનાં વર્ગવૈર હમેશાં તજવાં.

નીચે પ્રમાણે વર્ગ રાખવાથી ઘરધણીનું મૃત્યુ થાય છે, માટે એવા વર્ગ ન રાખવા:—

ઘરનો	ગરૂડ	અને	ઘરધણીનો	સર્પ;
,,	બિડાલ	,,	,,	મૂષક;
,,	સિંહ	,,	,,	મૃગ;
,,	શ્વાન	,,	,,	મેષ.

ઉપરના કરતાં ઉલટા વર્ગ હોય જેમકે—

ઘરધણીનો	ગરૂડ	અને	ઘરનો	સર્પ;
,,	બિડાલ	,,	,,	મૂષક;
,,	સિંહ	,,	,,	મૃગ;
,,	શ્વાન	,,	,,	મેષ;

તો ઘરધણી દરિદ્રી થાય અને દ્રવ્યની ઘણી પીડા થાય માટે એપણ તજવા.

અધિપતિવર્ગ અંક સંપૂર્ણ.

अङ्क १८ मुं.

योनिवैर.

अश्वोऽश्विनीशतभयोर्भरणीपौष्णयोर्गजः ।
कृत्तिकापुष्ययोश्छाग रोहिणीमृगयोरहिः ॥ ३८ ॥
श्वानो मूलार्द्रयोर्योनिः सार्पादित्ये बिडालकः ।
पूर्वाफामघयोराखुरुफोत्तरभयोस्तु गौः ॥ ३९ ॥
हस्तस्वात्योस्तु महिषी व्याघ्रश्चित्राविशाखयोः ।
ज्येष्टानुराधयोरणः पूषाढाश्रवणे कपिः ॥ ४० ॥
उषाढाभिजितोर्बभ्रुः सिंहः पूभाधनिष्ठयोः ।

અશ્વિની	અને	શતભીષા	નક્ષત્રોની	અશ્વની	યોનિ.
ભરણી	,,	રેવતી	,,	ગજની	,,
કૃત્તિકા	,,	પુષ્ય	,,	અજની	,,
રોહિણી	,,	મૃગશીર્ષ	,,	સર્પની	,,
મૂળ	,,	આર્દ્રા	,,	શ્વાનની	,,
અશ્લેષા	,,	પુનર્વસુ	,,	બિડાલની	,,
પૂર્વાફાલ્ગુની	,,	મઘા	,,	મૂષકની	,,
ઉત્તરા ભાદ્રપદા	,,	ઉત્તરા ફાલ્ગુની	,,	ગૌની	,,
સ્વાતિ	,,	હસ્ત	,,	મહિષીની	,,
ચિત્રા	,,	વિશાખા	,,	વ્યાઘ્રની	,,
જ્યેષ્ટા	,,	અનુરાધા	,,	મૃગની	,,
પૂર્વાષાઢા	,,	શ્રવણ	,,	કપિની	,,
ઉતરાષાઢા	,,	અભિજિત	,,	નકુલની	,,
પૂર્વાભાદ્રપદા	,,	ધનિષ્ઠા	,,	સિંહની	,,

ઘર કે ઘરના ધણી*નું નક્ષત્ર કાઢી તેની યોનિનો નિશ્ચય કર્યા પછી યોનિવૈર જોવું.

मेषमर्कटयोर्वैरं गोव्याघ्रं गजसिंहयोः ॥ ४१ ॥
श्वानैणं सर्पनकुलं बिडालोन्दुरकं महत् ।
महिषाश्वमिति साज्यं मृत्युः स्त्रीप्रभुवेषमसु ॥ ४२ ॥

* ઘરધણીનું નક્ષત્ર કાઢવાને સારૂ ૫ મા અઙ્કમાં તારા ગણવાના (૪૪ મા) કોષ્ટકમાં જોવું.

મેષની	યોનિને	મર્કટની	યોનિ	સાથે	વૈર	છે.
ગૌની	,,	વ્યાઘ્રની	,,	,,	,,	,,
ગજની	,,	સિંહની	,,	,,	,,	,,
શ્વાનની	,,	વાનરની	,,	,,	,,	,,
સર્પની	,,	નકુલની	,,	,,	,,	,,
બિડાલની	,,	મૂષકની	,,	,,	,,	,,
મહિષની	,,	અશ્વની	,,	,,	,,	,,

ઉપર પ્રમાણે નક્ષત્રોની યોનિને પરસ્પર વૈર છે, તેથી સ્ત્રી પુરૂષ તથા ઘર અને ઘરધણીને પરસ્પર વૈરયોનિ ન લેવી, કેમકે તે લેવાથી મૃત્યુ થાય છે.

યોનિવૈર અઙ્ગ સંપૂર્ણ.

अङ्ग १९मुं.

नक्षत्रवैर.

वैरं चोत्तरफाल्गुनीश्वियुगले स्वातीभरण्योर्द्वयोः
रोहिण्युत्तरषाढयोः श्रुतिपुनर्वस्वोर्विरोधस्तथा ।
चित्राहस्तभयोश्च पुष्यफणिनोर्ज्येष्ठाविशाखाद्वयोः
प्रासादे भवनासने च शयने नक्षत्रवरं त्यजेत् ॥ ४३ ॥

ઉત્તરાફાલ્ગુની અને અશ્વિની એ બે નક્ષત્રોને પરસ્પર વૈર છે; સ્વાતિ અને ભરણી એ બેને વૈર છે; રોહિણી અને ઉત્તરાષાઢા એ બેને વૈર છે; શ્રવણ અને પુનર્વસુ એ બેને વૈર છે; ચિત્રા અને હસ્ત એ બેને વૈર છે; પુષ્ય અને અશ્લેષા એ બેને વૈર છે; તથા જ્યેષ્ટા અને વિશાખા એ બેને વૈર છે. એવી રીતે નક્ષત્રોમાં પરસ્પર વૈર છે. માટે પ્રાસાદને વિષે, ઘર તથા આસનને વિષે અને શય્યા (એટલે, ખાટલો પલંગ વગેરે સુઇ રહેવાનાં સાધનો) ને વિષે એ નક્ષત્રવૈર તજવાનું શિલ્પશાસ્ત્રમાં કહેલું છે.

નક્ષત્રવૈર અઙ્ગ સંપૂર્ણ.

अङ्ग २०मुं अने २१मुं.

आयुष अने विनाश.

गुणयेदष्टभिः क्षेत्रफलं षष्टिविभाजितम् ।
लब्धं दशगणं जीवेच्छेषं भूतसमाहृतम् ॥ ४४ ॥

प्रथिव्यापस्तथा तेजो वायुराकाशमेव च ।
पंचतत्वानि जानीयादंतकाले प्रभेदने ॥ ४५ ॥

ક્ષેત્રફળને આઠે ગુણી સાઠે ભાગ લેતાં જે અંક આવે તેને દશે ગુણતાં જે અંક આવે ત્યાં સુધી જીવે એટલે તેટલું તે ઘરનું આયુષ આવ્યું કે'વાય; સાઠનો ભાગ દેતાં જે શેષ રહે તેને પાંચે ભાગ દેવો એટલે તત્વ આવશે એજ વિનાશ. તત્વોનાં નામ—પૃથ્વી, જલ, તેજ, વાયુ, અને આકાશ. એવી રીતે પાંચ તત્વોથી અંતકાળનો ભેદ છે. ઘર અગર પ્રાસાદના આયુષ અને વિનાશ (તેમનું પડી જવું) એમની જે કલ્પના ઉપર જણાવી છે તે વિષે થોડો ખુલાસો અત્રે આપીએ છીએ. सच्छिल्पतन्त्र નામના ગ્રંથમાં ઘર અગર પ્રાસાદ વગેરેના આયુષ વિષે નીચે પ્રમાણે બતાવ્યું છે:—

फलं नागगुणं षष्ट्या हृताल्लब्धं फलं भवेत् ।
मृन्मये शर्करायुक्ते गृहे जीवः सुनिश्चलः ॥ ४६ ॥
तद्दशघ्नं भवेदायुरिष्टिकामृत्स धामये ।
चूर्णपाषाणजे त्रिंशत्घ्ने फले स्थितिरुत्तमा ॥ ४७ ॥
नवतिघ्ने फले नागैर्युक्ते पाषाणजे गृहे ।
धातुजे भवनेभ्राद्रिलोचनघ्ने फले भवेत् ॥ ४८ ॥
परायुः पंचधा प्रोक्तं शेषं भूतसमाहृतम् ।
पृथिव्यापस्तथा तेजो वायुराकाशमेव च ॥
इत्येतानि विजानीयात्तत्वानि सद्मनाशने ॥ ४९ ॥

ક્ષેત્રફળને આઠ ગણું કરવું અને સાઠે ભાગતાં જે આવે તેજ ફળ થયું; તે ફળ કાંકરી અને માટીથી બનેલા ઘરનું સ્થિર આયુષ હોય છે; એ ફળને દશ ગણું કરીએ તો ઇંટ માટી અને ચૂનાથી બનેલા ઘરનો આયુર્દા આવે છે; એ ફળને નેવું ગણું કરીએ તો પત્થર અને સીસાથી બનાવેલા ઘરનું આયુષ થાય છે. તેમજ તે ફળને એકસો સિત્તેર ગણું કરીએ તો ધાતુ (લોહ, ત્રાંબું, સોનું વગેરે)થી કરેલા ગૃહનું આયુષ આવે; એ પરમ આયુષ પાંચ પ્રકારનું કહ્યું છે, અને લબ્ધાંક* (ફળ) નિકળ્યા પછી જે શેષ રહે તેને પાંચે ભાગતાં જે શેષ રહે તે અનુક્રમે પૃથ્વી, જલ, વાયુ, અને આકાશ એમ એ પાંચ તત્ત્વ છે અને તે ગૃહાદિકના અંતકાળ વખતનાં ચિન્હ છે એટલે એનાથી નાશ થાય છે.

---

*લબ્ધાંક એટલે એક રકમને બીજી રકમથી ભાગતાં જે આવે તે. જેમકે ૬ આમાં ૩ નો અંક છે તે લબ્ધાંક.

તત્ત્વનું ફળ.

લબ્ધિ આવ્યા પછી જે શેષ રહે તેને પાંચનો ભાગ આપતાં ૧ વધે તો પૃથ્વી તત્ત્વ જાણવું; એ તત્ત્વવાળા ઘરમાં ધન ધાન્યની વૃદ્ધિ થાય અને પૂર્ણ આયુષ ભોગવી જીર્ણ થઈને પડે. ૨ વધે તો જલ તત્ત્વ જાણવું; એ તત્ત્વવાળું ઘર પાણીના પ્રકોપથી એટલે પાણીથી રચીપચીને પડે અથવા અંદર પાણી ભરાઈ જવાથી બેસી જઈ નાશ પામે. ૩ વધે તો અગ્નિ તત્ત્વ જાણવું; એ તત્ત્વવાળું ઘર અગ્નિના પ્રકોપથી એટલે આગ લાગી બળી જઈ નાશ પામે. ૪ વધે તો વાયુ તત્ત્વ જાણવું; એ તત્ત્વવાળું ઘર પવનના પ્રકોપથી એટલે જોરજોર વાયુના સપાટાના આઘાતથી ઉથલી પડીને નાશ પામે. ૫ વધે તો આકાશ તત્ત્વ જાણવું; એ તત્ત્વવાળા ઘરને અકસ્માતથી પડી જવાનો ભય છે. એ ઘર હમેશ નિર્જન (સુનું) રહે, તેમજ તેમાં સંતતિનો નાશ થાય.

આગળના કહ્યા પ્રમાણે કોઈ પણ ઘર અગર પ્રાસાદનું ગણિત કામ કર્યા પછી પાયો ખોદવાનું મુહૂર્ત્ત કરીને કામ શરૂ કરવામાં આવે તે દિવસથી તે આગળ બતાવ્યા પ્રમાણે જેટલા વર્ષ, માસ વગેરે આવે તેટલું તેનું આયુષ જાણવું, કારણ કે ગણિત ઉપરથી આયુષ કલ્પેલું છે; તો ગણિતનો ઉપયોગ થાય ત્યારથીજ તેનું આયુષ પણ ગણવું જોઇયે.

ઘર અગર પ્રાસાદોનાં આયુષ વિષે સંહિતાજ્ઞાન નામના ગ્રંથમાં સારી રીતે વિવેચન આપ્યું છે. જેવી રીતે મનુષ્યોની જન્મપત્રિકા થાય છે અને તે ઉપરથી અમુક વર્ષે, અમુક માસે અમુક થશે એમ જણાય છે તેજ પ્રમાણે ઘર વગેરેની પણ જન્મપત્રિકા થાય છે, પણ તે વિષે આ ઠેકાણે લખવાની જરૂર નથી, કારણ કે ગ્રંથનો ઘણો વિસ્તાર થઈ જાય, અવકાશ ઉપર તે મુલતવી રાખ્યું છે. આયુષ કાઢવા સંબંધી વિશેષ સમજ પાડવાને માટે નીચે ઉદાહરણ આપેલું છે.

ઉદાહરણ.

ધારો કે કોઈ પણ ઘર અગર પ્રાસાદ ૫ ગજ ને ૫ આંગળ સમ ચોરસ છે તો તેનું ક્ષેત્રફળ કાઢવાને લંબાઈના ૫ ગજને ૫ આંગળના આંગળ કર્યા તો એકંદર ૧૨૫ આંગળ થયા, તેને પ્હોળાઈના તેટલાજ એટલે ૧૨૫ આંગળ વડે ગુણતાં ગુણાકાર ૧૫,૬,૨૫ આંગળ થયા, માટે તેટલું ક્ષેત્રફળ થયું. એ ક્ષેત્રફળને ૮ એ ગુણતાં ૧,૨૫૦૦૦ આંગળ થયા માટે તેટલી ઘડીઓનું માટી અને કાંકરીથી કરેલા ઘરનું આયુષ જાણવું અને તે ઘડીઓને ૫ એ ભાગતાં શેષ કંઇ રે'તો નથી; માટે આકાશ તત્ત્વ આવ્યું. તેથી એટલી ઘડીએ તે ઘર અકસ્માત પડશે. તેવીજ રીતે આવેલી ઘડીઓને ૬૦ થી ભાગતા ભાગાકાર (લબ્ધાંક) ૨૦૮૩ આવ્યા માટે તેટલા દિવસ અને ૨૦ શેષ રહ્યા તેટલી ઘડીઓ જાણવી. તે દિવસને ૩૦ થી ભાગતાં ભાગાકાર ૬૯ આવ્યો તે માસ અને ૧૩ શેષ રહ્યા તે

દિવસ જાણવા; તેમજ તે માસને ૧૨ એ ભાગતાં ભાગાકાર ૫ થયા તે વર્ષ અને બાકી ૯ શેષ રહ્યા તે માસ; માટે માટી કાંકરીથી બનાવેલા એ ઘરનું આયુષ ૫ વર્ષ, ૯ માસ, ૧૩ દિવસ અને ૨૦ ઘડી થયું. તેજ પ્રમાણે લબ્ધાંક (૬૭) ને ૧૦ ગણા કરવાથી આવતાં ૫૭ વર્ષ, ૧૦ માસ, ૧૦ દિવસ, અને ૨૦ ઘડીએ ઈંટ, માટી અને ચૂનાથી બનાવેલું ઘર અકસ્માત પડશે. તેમજ લબ્ધાંકને ૩૦ ગણા કરવાથી આવતાં ૧૭૩ વર્ષ, ૭ માસ, અને. ૨૦ ઘડીએ, ચૂના અને પત્થરથી કરેલું ઘર અકસ્માત પડશે. તેવીજ રીતે લબ્ધાંકને ૯૦ ગણા કરવાથી આવતાં ૪૨૦ વર્ષ, ૯ માસ અને ૨૦ ઘડીએ પત્થર અને સીસાનું કરેલું ઘર અકસ્માત પડશે. તેવીજ રીતે લબ્ધાંકને ૧૭૦ ગણા કરવાથી આવતાં ૧૨૬૨ વર્ષ, ૩ માસ, અને ૨૦ ઘડીએ ધાતુ (લોઢ, ત્રાંબું, સોનું વગેરે) નું કરેલું ઘર અકસ્માત પડશે. આ પ્રમાણે પરમ આયુષ શાસ્ત્રમાં કહ્યું છે.

૫ ગજ અને ૫ આંગળ સમચોરસ ઘરના આયુષના પ્રમાણનું કોષ્ટક.

ગુણક	વર્ષ.	માસ.	દિવસ	ઘડી.	તત્ત્વ.	પદાર્થોથી બનેલું ઘર.
૧	૫	૯	૧૩	૨૦	૫	માટી ને કાંકરીનું ઘર.
૧૦	૫૭	૧૦	૧૦	૨૦	૫	ઇંટ, માટી ને ચૂનાનું કરેલું ઘર.
૩૦	૧૭૩	૭	૦	૨૦	૫	ચૂના ને પત્થરનું કરેલું ઘર.
૯૦	૪૨૦	૯	૦	૨૦	૫	પત્થરને સીસાનું કરેલું ઘર.
૧૭૦	૧૨૬૨	૩	૦	૨૦	૫	ધાતુ વગેરેનું કરેલું ઘર.

આયુષ અને વિનાશ અઙ્ક સંપૂર્ણ.

वत्सप्रकरण.

કન્યા, તુલા, અને વૃશ્ચિક (ભાદ્રપદ, અશ્વિન, અને કાર્તિક) એ ત્રણ રાશિના સૂર્યમાં વત્સનું મુખ પૂર્વમાં હોય છે; ધન, મકર, અને કુંભ (માર્ગશીર્ષ, પોષ, અને માઘ) એ ત્રણ રાશિના સૂર્યમાં વત્સનું મુખ દક્ષિણમાં હોય છે; મીન, મેષ અને વૃષભ (ફાલ્ગુણ, ચૈત્ર, અને વૈશાખ) એ ત્રણ રાશિના સૂર્યમાં વત્સનુ મુખ પશ્ચિમમાં હોય છે; મિથુન, કર્ક, અને સિંહ (જ્યેષ્ટ, આષાઢ, અને શ્રાવણ) એ ત્રણ રાશિના સૂર્યમાં વત્સનું મુખ ઉત્તરમાં હોય છે; માટે વત્સની સામું ઘરનું દ્વાર મૂકવામાં આવે તો હાનિ થાય, અને વત્સની પાછળ દ્વાર મૂકવામાં આવે તો આયુષનો ક્ષય થાય, પણ વૃષભ, સિંહ, વૃશ્ચિક, અને કુંભ (કાર્તિક, માઘ, વૈશાખ, અને શ્રાવણ) એ ચાર રાશિના સૂર્યમાં ઘરની ચારે દિશામાં દ્વારો મૂકવામાં આવે તો વત્સનો દોષ નથી.

વત્સની સામે બારણું મૂકવા વિષે ખુલાસો.

જે દિશામાં વત્સ હોય તે દિશામાં બારણું મૂકવું હોય તો કન્યા, વૃશ્ચિક, મીન, અને વૃષભ (ભાદ્રપદ, કાર્તિક, ફાલ્ગુણ, અને વૈશાખ) એ ચાર રાશિના સૂર્યમાં ઉતાવળને પ્રસંગે ઘરધણીને તારા, ચંદ્ર, તિથી, વાર, નક્ષત્ર વગેરે સારાં હોય તો પૂર્વ, તથા પશ્ચિમ દિશા સામે બારણું મૂકવું, કારણ કે વત્સ દિશાની મધ્યમમાં નથી; તેમજ ધન, કુંભ, મિથુન અને કર્ક (માર્ગશીર્ષ, માઘ, જ્યેષ્ટ અને શ્રાવણ) એ ચાર રાશિના સૂર્યમાં ઉતાવળને પ્રસંગે ઘરધણીને તારા, ચંદ્ર, તિથી, વાર, નક્ષત્ર વગેરે સારાં હોય તો દક્ષિણ તથા ઉત્તર દિશા સામે બારણું મૂકવું, કારણ કે વત્સ દિશાની મધ્યમમાં નથી.

વત્સ પ્રકરણ સંપૂર્ણ.

राहुप्रकरण.

વાર પરત્વે રાહુ જોવાની રીત.

રવિવારને દિવસે નૈઋત્ય કોણમાં રાહુ હોય છે, સોમવારે ઉત્તર દિશામાં, મંગળવારે અગ્નિ કોણમાં, બુધવારે પશ્ચિમ દિશામાં, ગુરૂવારે ઈશાન્ય કોણમાં, શુક્રવારે દક્ષિણ દિશામાં અને શનિવારે વાયવ્ય કોણે રાહુ હોય છે; એવી રીતે સાતે દિશામાં રાહુ ફરે છે. જે દિશામાં રાહુ હોય છે તે દિશામાં પરદેશ જવું નહીં તથા ગૃહપ્રવેશ કરવો નહીં અને દ્વાર મૂકવું નહીં.

માસ પરત્વે રાહુ.

માર્ગશીર્ષ, પોષ અને માઘ માસમાં પૂર્વ દિશામાં રાહુ જાણવો.
ફાલ્ગુન, ચૈત્ર, અને વૈશાખ માસમાં દક્ષિણ દિશામાં રાહુ જાણવો.
જ્યેષ્ટ, આષાઢ અને શ્રાવણમાં પશ્ચિમ દિશામાં રાહુ જાણવો.
ભાદ્રપદ, આશ્વિન અને કાર્તિક માસમાં ઉત્તર દિશામાં રાહુ જાણવો.

રાહુ જે દિશામાં હોય તે દિશામાં સ્થંભ ગોઠવવાથી વંશનો નાશ થાય તથા દ્વાર મૂકવાથી અગ્નિનો ભય થાય, તેમજ ગામ જવાથી કાર્યની હાનિ થાય અને ગૃહનો આરંભ કરવાથી કૂળનો નાશ થાય છે.

એમ છતાં કોઈ પ્રકારની અડચણને પ્રસંગે રાહુની સામું દ્વાર મૂકવું હોય તો બારણાની શાખ નીચે ત્રાંબાનું પત્ર મૂકી બારણું મૂકે તો દોષ નથી.

રાહુ પ્રકરણ સંપૂર્ણ.

नक्षत्रमुखप्रकरण.

તિર્યગ્મુખનાં નક્ષત્ર.

અશ્વિની, મૃગશીર્ષ, પુનર્વસુ, હસ્ત, ચિત્રા, સ્વાતી, અનુરાધા, જ્યેષ્ટા અને રેવતી. એ નક્ષત્રોમાં વાહન કરાવવાં, વાહન લેવાં, યંત્રલેવાં, હળ જોડવાં, અને ઢોર લેવાં એ સારૂં છે.

ઊર્ધ્વ (ઉંચાં) મુખનાં નક્ષત્ર.

રોહિણી, આર્દ્રા, પુષ્ય, ઉત્તરા ફાલ્ગુની, ઉત્તરાષાઢા, ઉત્તરા ભાદ્રપદા, શ્રવણ, ધનિષ્ઠા અને શતભીષા. એ નક્ષત્રોમાં કિલ્લો કરવો, દેવમંદિર બંધાવવું, રાજછત્ર કરવું, હવેલી બંધાવવી અને રાજાને રાજ્યાભિષેક કરવો એ સારૂં છે.

અધો (નીચાં) મુખનાં નક્ષત્ર.

ભરણી, કૃતિકા અશ્લેષા, મઘા, પૂર્વાફાલ્ગુની, પૂર્વાષાઢા, પૂર્વાભાદ્રપદા, વિશાખા અને મૂલ. એ નક્ષત્રોમાં ખાત મુહૂર્ત કરવું, પશ્ચિમમાં ધન દાટવું અને ઉગ્રકાર્ય કરવું, એટલાં કામ સારાં છે.

નક્ષત્રમુખપ્રકરણ સંપૂર્ણ.

त्याज्य प्रकरणम्.

બધાં મળી એકંદર સત્તાવિશ નક્ષત્રો છે, અને તે દરેક નક્ષત્રના સંબંધમાં જ્યોતિષશાસ્ત્રકારો શુભ કાર્યોનાં મુહૂર્ત ઠરાવી ગયા છે; એટલે કે અમુક નક્ષત્ર ચાલતું હોય, તો તે અરસામાં અમુક શુભ કાર્ય કરવાનું તે નક્ષત્રના ગુણ ઉપરથી ઠરાવેલું હોવાથી, જ્યોતિષવેત્તાઓ તેને અનુસરીને વર્ત્તે છે. દરેક શુભ કાર્યનો આરંભ કરતી વેળાએ તેમાં લાભ અથવા યશપ્રાપ્તિની આશાથી મુહૂર્ત જોવામાં આવે છે. મુહૂર્ત જોવાના સંબંધમાં તેમ છતાં એક સામાન્ય નિયમ એવો બાંધ્યો છે કે, જે દિવસે ગ્રહણ થવાનું હોય તેની ચાર દિવસ આગમચ તથા ગ્રહણ થયા પછી જો તે પા ભાગ થયું હોય તો ત્રણ દિન, અને જો અર્દ્ધ થયું હોય તો ચાર દિન, જો પોણું થયું હોય તો છ દિવસ, અને આખું અથવા ખગ્રાસ ઘેરાયું હોય તો આઠ દિવસ સુધી કંઈ પણ શુભ કાર્યનો આરંભ કરવો નહીં.

તેમજ ગ્રહણનું નક્ષત્ર, જન્મનો માસ, તિથી, નક્ષત્ર, વાર, માતા પિતાનો ક્ષય દિવસ તેમજ ધન રાશિનો તથા મીન રાશિનો સૂર્ય હોય, સિંહરાશિનો ગુરૂ હોય, ચંદ્રમા દુર્બલ હોય, ગંડાંત નામાયોગ હોય તથા વ્યતિપાત અને વૈધૃત હોય, દગ્ધા તિથી અને દગ્ધ નક્ષત્ર હોય, શુક્રતથા ગુરૂનો અસ્ત હોય, પાત યોગ હોય, વિષ્ટિ હોય, અધિકમાસ હોય અને ચંદ્રમા ઉપર પાપગ્રહની દૃષ્ટિ પડતી હોય અથવા પાપગ્રહના ભેગો ચંદ્રમા હોય તો એવા દિવસોમા શુભ કામનો ત્યાગ કરવો.

સ્ત્રી તથા પુરૂષના ઘાત (કાલ) ચંદ્ર.

રાશિ.	સ્ત્રીઘાતચંદ્ર	પુરૂષઘાતચંદ્ર.	રાશિ.	સ્ત્રીઘાતચંદ્ર.	પુરૂષઘાતચંદ્ર.
મેષ	૧	૧	તુલા	૪	૩
વૃષભ	૮	૫	વૃશ્ચિક	૨	૭
મિથુન	૭	૯	ધન	૧૦	૪
કર્ક	૯	૨	મકર	૧૧	૮
સિંહ	૬	૬	કુંભ	૫	૧૧
કન્યા	૩	૧૦	મીન	૧૨	૧૨

કયે કયે વારે વારશૂળ કઈ કઈ દિશામાં રહે છે તે વિષે.

વારશૂળને કેટલાક જ્યોતિષીઓ દિક્શૂળ પણ કહે છે, અને જે વારે તે

(વારશૂળ) જે દિશાએ હોય, તે દિશા ભણી પ્રવાસ કરવાને ના પાડે છે. કયે વારે વારશૂળનું ઘર કઇ દિશામાં છે તેનું બ્યાન નીચે આપ્યું છેઃ—

સોમ અને શનિવારે વારશૂળ પૂર્વ દિશામાં હોય છે.

ગુરૂવારે વારશૂળ દક્ષિણ દિશામાં રહે છે.

બુધ અને મંગળવારે વારશૂળનું ઘર ઉત્તર દિશાએ છે.

રવિ અને શુક્રવારે વારશૂળ પશ્ચિમ દિશાએ રહે છે.

સાતે વારને દિવસે કઈ કઈ દિશા અને ખૂણાઓમાં કાળ ફરે છે તે વિષે.

નીચે દર્શાવેલા વારને દિવસે તેનીજ સાથે જણાવેલી દિશા અને ખૂણા તરફ મુસાફરી નહીં કરવાનું એટલા માટે કહ્યું છે કે, તે દિશામાં " સામો કાળ " રહે છે, અને તેથી મુસાફરને જીવ કે મિલકતથી કંઈ ખમવું પડે છેઃ—

૧. રવિવારે ઉત્તર દિશા. ૨. સોમવારે વાયવ્ય ખૂણો. ૩. મંગળવારે પશ્ચિમ દિશા. ૪. બુધવારે નૈઋત્ય ખૂણો. ૫. ગુરૂવારે દક્ષિણ દિશા. ૬. શુક્રવારે અગ્નિ ખૂણો. ૭. શનિવારે પૂર્વ દિશા.

તેમ છતાં ઈશાન્ય ખૂણે ગમે તે વારે જાય. જે વાર હોય તેની પૂર્વ દિશાથી ગણવું અને જ્યાં શનિ ત્યાં કાળવાર આવે.

કદાપિ ઘણાજ જરૂરીના કારણ સારૂ નિષેધ કરેલી દિશાએ ગમન કરવાની ફરજ પડે, તો તે વારનું પે'લું ચોઘડિયું વિત્યા પછી જવું; વળી તે દિવસે મધ્યાન્હ કાળે એટલે બાર વાગે શુભ કાર્ય કરવું કે પરદેશને પંથે પડવું.

" યોગિની " અથવા જોગણી જે જે દિશા તથા ખૂણામાં ફરતી રહે છે તેની સમજ.

જોગણી દરેક તિથીએ દરેક દિશા તથા ખૂણામાં રહે છે અને તેથી તેનું તે સ્થાન જાણવાની આવશ્યકતા માત્ર એટલી છે કે લાભ તથા સુખના ઇચ્છનારે તે દિશા તથા ખૂણા તરફ તે તિથીએ ગમન કરવું નહીં. જોગણીનું ઘર નીચેના કોઠા ઉપરથી જણાય છે. તેથી જોવામાં આવશે કે, પ્રતિપદા તથા નવમી એ બંને તિથીઓએ જોગણીનું ઘર પૂર્વ દિશાએ છે, અને તેથી તે તિથીને દિવસે તે દિશા ભણી મુસાફરીએ નિકળવું નહીં. વળી તે પ્રતિપદા તથા નવમી શુદ તથા વદ પક્ષની ગમે તે હોય, તો પણ જોગણીના સંબંધમાં તેમાં કંઈફેર પડતો નથી. પ્રવાસમાં જોગણીને સન્મુખ લેવી નહીં, તેમજ દ્યુત વગેરે હાર જીતની રમતોમાં જોગણીને જો પાછળ રાખી હોય તોજ રમનારને કંઈક લાભ પ્રાપ્ત થાય.

શુદ કે વદની નીચેની તિથીઓએ જોગણીના ઘરની નીચે લખેલી દિશાઓ તથા ખૂણાઓ છેઃ—

શુદ કે વદની તિથીઓ.		
૧અને૯ એ તિથીઓ	ને દિવસે	પૂર્વ દિશાએ જોગણીનું સ્થાન છે.
૩,,૧૧ એ તિથીઓ	,,	અગ્નિ ખૂણાએ જોગણીનું સ્થાન છે.
૫,,૧૩ એ તિથીઓ	,,	દક્ષિણ દિશાએ જોગણીનું સ્થાન છે.
૪,,૧૨ એ તિથીઓ	,,	નૈઋત્ય ખૂણાએ જોગણીનુ સ્થાન છે.
૬,,૧૪ એ તિથીઓ	,,	પશ્ચિમ દિશાએ જોગણીનું સ્થાન છે.
૭,,૧૫ એ તિથીઓ	,,	વાયવ્ય ખૂણે જોગણીનું સ્થાન છે.
૨,,૧૦ એ તિથીઓ	,,	ઉત્તર દિશાએ જોગણીનું સ્થાન છે.
૮,,૩૦ એ તિથીઓ	,,	ઈશાન્ય ખૂણે જોગણીનું સ્થાન છે.

એક ખુલાસો:—આપણા જ્યોતિષીઓ કહે છે કે, કાળ ચંદ્ર, વારશૂળ, યમઘંટ અને મૃત્યુયોગ તથા સન્મુખ વરતી જોગણી તેમની બતાવેલી તિથી તથા વારે હોય, અને તેજ દિવસે ઘણાજ અગત્યના કારણને લીધે પ્રવાસ કરવાની આવશ્યકતા હોય, તો પછી તેનો એક વખત છે, અને તે એ કે, તે દિવસના ઉતરતા પ્હોરે એટલે બપોરના બાર વાગ્યા પછી પ્રવાસાર્થે ઘર બ્હાર નિકળવું.

તાજ્ય પ્રકરણ સંપૂર્ણ.

चंद्र प्रकरण.

બારે રાશિઓના ચંદ્રમાનું ઘર કઇ કઇ દિશાઓમાં છે તેની સમજ.

મેષ, સિંહ, અને ધન એ ત્રણ રાશિઓમાં ચંદ્રનું ઘર પૂર્વ દિશામાં છે.

વૃષભ, કન્યા, અને મકર એ ત્રણ રાશિઓમાં ચંદ્રનું ઘર દક્ષિણ દિશામાં છે.

મિથુન,તુલા,અને કુંભ એ ત્રણ રાશિઓમાં ચંદ્રનું ઘર પશ્ચિમ દિશામાં છે.

કર્ક, વૃશ્ચિક, અને મીન એ ત્રણ રાશિઓમાં ચંદ્રનું ઘર ઉત્તર દિશામાં છે.

ચંદ્ર સવા બે દિવસમાં આઠે દિશાઓ ફરી વળે છે તેની સમજ.

સવા બે દિવસ અથવા ૧૩૫ ઘડીના અરસામાં ચંદ્રમા એક રાશિ ભોગવતો આઠે દિશાઓમાં નીચે મુજબ ફરી વળે છેઃ—

દિશા.	ઘડી.	દિશા.	ઘડી.
પૂર્વ દિશાએ	૧૭	પશ્ચિમ દિશાએ	૧૮
અગ્નિ ખૂણે	૧૫	વાયવ્ય ખૂણે	૧૯
દક્ષિણ દિશાએ	૨૧	ઉત્તર દિશાએ	૧૫
નૈઋત્ય ખૂણે	૧૬	ઈશાન્ય ખૂણે	૧૪

એકંદર ઘડી ૧૩૫

એ ૧૩૫ ઘડીના સવા બે દિવસ થયા, અને તે મુદતમાં એક રાશિ તે આઠે દિશાઓમાં ફરી વળીને ચંદ્રમા ભોગવે છે. દૃષ્ટાંત કે, મેષનો ચંદ્ર થયો હોય, તો તેનું ઘર પ્રથમ પૂર્વ દિશાએ આવ્યું, ચન્દ્ર ૧૭ ઘડી પૂર્વ દિશાએ રહ્યો, ને ત્યાર પછી ૧૫ ઘડી અગ્નિ ખૂણે રહ્યો. એજ પ્રમાણે બારે રાશિઓના ચંદ્રમાનાં ઘર પૂર્વ દિશાથીજ ગણવામાં આવે છે.

પરદેશ ગમન કરતાં અથવા કોઈ શુભ કાર્ય માટે ઘર બહાર નિકળતાં ચંદ્રમાનું ઘર સન્મુખ તથા જમણી બાજૂએ રાખવું કે લેવું. તેથી લાભ અને સુખની વૃધ્ધિ છે. પણ જો તેવા પ્રસંગો ઉપર ચંદ્રનું ઘર પીઠ પાછળ કે ડાબી બાજૂએ રહે, તો પ્રવાસીને જીવઘાતક વિઘ્નો નડવા ઉપરાંત ધનની હાનિ થાય.

ચંદ્ર પ્રકરણ સંપૂર્ણ.

દિવસનાં ચોઘડીઆંનો કોઠો.

રવિ.	સોમ.	મંગળ.	બુધ.	ગુરૂ.	શુક્ર.	શનિ.
ઉદ્વેગ.	અમૃત.	રોગ.	લાભ.	શુભ.	ચળ.	કાળ.
ચળ.	કાળ.	ઉદ્વેગ.	અમૃત.	રોગ.	લાભ.	શુભ.
લાભ.	શુભ.	ચળ.	કાળ.	ઉદ્વેગ.	અમૃત.	રોગ.
અમૃત.	રોગ.	લાભ.	શુભ.	ચળ.	કાળ.	ઉદ્વેગ.
કાળ.	ઉદ્વેગ.	અમૃત.	રોગ.	લાભ.	શુભ.	ચળ.
શુભ.	ચળ.	કાળ.	ઉદ્વેગ.	અમૃત.	રોગ.	લાભ.
રોગ.	લાભ.	શુભ.	ચળ.	કાળ.	ઉદ્વેગ.	અમૃત.
ઉદ્વેગ.	અમૃત.	રોગ.	લાભ.	શુભ.	ચળ.	કાળ.

દરેક વારનું ચોઘડિયું જોવાની રીત.

જે દિવસે જે વાર હોય, તે દિવસે સૂર્યોદયને સમયે તે વારની નીચે આપેલું

પે'લું ચોઘડિયું બેસે છે અને પછી બીજું ચોઘડિયું તે વારથી ગણતાં છઠ્ઠે દિવસે અથવા વારનું જે ચોઘડિયું હોય તે બેસે છે, અને તે ગણત્રી મુજબ તે વારનું ત્રીજુ ચોઘડિયું થાય છે. દૃષ્ટાંત તરીકે રવિવારનું સૂર્યોદય વખતનું પે'લું ચોઘડિયું **ઉદ્વેગ** છે, અને બીજું ચોઘડિયું તે વારથી ગણતાં છઠ્ઠા દિવસનું એટલે શુક્રનું **ચળ** છે. એજ પ્રમાણે બધું સમજી લેવું.

દરેક ચોઘડિયાનો અમલ ૩ ઘડી અને ૪૫ પળ એટલે દોઢ કલાક સુધી પ્હોંચે છે. સવારના ૬થી સાંજના ૬ સુધી આઠ ચોઘડિયાં ભોગવાય છે.

શુભ ચોઘડિયાં:—અમૃત, શુભ, લાભ અને ચળ છે.

માઠાં ચોઘડિયાં:—ઉદ્વેગ, રોગ અને કાળ છે.

પ્રવાસે જવું હોય અથવા શુભ કામ કરવું હોય, તો તે સારાં ચોઘડિયાંમાં કરવું, નરસાં ચોઘડિયામાં કરવું નહીં.

રાતનાં ચોઘડિયાંનો કોઠો.

રવિ.	સોમ.	મંગળ.	બુધ.	ગુરૂ.	શુક્ર.	શનિ.
શુભ.	ચળ.	કાળ.	ઉદ્વેગ.	અમૃત.	રોગ.	લાભ.
અમૃત.	રોગ.	લાભ.	શુભ.	ચળ.	કાળ.	ઉદ્વેગ.
ચળ.	કાળ.	ઉદ્વેગ.	અમૃત.	રોગ.	લાભ.	શુભ.
રોગ.	લાભ.	શુભ.	ચળ.	કાળ.	ઉદ્વેગ.	અમૃત.
કાળ.	ઉદ્વેગ.	અમૃત.	રોગ.	લાભ.	શુભ.	ચળ.
લાભ.	શુભ.	ચળ.	કાળ.	ઉદ્વેગ.	અમૃત.	રોગ.
ઉદ્વેગ.	અમૃત.	રોગ.	લાભ.	શુભ.	ચળ.	કાળ.
શુભ.	ચળ.	કાળ.	ઉદ્વેગ.	અમૃત.	રોગ.	લાભ.

સમજ:—આ કોઠામાં દિવસનાં ચોઘડિયાં કરતાં એટલોજ ફેર છે કે, દરેક વારનું પે'લું ચોઘડિયું તેની નીચે લખેલું હોય તેજ છે, અને તે પછી બીજું ચોઘડિયું તે વારને સાથે ગણતાં પાંચમે દિવસે જે વાર આવે તેનું જે પે'લું હોય તે સમજવું. ગણત્રીના તે ફેર સિવાય બીજું બધું ઉપર પ્રમાણે છે.

લગ્ન ઉપર આવતાં પંચક.

નીચે દર્શાવેલાં પંચકો "સંગ્રહ શિરોમણિ" અને "મુહૂર્ત ચિંતામણિ" નામના જ્યોતિષ ગ્રંથો પ્રમાણે રચવામાં આવ્યાં છે. તે પંચકોને લગતી સમજૂતિ એવી છે કે, વિવાહ, ઉપનયન, સીમંત વગેરે શુભ કાર્યમાં, ઘરનું વાસ્તુ મુ-

હૂર્ત કરતી વખતે, બાળકોને પ્રથમ નિશાળે બેસાડતી વખતે, રાજા કે અમીરને ત્યાં નોકરીએ રેહેતી વખતે તથા પરદેશ વેપારાર્થે ગમન કરતાં સારૂં કે માઠું લગ્ન જોવું પડે છે તે લગ્ન કયું અને કયે વખતે બેસે છે? દૃષ્ટાંતઃ—સંવત ૧૯૪૮ ના કાર્ત્તિક શુદ પુનેમને દિવસે સવારમાં કયું લગ્ન હતું? તે લગ્ન કાઢવાને કાર્ત્તિક શુદ પુનેમ સુધીની ચૌદ તિથો લેઈ તેમાંથી એક બાદ કરવી. બાકી રહી તેર. હવે કાર્ત્તિક શુદમાં તો તુલા રાશિનો સૂર્ય છે, માટે સવારના પ્હૉરમાં પે'લું તુલા લગ્ન થયું. તેને પ્રથમ મેષ લગ્નથી ગણતાં સાતમું લગ્ન આવ્યું, અને તેથી સાત લગ્ન અને તેર તિથીઓનો સરવાળો ૨૦ થાય તેને નવે ભાગતાં શેષ રહ્યા બે. આપેલા કોઠામાં રહ્યો અંક જોતાં માલમ પડશે કે તે દિવસે પ્રભાતમાં બીજું પંચક છે. તે બીજા (અગ્નિ) પંચકનું ફળ એ છે કે તે દિવસે ઘરનાં ખતપત્રો, વાસ્તુ, મુહૂર્ત વગેરે કરવું નહીં, અને તે દિવસે વળી જો મંગળવાર હોય તો ઉપરનાં કામો કદાપિ કાળે કરવાં નહીં, કારણ કે તેવાં પંચક માટે મંગળવાર તો અવસ્ય વર્જ્ય કરવાનો કહ્યો છે.

૧. **મૃત્યુપંચક**–આ પંચક વિવાહના કામમાં બુધવાર અને શુક્રવારને દિવસે બિલકુલ ત્યાગ કરવું. પણ તે બંને સિવાય બીજા વારો હોય તો સાયંકાળનો વખત ત્યાગ કરવો.

૨. **અગ્નિ પંચક**—આ પંચક ઘરનાં ખતપત્રો, વાસ્તુ મુહૂર્ત, પાયો નાંખવા વગેરે કામો કરવાં હોય તે વખતે ત્યાગ કરવું, અને મંગળવારને દિવસે તો જરૂર કરીને ત્યાગ કરવું.

૩. **ની પંચક**–કોઇ પણ શુભ કાર્ય માટે આ પંચક બધી રાતે સાનુકૂળ છે.

૪ **રાજ પંચક**—રાજા, અમીર વગેરેને ત્યાં પ્રથમ ચાકરી રે'વાના સંબંધમાં આ પંચક ત્યાગ કરવું, અને ખસુસ કરીને સોમ તથા શનિવારે તો તે વર્જ્ય કરવું.

૫ **ની પંચક**–આ પંચક દરેક શુભ કામ માટે સારૂં છે.

૬. **ચોર પંચક**—આ પંચક વેપાર વગેરે કામ માટે પરદેશ જતી વખતે, અથવા યાત્રા કરવાને ઘર બ્હાર નિકળતાં ત્યાગ કરવું. પણ જો તે દિવસે ગુરૂ કે મંગળવાર હોય, તો અવસ્યમેવ કરીને વર્જ્ય કરવું.

૭. **ની પંચક**—દરેક મંગળ કામ માટે આ પંચક ઉત્તમ છે.

૮. રોગ પંચક—પુત્રને ઉપવિત દેવાના કામ માટે આ પંચકને ત્યાગ કરવું. રવિવારને દિવસે તે ત્યાગ કરવું.

૯. ની પંચક-સારાં કામ માટે આ પંચક સારૂં છે.

અશુભ કામોમાં પંચકનો અવજોગ.

કુંભનો ચંદ્રમા બેસે તે દિવસથી લેઈ, મીનનો ચંદ્રમા ઉતરી જાય, તે દરમ્યાન સમય કે દિવસોને "પંચક" કહે છે. પંચકમાં જે કામો કરવાને નિષેધ કર્યો છે, તે નીચે મુજબ:—

પંચકમાં દક્ષિણ દિશાએ જવું નહીં, તેમજ ઘરનું ગીરો, વેચાણ વગેરે ખત, પાયો કે વાસ્તુ મુહૂર્ત વગેરે કરવું નહીં, પ્રેતદહન કરવું નહીં, અને કરવુંજ પડે તો વિધિપૂર્વક ઉત્તર ક્રિયા સાથે કરવું. લાકડાં, ઘાસ વગેરે વેચાતાં લેવાં નહીં, તેમજ પલંગની પાટી ભરવી નહીં. મતલબ કે અશુભ એટલે અમાંગલિક કામો પંચકના સમયમાં કરવાં નહીં.

દિવસ અને રાત્રી મળીને ભોગવાતી ચોવિશ હોરાઓની સમજ—તે દરેકની આરોગ્યતા ઉપર કેવી અસર થાય છે?

દિવસ અને રાતની એકંદર સાઠ ઘડી એટલે ચોવિશ કલાક હોય છે. અને તેમાં બધી મળી ચોવિશ હોરાઓ ભોગવાય છે. દરેક હોરા અઢી ઘડીની એટલે એક કલાકની છે. જે દિવસે જે વાર હોય, તે વારની હોરા તે દિવસે પ્રથમ બેસે છે, અને તે પછી તે વારની સાથે ગણતાં જે છઠ્ઠો વાર આવે તેની જે હોરા તે બીજી ભોગવાય છે. દૃષ્ટાંત તરીકે આજે રવિવાર છે, તો સવારની એટલે સૂર્યોદય સમયે રવિની પે'લી હોરા બેઠી, અને તે પછી બીજી હોરા શુક્રની અને ત્રીજી બુધની અને ચોથી ચંદ્રની બેઠી. એ મુજબ ચોવિશ હોરાના વારો ગણી લેવા. સોમવાર હોય, તો સૂર્યોદયની પે'લી હોરા ચંદ્રની અને બીજી શનિ, ત્રીજી ગુરૂ અને ચોથી મંગળની બેઠી. (આ વિષે વિશેષ ખુલાસો કોષ્ટક ૫૫ માંથી મળશે).

૧	૨	૩	૪	૫	૬	૭	૮
રવિ.	શુક્ર.	બુધ.	ચંદ્ર.	શનિ.	ગુરૂ.	મંગળ.	રવિ.
૯	૧૦	૧૧	૧૨	૧૩	૧૪	૧૫	૧૬
શુક્ર.	બુધ.	ચંદ્ર.	શનિ.	ગુરૂ.	મંગળ.	રવિ.	શુક્ર.
૧૭	૧૮	૧૯	૨૦	૨૧	૨૨	૨૩	૨૪
બુધ.	ચંદ્ર.	શનિ.	ગુરૂ.	મંગળ.	રવિ.	શુક્ર.	બુધ.

સારી હોરા—ચંદ્ર, બુધ, ગુરૂ અને શુક્ર છે. તેમાં કંઈ પણ શુભ કામ આદર્યું હોય, તો તે સફળ થાય છે.

નરસી કે માઠી હોરા-રવિ, મંગળ અને શનિ. તેમાં આદરેલું સારૂં કામ ધુળધાણી કે વિઘ્નોથી ખરાબ થઈ જાય, અને પરિણામે નુકશાનજ રહે.

મનુષ્યપ્રકૃતિ ઉપર તે દરેક હોરાની અસર—મનુષ્ય રોગી હોય તે વખતે જો રવિની હોરા બેઠી હોય, તો તેટલો વખત પિત્ત તથા ગરમી રાખે. ચંદ્રની હોરા બેઠી હોય, તો શર્દી સાથે છાતીનું રૂંધન અને વાયુનું જોર વધારે હોય. મંગળની હોરા બેઠી હોય, તો ઉત્પાત અને ગભરાટ ઉત્પન્ન કરે. બુધની હોરા બેઠી હોય, તો અજીર્ણ પીડા થાય, અને પાચન ક્રિયા મંદ થાય. ગુરૂની હોરા હોય, તો વા ગરમી કરે અને રોગ સમજાય નહીં. શુક્રની હોરા બેઠી હોય, તો વાયુ તથા શર્દી કરે. શનિની હોરા બેઠી હોય તો રોગીનો નાશ થાય કે તે મરણતોલ આજારી બને.


વાસ્તુના કામમાં લેવાતાં નક્ષત્ર, તિથી અને વાર.

અશ્વિની, ઉત્તરાભાદ્રપદા, ઉત્તરાષાઢા, ઉત્તરાફાલ્ગુની, હસ્ત, ચિત્રા, સ્વાતી, અનુરાધા, જ્યેષ્ઠા, પૂષ્ય, મૃગશીર્ષ અને રોહિણી એટલાં નક્ષત્રો સારાં છે; તેમજ પૂર્ણ તિથી (પાંચમ, દશમ, અને પૂર્ણિમા), નંદા તિથી (પ્રતિપદા, ષષ્ટિ અને એકાદશી) એટલી તિથીઓ તથા ચંદ્ર, બુધ, ગુરૂ, શુક્ર અને શનિ એટલા વાર સારા છે. બાકીના રવિ અને મંગળ સારા નથી; તેમજ વૈધૃત, શૂલ, ગંડ, પરિઘ, વ્યાઘાત અને વજ્ર એટલા યોગો સારા નથી; અને શનિવાર પણ નાગના શરીરમાં છે તેથી કેટલાએકે વર્જિત કરેલો છે.

નાવ અથવા વ્હાણ ઘડવાના મુહૂર્તનાં નક્ષત્રો.

હસ્ત, શતભીષા, ધનિષ્ટા, જ્યેષ્ટા, ઉત્તરા ફાલ્ગુની, ઉત્તરાષાઢા, ઉત્તરાભાદ્રપદા, રેવતી, અનુરાધા અને પૂષ્ય એટલાં નક્ષત્રો વ્હાણ ઘડવામાં સારાં છે.

द्वारचक्र.



चोविस होराओनुं

का'क ५.५.सुं.

[illegible]	रवी.	चंद्र.	मंगल	बुध.	गुरु	शुक्र.	शनि.
सूर्योदय	सूर्य.	चंद्र	मंगल	बुध.	गुरु	शुक्र.	शनि.
थीने	शुक्र.	शनि.	सूर्य.	चंद्र.	मंगल.	बुध.	गुरु.
	बुध.	गुरु.	शुक्र	शनि.	रवि.	चंद्र.	मंगल.
	चंद्र.	मंगल.	बुध.	गुरु.	शुक्र	शनि.	रवि
मध्यान्ह	शनि.	रवि.	चंद्र.	मंगल.	बुध.	गुरु.	शुक्र
सुधी.	गुरु	शुक्र.	शनि.	रवि.	चंद्र.	मंगल.	बुध.
मध्यान्ह	मंगल	बुध.	गुरु	शुक्र	शनि.	रवि.	चंद्र.
थीने	रवि.	चंद्र.	मंगल	बुध.	गुरु	शुक्र	शनि.
	शुक्र	शनि.	रवि.	चंद्र.	मंगल	बुध.	गुरु.
सायं-	बुध.	गुरु.	शुक्र	शनि.	रवि.	चंद्र	मंगल.
काल	चंद्र.	मंगल	बुध.	गुरु.	शुक्र.	शनि.	रवि.
सुधी.	शनि.	रवि.	चंद्र.	मंगल	बुध	गुरु.	शुक्र.
साय	गुरु.	शुक्र.	शनि.	रवि.	चं[illegible]	मंगल	बुध.
काल	मंगल	बुध.	गुरु.	शुक्र.	शनि	रवि	चंद्र.
थीने.	रवि.	चंद्र.	मंगल.	बुध.	गुरु.	शुक्र.	शनि.
अर्धरा	शुक्र.	शनि.	रवि.	चंद्र.	मंगल.	बुध.	गुरु.
त्रीसु-	बुध.	गुरु.	शुक्र.	शनि.	रवि.	चंद्र.	मंगल.
धी.	चंद्र.	मंगल	बुध.	गुरु	शुक्र	शनि.	रवि.
अर्धरा	शनि.	रवि.	चंद्र	मंगल	बुध.	गुरु.	शुक्र
त्रीथी	गुरु.	शुक्र	शनि.	रवि.	चंद्र	मंगल.	बुध.
ने	मंगल	बुध.	गुरु.	शुक्र.	शनि.	रवि.	चंद्र.
प्रातः	रवि.	गुरु.	शुक्र.	शनि	रवि.	चंद्र.	मंगल
काल	शुक्र.	शनि.	रवि.	चंद्र	मंगल.	बुध.	गुरु.
सुधी	बुध.	गुरु.	शुक्र.	शनि.	रवि.	चंद्र.	मंगल.

સૂર્યના મહા નક્ષત્રથી ચાર નક્ષત્ર દ્વાર (બારણા) ઉપર મૂકવાં, બબ્બે નક્ષત્રો ચાર ખૂણા ઉપર મૂકવાં, શાખ તથા પ્રતિશાખે બબ્બે નક્ષત્રો મૂકવાં, દ્વારની હેઠળ ઉંબરે ત્રણ નક્ષત્ર મૂકવાં, અને દ્વારની મધ્યમાં ચાર નક્ષત્ર મૂકવાં. ઉપરના ઉતરંગના નક્ષત્રમાં દ્વાર મૂકવામાં આવે તો રાજ્ય પ્રાપ્ત થાય, ચારે ખૂણના નક્ષત્રમાં દ્વાર મૂકવામાં આવે તો દેશપાર અથવા મૃત્યુ થાય, બંને તરફની શાખો તથા પ્રતિશાખોનાં નક્ષત્રમાં દ્વાર મૂકવામાં આવે તો લક્ષ્મી મળે, નીચેના ઉંબરાના નક્ષત્રમાં દ્વાર મૂકવામાં આવે તો મૃત્યુ થાય, અને દ્વારના મધ્યના નક્ષત્રમાં દ્વાર મૂકવામાં આવે તો સૌખ્યની પ્રાપ્તિ થાય છે, તેથી સુજ્ઞજનોએ નિરંતર દ્વારચક્ર જોઈ દ્વાર મૂકવું.

ગૃહપ્રવેશ.

ઘર તૈયાર થયા પછી ઘણો વખત વિલંબ ન કરતાં ઉતાવળે પ્રવેશ કરવો, કારણ કે પ્રવેશ કર્યા વગર ઘર ખાલી રહે તો તેમાં ભૂત, પ્રેતાદિ સ્થિર વાસ કરી દે છે, માટે જલદીથી પ્રવેશ કરવો.

ઉત્તરાયણના સૂર્યમાં શુભ દિવસે રોહિણી, શ્રવણ, પુષ્ય, ચિત્રા, સ્વાતિ, ઉત્તરાષાઢા, ઉત્તરા ફાલ્ગુની, ઉત્તરા ભાદ્રપદા, મૃગશીર્ષ, ધનિષ્ટા, રેવતી, અને અનુરાધામાં ગૃહપ્રવેશ સારો છે, અને રિક્તા તિથી (૪,૮,૯,૧૪), રવિ અને મંગળવાર, પ્રવેશનાં કામમાં સારાં નથી, માટે તે તજવાં. સૂર્યના મહા નક્ષત્રથી દિનિયા નક્ષત્ર સુધી ગણવું; તેમાં પે'લાં ચાર નક્ષત્રમાં ઉદ્વેગ થાય, બીજાં ચારમાં દ્રવ્યલાભ થાય, ત્રીજાં ચારમાં શ્રેય થાય, ચોથાં ચારમાં ક્લેશ થાય, પાંચમાં ચાર નક્ષત્રમાં ગર્ભનો નાશ થાય, છઠ્ઠાં ત્રણ નક્ષત્રમાં સ્થિર વાસ થાય અને સાતમાં ચાર નક્ષત્રમાં સુખ થાય છે.

શુભ દિવસે, શુભ શકુનમાં, સ્થિર લગ્ન અને નવમાંશમાં, લગ્ન તથા ચંદ્રન બળમાં, લગ્નમાં પોતાની રાશિમાં, કેન્દ્ર (ચોથા, સાતમા, દશમા, અને પે'લા) માં, અને ત્રિકોણ (નવમા તથા પાંચમા) માં, સૌમ્ય ગ્રહો (બુધ, ગુરૂ, શુક્ર અને ચંદ્ર) રહ્યા હોય, અને બાકીના ગ્રહો કેન્દ્રસ્થાન, આઠમા અને બારમા સ્થાન વગર બીજાં સ્થાનોમાં રહ્યા હોય, અથવા તો સઘળા ગ્રહો ત્રીજા, છઠ્ઠા, અને અગિયારમા સ્થાનમાં રહેલા હોય તે વખતે પ્રવેશ કરવો શુભ છે.

દરેક નક્ષત્રોને લાયક કરવાનાં શુભ કાર્યો.

અશ્વિની—એ નક્ષત્ર વર વહુને પ્રથમ ઘેર બોલાવવા માટે તેમજ નવી ઇમારતોનો પાયો વગેરે નાંખવા માટે શુભ છે. પણ રાજા અથવા અમીર ઉમરાવ જેવા મોટા માણસોની પ્રથમ મુલાકાત કે ઓળખાણ કરવાને માટે, નવા ચાકર સારૂ, નવા પોશાક સારૂ, પ્રથમ વેપારને અર્થે, કંઈ ક્રય વિક્રયના

કામ માટે, નવી દુકાન કરવાને, નવી ખેતીવાડી સારૂ, અથવા વ્હાણની સફર અર્થે તે અનુકૂળ નથી; એટલે કે તેમાં તે નિષેધ કરેલાં કાર્યો કરે તો કરનારને હાનિ પ્હોંચે.

ભરણી—એ નક્ષત્રમાં કોઈની પણ સાથે નવી મુલાકાત કે ઓળખાણ પિછાણ કરવી ફાયદાકારક છે. પણ નવા પોશાકના સંબંધમાં તથા નવો ચાકર રાખવામાં તે નક્ષત્ર નુકસાનકારક છે.

કૃત્તિકા—આ નક્ષત્ર દરેક કામ માટે શુભ અને લાભકારક છે.

રોહિણી—આ નક્ષત્ર શત્રુ સંગ્રામને અર્થે, નવું ઘર બાંધવાને કે નવીન ઘરનું વાસ્તુ કરવાને માટે, તેમજ સીમંત, લગ્ન વગેરે કાર્ય માટે શુભ અને સુખદાયક છે. પણ અન્યના સંબંધમાં હાનિકારક ગણાય છે.

મૃગશીર્ષ—આ નક્ષત્રમાં જે કાર્ય આદરે, તે નિરવિઘ્ન સફળ થાય.

આર્દ્રા, પુનર્વસુ, મઘા, પૂર્વા ફાલ્ગુની, હસ્ત, સ્વાતી, અનુરાધા, મૂળ, ધનિષ્ઠા, પૂર્વા ભાદ્રપદા અને રેવતી—આ બધાં નક્ષત્રોને દિવસે જે નવું કામ કરે તેમાં યશ સહિત લાભની પ્રાપ્તિ થાય.

પુષ્ય, ઉત્તરા ફાલ્ગુની, ચિત્રા, વિશાખા, જ્યેષ્ટા, ઉત્તરાષાઢા, શ્રવણ અને શતતારકા—આ નક્ષત્રો દરેક શુભ કાર્ય માટે મધ્યમ ગણેલાં છે અને તેથી તેમની અંદર તે કામો કરવાં ઇષ્ટ નથી. જ્યોતિષશાસ્ત્રીઓ પુષ્ય નક્ષત્રને દરેક શુભ કાર્યના સંબંધમાં જોકે અનુકૂળ અને ઉત્તમ ગણે છે, તેમ છતાં તે નક્ષત્ર જાતે નપુંસક હોવાથી લગ્ન કરવા માટે પ્રતિકૂળ છે.

અશ્લેષા—આ નક્ષત્ર બાળકોને પ્રથમ નિશાળે બેસાડવા માટે ઉત્તમ અને શુભ છે.

આશ્વિની, રોહિણી, પુનર્વસુ, પુષ્ય, ઉત્તરા ફાલ્ગુની, હસ્ત, ચિત્રા' સ્વાતી, વિશાખા, અનુરાધા, ઉત્તરાષાઢા, ધનિષ્ઠા, ઉત્તરા ભાદ્રપદા અને રેવતી-એ નક્ષત્રોમાંથી હરેક નક્ષત્ર, અને સોમ, બુધ, ગુરૂ અને શુક્ર એમાંનો હરેક વાર આવે, તો તે દિવસે શુભ ચોઘડિયામાં વહુ વરની આદરણી થઈ શકે.

અશ્વિની, હસ્ત, ચિત્રા, સ્વાતી, વિશાખા, અનુરાધા, ધનિષ્ઠા, અને રેવતી—આ નક્ષત્રોમાંથી કોઈ પણ નક્ષત્રને દિવસે મંગળ, ગુરૂ અને રવિ એમાંનો ગમે તે વાર હોય, તો દિવસે સારા ચોઘડિયામાં નવાં કપડાં, સોના રૂપાના નવીન અલંકારો, નવો ચૂડો, અને સીમંત વગેરે શુભ કામો કરવાં સારાં છે.

રોહિણી, મૃગશીર્ષ મઘા, ઉત્તરા ફાલ્ગુની, હસ્ત, સ્વાતી, અનુરાધા, મૂળ, ઉત્તરાષાઢા, ઉત્તરા ભાદ્રપદા, અને રેવતી—એ નક્ષત્રોમાંથી ગમે તે એક નક્ષત્ર, અને માર્ગશીર્ષ, માઘ, ફાલ્ગુન, વૈશાખ, અને જ્યેષ્ટ એમાંનો ગમે તે મહીનો હોય તો તે દિવસે વૈશાળ કરવું ઇષ્ટ અને ઉત્તમ છે. પણ

ગુરૂ અથવા શુક્રનો જેટલા દિવસનો અસ્ત હોય, તેટલા દિવસ લગ્ન કરવાનો નિષેધ કર્યો છે. સિંહ રાશિનો ગુરૂ થાય તેને સિંહસ્થનું વરસ કહે છે, અને તેમાં લગ્ન કે તેવું કંઈ શુભ કામ કરવાને મના કરેલી છે.

મૃગશીર્ષ, અશ્વિની, પુનર્વસુ, પુષ્ય, મઘા, અભિજિત, હસ્ત, પૂર્વાષાઢા, અને અનુરાધા—એ નક્ષત્રોમાંથી હરેક નક્ષત્રને દિવસે રવિ, ગુરૂ, અને ભોમ એમાંનો ગમે તે વાર આવે, તો સીમંતનો ખોળો ભરે. તેમ છતાં છટ્ઠો તથા આઠમો માસ, અને ચોથ, નોમ અને ચૌદશ, એટલી તિથીઓ તે શુભ કાર્યના સંબંધમાં વર્જ્ય કરવી.

અશ્વિની, મૃગશીર્ષ, પુષ્ય, મઘા, હસ્ત, ચિત્રા, સ્વાતી, વિશાખા, મૂળ, ધનિષ્ઠા, અને રેવતી—આ નક્ષત્રોમાંથી હરેક નક્ષત્રને દિવસે રવિ, ગુરૂ, અને મંગળ એમાંનો ગમે તે વાર આવે, તો તે દિવસે ઘરઘરણું અથવા નાતરૂં કરવું ઇષ્ટ એટલે શુભ છે.

મુહૂર્તના સંબંધમાં વળી આ હકીકત ધ્યાનમાં રાખવાની છે કે જે નક્ષત્રોમાં જે શુભ કામ કરવાને ઉપર કહ્યું, તેમાં તે કરવાનાં છે. પણ પોતાની રાશિએ ઘાત ચંદ્ર, તથા ૪થો, ૮ મો અથવા ૧૨ મો ચંદ્ર શુદ્ધમાં હોય, તથા વિષ્ટિ હોય, અગર વ્યતિપાત, વૈધૃત, મૃત્યુયોગ કે યમઘંટ યોગ હોય, તો તે સઘળો દિવસ તજવો. વિષ્કંભ તથા વજ્ર યોગની પે'લી સાત ઘડી, શૂળ યોગની પે'લી છ ઘડી, અતિગંડ યોગની પે'લી સાત ઘડી, ઘાત યોગની પે'લી નવ ઘડી, તથા પરિઘ યોગની પે'લી ત્રિશ ઘડી તજવી.

શુકન તથા અપશુકન વિષેની સમજ.

વ્યવહારને અર્થે ઘરમાંથી બહાર નિકળતાં કે પરદેશ જતાં, અથવા વરઘોડો કા'ડતાં કે શત્રુ ઉપર ચ'ડાઈ કરવાને ગામ બહાર નિકળતાં જો નીચે દર્શાવેલા પદાર્થો વગેરે સામા મળે, તો તે શુકન થયા એમ ગણાય છે:—બ્રાહ્મણ, ગાય, ફળ, ફૂલ, દૂધ, મોતી, માણેક, વેશ્યા, હસ્તિ, છત્ર, ચમ્મર, ધૂમ વિનાનો અગ્નિ, દારૂ, માંસ, મીન અથવા માછલું, તલવાર, ઢાલ, બંદુક, કટારે, આદર્શ, કન્યા, મૃગ, નકૂલ, ચાસ, કળા ચ'ડાવેલો મોર, કેડે બાળકવાળી સુવાસણ સ્ત્રી, ગાતી બાયડીઓ, વાજિંત્ર, અમર, અને ધોયલાં વસ્ત્રોની ગાંસડી ઉંચકનારો ધોબી. આ ઉપરાંત શુકનના બીજા અસંખ્ય પદાર્થો છે. પરંતુ નીચેના પદાર્થો અપશુકન તરીકે મનાય છે:-લાકડાં, ચામડું, ઘાસ, છોડ, ધુમાતો અગ્નિ, તેલ, ગોળ, વંઝા, શત્રુ, ટંટો કરનારાઓનું ટોળું, કપાળમાં ચાંલ્લો કરેલો નહીં હોય એવી સુવાસણ સ્ત્રી, છાકટો, તેલના મર્દનવાળો, હીઝડો, હલાલખોર, તક્ર, કાદવ, ભીનાં કપડાં, યોગી, ગોસાંઈ, વિરાગી, ફકીર, સન્યાસી, શેવડો વગેરે, અડદ, શેર, મુનદો, કંગાળ, બેરીકરો, ઘેલો, ઇત્યાદિ.

उपसंहार.

इतीरितं मया ह्यत्र लोकानां हितकाम्यया ।
यदि तत्राप्यशुद्धं चेच्छुद्धं कुर्वन्तु सर्वदा ॥९०॥
अथ किं बहुनोक्तेन विज्ञेयं धीमताखिलम् ।
क्षन्तव्यो ह्यपराधो मे विज्ञैर्विदुषां प्रति ॥ ९१ ॥

આ પ્રમાણે મેં લોકોના હિત માટે લખેલું છે; જો તેમાં પણ કંઈ અશુદ્ધ હોય તો તેને હમેશ શુદ્ધ કરો. બહુ કહેવું શું. એ ઉપરથી બુદ્ધિમાને સમજી જાણી લેવું અને જે મારો અપરાધ થયો હોય તે ક્ષમા કરવો એવી મારી પંડિતો પ્રત્યે વિનંતી છે.

स्वस्ति श्री नृपशालिवाहनशके शैलेन्द्रिभा भूमिते
मासे भाद्रपदे शिवेन धवले पक्षे शुभे वासरे ।
भौमे भूततिथौ गजाननवरादाद्य समाप्तीकृतम्
मध्याह्ने लघुशिल्पज्योतिषभवं साराख्यकं पुस्तकम् ॥ ९२ ॥

સ્વસ્તિ શ્રી નૃપ શાલિવાહનશક ૧૮૧૭ માં ભાદ્રપદ માસ શુક્લ પક્ષમાં શુભ ચતુર્દશી અને મંગળવારને દિવસે મધ્યાહ્ન વખતે શ્રી ગણપતિની કૃપા થકી મેં શિવલાલે આ લઘુશિલ્પજ્યોતિષસાર નામનું પુસ્તક સમાપ્ત કર્યું છે.

અસ્તુ શ્રીઃ